भूमिपुत्र
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

**Vol. 073 Issue No. 16 Date : 01-05-2026**

## આ અંકમાં

| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૧૨) |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૪ | મહાત્મા ગાંધી અને શ્રીઅરવિંદ પુસ્તક લેખમાળા - ૧૨ : નિષ્કર્ષ |
| પરાગ ચોલકર, અનુ. ભદ્રા સવાઈ | ૦૮ | ભૂદાન યજ્ઞ : ગઈકાલ, આજ અને આવતીકાલ (૨) |
| હરેશ ધોળકિયા | ૧૦ | તોપોના ધડાકા વચ્ચે બંસરી વાદન! |
| ઉલ્હાસ જાજુ | ૧૨ | રચનાત્મક કાર્યક્રમોની મર્યાદાઓ |
| સંકલિત | ૧૫ | યુદ્ધ ક્યારેય વાજબી હોઈ શકે નહીં |
| સાહિર લુધિયાનવી, અનુ. કિરણ શીંગ્લોત | ૧૬ | રક્ત પારકું હોય કે પોતાનું...... |
| સોનલ ભટ્ટ | ૧૭ | ધરતી કી બાની હેલિયોં કી જુબાની |
| હિરલ સવાઈ | ૧૮ | સ્વેચ્છા |
| જગદીશ પટેલ | ૨૦ | ભારતમાં એંજીનીયર્ડ સ્ટોનનું ઉત્પાદન : સિલિકોસીસના જોખમ માટેનું નવું સરનામું |
| હિદાયત પરમાર | ૨૨ | ખાન અબ્દુલ ગફ્ફારખાન (બાદશાહખાન) : અહિંસા, એકતા અને માનવતાનો જીવનપ્રવાસ |
| અશ્વિન ન. કારીઆ | ૨૩ | સમાન નાગરિક સંહિતા ઘડવા માટેનો સમય |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ધ્યેય |

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
**Vol.73 Issue No.16 1956 Date : 1-05-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૧૨)

❍ વિનોબા ❍

### આત્મશક્તિ

આપણે આત્માની શુદ્ધ શક્તિ પ્રગટ થાય તે માટે પ્રાર્થના કરીએ છીએ. આપણે પ્રાર્થના દ્વારા બહારથી પરમાત્માની શક્તિ લઈને આપણી આત્મશક્તિને બળવાન બનાવીએ છીએ. ભોજન એ શરીરની ક્રિયા છે, જ્યારે પ્રાર્થના એ આત્માની ક્રિયા છે. સહભોજન કરતાં સહભજન શ્રેષ્ઠ છે. જીવાત્મા માટે પ્રાર્થના એ ઘણી મહત્ત્વની અને ગહન વસ્તુ છે. પ્રાર્થના એક આત્મિક ક્રિયા છે, જેના દ્વારા કોઈ પણ માણસે એકાંતમાં આત્મપરીક્ષણપૂર્વક પ્રાર્થના કરતા રહેવી જોઈએ. આપણે કર્મને એટલું બધું મહત્ત્વ આપતા હોઈએ છીએ કે કર્મ છોડીને પ્રાર્થનામાં પણ આવતા નથી, કારણ કે પ્રાર્થનામાં કંઈ ઉત્પાદન થતું નથી. પરંતુ પ્રાર્થના વગરનો દિવસ પસાર થશે, તો સમજવું કે એ દિવસે આપણે આત્મહત્યા કરી લીધી. જેમને આત્મામાં ડૂબકી લગાવવાનો અનુભવ છે, એમને પ્રાર્થનામાં શાંતિનો અનુભવ આવી શકે છે. આવા અનુભવ માટે થોડો અભ્યાસ અને થોડી શ્રદ્ધાની જરૂર હોય છે. એકાંતમાં બેસીને પોતાના અહંકાર, મમતા, મોહ વગેરેને છોડી દઈને પરમેશ્વરમાં ડૂબી જવામાં, આત્માના ઊંડાણમાં લીન થઈ જવાની કોશિશ કરવામાં પ્રાર્થનાનું રહસ્ય છુપાયેલું છે.

ગાંધીજીની પણ આ વિશેષતા માનવામાં આવે છે કે એમણે સામાજિક, રાજનૈતિક સમસ્યાઓના નિરાકરણ માટે પોતાની આત્મિક શક્તિનો ઉપયોગ કરી દેખાડ્યો. વ્યક્તિગત જીવનમાં આત્મબળ સફળ થાય છે તે સમાજે સારી રીતે જોઈ-સમજી લીધું છે. પણ સામાજિક ક્ષેત્રમાં, વ્યાપક પરિણામમાં પણ આત્મિક શક્તિનો ઉપયોગ કરી શકાય છે, તે ગાંધીજીએ દુનિયાને બતાવ્યું.

સમાધિનો અર્થ છે મન અને બુદ્ધિનું પરમાત્મામાં લીન થઈ જવું. સમાધિમાં મન-બુદ્ધિ પરમાત્મામાં લીન થઈ જાય ત્યારે માણસના આત્માની શક્તિનો આવિર્ભાવ થાય છે. સમાધિ બાદ માણસનાં મન-બુદ્ધિ, કે જે આત્મશક્તિથી આવિર્ભૂત થઈ ગયાં છે, જે પવિત્ર થઈ ગયાં છે, તે આત્મશક્તિ આપણા વ્યવહારને પણ પવિત્ર કરશે.

આત્મશક્તિની કક્ષા પર ઈશ્વરશક્તિની કક્ષા નિર્ભર હોય છે.

### આત્મસ્મૃતિ

આત્મસ્મૃતિ અને સ્મરણશક્તિ વચ્ચે અંતર છે. આધ્યાત્મિક માર્ગમાં સ્મરણ-શક્તિનું મહત્ત્વ નથી. આધ્યાત્મિક માર્ગ પર બુદ્ધિ પર જેટલો બોજો ઓછો હશે એટલું સારું જ રહેશે. સ્મરણશક્તિની નબળાઈથી અથવા પ્રજ્ઞા ઓછી હોવાથી આધ્યાત્મિક માર્ગમાં કોઈ ખોટ આવવાની નથી, પરંતુ બુદ્ધિ શુદ્ધ હોય, ચિત્ત શુદ્ધ હોય એ જરૂરી છે. બુદ્ધિની પ્રખરતા-તેજસ્વિતા હોવી જ જોઈએ, એવી જરૂર નથી. આંખો નબળી પડી, શારીરિક શક્તિ નબળી પડી, તો એનાથી અધ્યાત્મમાં કોઈ ઊણપ આવતી નથી, અધ્યાત્મમાં ઊણપ ત્યારે આવશે, જ્યારે શુદ્ધિ ઓછી પડશે. સ્મરણશક્તિ એક બાહ્ય શક્તિ છે. આત્મસ્મૃતિનું આધ્યાત્મિક મૂલ્ય છે. કામક્રોધાદિને લીધે માણસ પોતાના શુદ્ધ સ્વરૂપને વિસરી જઈને, વિકારોના વેગમાં વહી જતો હોય છે. ગીતામાં આવા માણસને સ્મૃતિભ્રંશ કહ્યો છે. સ્મૃતિભ્રંશ એ બહુ મોટો દોષ છે. સ્મરણશક્તિની ક્ષીણતા એ ખૂબ નાની વાત છે.

સ્મૃતિ એટલે અનુભૂત વિષયોના સંગ્રહ-યોગ્ય સાર બુદ્ધિમાં સંચિત કરવાની શક્તિ. દરેકમાં થોડેઘણે અંશે આ સ્મૃતિ હોય છે. આધ્યાત્મિક સ્મૃતિ આનાથી અલગ છે. જે પણ કંઈ અનુભૂત વિષયો છે, એ બધાને બુદ્ધિમાં સંગ્રહિત કરવાની જરૂર નથી. સંગ્રહ કરવાયોગ્ય સાર સંગ્રહિત કરવો, એનો અર્થ થાય કે સ્મૃતિ સિલેક્ટિવ હોવી જોઈએ. જે યાદ રાખવાયોગ્ય નથી, તેને ભૂલી જવું, તેની વિસ્મૃતિ કરવી. આ બંને મળીને સમ્યક્ સ્મૃતિ બને છે. આના માટે આપણામાં અક્કલ હોવી જોઈએ કે શું યાદ રાખવાનું છે, શું ભૂલી જવાનું છે. अहं आत्मा – આ સ્મૃતિ આધ્યાત્મિક દૃષ્ટિએ જરૂરી છે. દારૂ પીને માણસ ભાન ખોઈ બેસે છે, આ છે માણસનો સામાન્ય નાશ. પણ 'હું આત્મા છું' – આ ભાન ન રહેતું હોય તો આને સ્મૃતિનાશ કહેવાય. સ્મૃતિનાશ ખૂબ ભયંકર છે અને તે કામ-ક્રોધ-મોહને લીધે થાય છે. સંગ્રહ કરવાયોગ્ય સાર યાદ રાખવાની સ્મૃતિ પણ સારી વાત છે. પરંતુ 'હું આત્મા છું,' આ આત્મસ્મૃતિ રાખવી એ મુખ્ય વાત છે.

સ્થિતપ્રજ્ઞ-લક્ષણમાં સ્મૃતિભ્રંશની વાત કહેવામાં આવી છે. એમાં સ્મૃતિભ્રંશનો અર્થ સ્મરણશક્તિનો અભાવ નથી. પરંતુ એનો

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અર્થ બતાવવામાં આવ્યો છે કે સ્વરૂપને ભૂલી જવું, આત્મતત્ત્વને ભૂલી જવું. એક બાપ એના દીકરાને ખૂબ પ્રેમ કરે છે. અને એની ઇચ્છાપૂર્તિ માટે ચોરી પણ કરે છે. અને ત્યારે તે સાવ ભૂલી જાય છે કે એની પાસે પિતાના કર્તવ્ય સિવાય બીજાં પણ કર્તવ્યો છે. તે પોતાના મનુષ્યત્વને અને આત્મતત્ત્વને ભૂલી જાય છે. ગીતા આને જ સ્મૃતિભ્રંશ કહે છે. આપણું સર્વપ્રથમ કર્તવ્ય એ જ છે કે પોતાની જાતને ઓળખવી. બાકી જ્ઞાનનો તો કોઈ પાર જ નથી. દુનિયાભરનું જ્ઞાન મેળવ્યું, પરંતુ પોતાના સ્વરૂપ વિષે કંઈ જ ન વિચાર્યું, તો સમ્યક્જ્ઞાન મળશે નહીં. ગીતા કહે છે કે જે કોઈએ પણ આ નિર્ણય કરી લીધો કે હું શુદ્ધ આત્મ-સ્વરૂપ છું, એનો આ નિર્ણય ઘણો ઉત્તમ હશે. પોતાના શુદ્ધ આત્મ-સ્વરૂપને જાણવું એ જ સ્મૃતિ છે. અને એને ભૂલી જવું તે સ્મૃતિભ્રંશ છે. મોહને લીધે સ્મૃતિભ્રંશ થાય છે. મન ઇંદ્રિયોને વશ થઈ જાય છે અને પછી બુદ્ધિમાં મોહ પેદા કરે છે, અને આમ થવાથી બુદ્ધિની નિર્ણય કરવાની શક્તિ નાશ પામે છે. આમ પહેલાં મોહ, પછી સ્મૃતિભ્રંશ અને છેલ્લે બુદ્ધિનાશની પ્રક્રિયા થાય છે.

ગીતાના સ્થિતપ્રજ્ઞના લક્ષણમાં કહેવાયું છે કે, 'संमोहात् स्मृतिविभ्रमः । અહીં 'સ્મૃતિ' શબ્દનો અર્થ સાધારણ 'સ્મરણ-શક્તિ' ન કરી શકાય. તે તો મામૂલી નજીવી સ્મરણ-શક્તિ છે, જેને અંગ્રેજીમાં 'મેમરી' કહે છે. અને તર્કશક્તિની સાથે જેના વિકાસ માટેનો પ્રયત્ન પાઠશાળાઓમાં કરવામાં આવે છે. એ સાચું છે કે વ્યવહારમાં મનુષ્યનું આવું ભૂલવાપણું ન જ ચાલી શકે. એની યાદશક્તિ એકદમ પાકી હોવી જોઈએ. તમોગુણમાં રચ્યોપચ્યો રહેનાર માણસ ભુલક્કડ થઈ જાય છે. એનાથી તે વ્યવહાર કરવામાં કુશળ રહેતો નથી. માણસમાં આટલો બધો તમોગુણ ન હોય તો તે વ્યવહારોપયોગી સ્મરણ રાખી શકે છે. બસ એટલું જ સામાન્ય સ્મરણશક્તિનું કામ છે. આવી સ્મરણ-શક્તિ દ્વારા કોઈ પણ હૃદય-ગ્રંથિ ખોલવાની અપેક્ષા ન રાખી શકે. ઉપનિષદ-ગીતાએ જે સ્મૃતિનો ઉલ્લેખ કર્યો છે તે શક્તિની નહીં, બલ્કે ચિત્તની એક અવસ્થાની વાત કહે છે. ચિત્તની આ અવસ્થામાં આત્માનું નિત્ય સ્મરણ રહેવું એનું સ્વરૂપ છે. જ્યારે આત્માનું નિત્ય સ્મરણ રહે છે ત્યારે બીજા સંસ્કારો ચિત્ત પર ભલે ને ગમે તેટલા હુમલાઓ કરે, તે સંસ્કારોની અસર ચિત્ત પર રહેતી નથી. એ સંસ્કારોના હુમલાઓનો મુકાબલો કરવા માટે જે બુદ્ધિની પાસે આત્મસ્મૃતિ રૂપી ઢાલ સતત રહે છે, એના માટે આત્મદર્શન થવું ચોક્કસ શક્ય છે.

આનાથી ઊલટું, જે મનુષ્યમાં આત્મ-વિસ્મરણ છે, તેના ચિત્ત પર બહારના સંસ્કારો પડ્યા જ કરે છે. પરંતુ જ્યારે મન પર આત્મ-સ્મૃતિનો અખંડ જાગ્રત પહેરો રહેતો હોય છે, ત્યાં બીજા સંસ્કારો પડવાનો કોઈ ભય રહેતો નથી, અને આવો માણસ જો ચાર રસ્તે ચોરાહા પર બેસી જાય, તો પણ તે પોતાના સ્થાન પર સ્થિત રહે છે. એને ક્યાંય ડર લાગતો નથી. તે રક્ષણથી પર થઈ જાય છે. જે માણસ આત્મસ્મૃતિમાં નિરંતર જાગ્રત હોય છે તેને પોતાના માટે બચાવની કે રક્ષણની જરૂર જ પડતી નથી. સાધારણ ચિત્તની સુરક્ષા માટે સામાન્ય રીતે નીતિશાસ્ત્રના નિયમોની વાડ જરૂરી હોય છે, પરંતુ તે સ્થિતિ અહીં નથી. જ્યારે પણ આત્મ વિસ્મરણ થઈ જાય છે, ત્યારે તેની બુદ્ધિ બહારના આઘાતો માટે પાત્ર થઈ જાય છે. એટલા માટે એને બહારના બનાવટી સંરક્ષણની જરૂર આવી પડે છે. પણ આત્મસ્મૃતિના અભાવમાં તે બધાં સંરક્ષણનાં સાધનો નિરર્થક-વ્યર્થ પણ સાબિત થઈ શકે છે.

મનુષ્ય વારે વારે પોતાના આત્માને ભૂલતો રહે છે. રમતના મેદાન પર જઈને કહે છે કે હું તો ખેલાડી છું. યુદ્ધના મેદાન પર કહે છે કે હું તો યોદ્ધો છું. દીકરાને જોતાંની સાથે કહે છે કે હું તો બાપ છું. તે માણસ એકદમ ભૂલી જાય છે કે હું તો એકદમ શુદ્ધ રંગરહિત, ઉપાધિવર્જિત, પરિશુદ્ધ આત્મા છું. એ જે પરિસ્થિતિમાં જાય છે, એ રંગમાં રંગાઈ જાય છે. ગીતા કહે છે, स्मृतिभ्रंशाद् बुद्धिनाशः - અહીં સ્મૃતિભ્રંશનો અર્થ મામૂલી વિસ્મરણ થતો નથી, બલ્કે એ વાતનું વિસ્મરણ છે કે 'હું કોણ છું'. ઘણી બધી વાતોને યાદ કરવી તે 'સ્મૃતિ' નથી. હું અહીં જે કંઈ બોલું છું, તેને અક્ષરશઃ એવું ને એવું યથાવત્ બીજો કોઈ માણસ બેવડાવીને કહે તો હું એને જડ યંત્ર માનીશ. કેમ કે જે વસ્તુ ભૂલવાયોગ્ય છે, એને ભૂલી જવાની અને જે વસ્તુ યાદ રાખવાલાયક છે, એને યાદ કરવાની વિવેકશક્તિ તેનામાં નથી. સાચી સ્મૃતિમાં આ વિવેક ગૃહિત છે. અપેક્ષિત છે. અને વળી બધી વાતોને યાદ રાખીને નાહકનો બોજો શા માટે વેંઢારવો જોઈએ ? એમાંથી વિવેક દાખવીને કેટલીક વાતોને રાખી લેવી જોઈએ અને બાકીનું બધું છોડી દેવું જોઈએ.

આમ, ઉચિત સ્મરણ અને ઉચિત વિસ્મરણ મળીને સમ્યક્ સ્મરણશક્તિ થાય છે. એટલા માટે સ્થિતપ્રજ્ઞ-લક્ષણમાં સ્મૃતિનો અર્થ થાય છે - હું કોણ છું. એનું નિરંતર ભાન, 'આત્મા'નું નિરંતર ભાન. હું આ આખી સૃષ્ટિનો સાક્ષી છું. એ ભલે મારી પાછળ પડે. હું એના ચક્કરમાં ફસાવાનો નથી. કેમ કે હું પરિપૂર્ણ છું, મને કોઈ વાતની કમી નથી - આ ભાન જ સ્મૃતિ છે. અને પરિપૂર્ણ હોવા છતાં પણ જો

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૧૨) |
| ડૉ.અનુરાધા પ્રસાદ અનુ.રાજેન્દ્ર દવે | ૪ | નિષ્કર્ષ |
| પરાગ ચોલકર | ૮ | ભૂદાન યજ્ઞ : ગઈકાલ, આજ અને આવતીકાલ |
| હરેશ ધોળકિયા | ૧૦ | તોપોના ધડાકા વચ્ચે બંસરી વાદન ! |
| ડૉ. ઉલ્હાસ જાજુ | ૧૨ | રચનાત્મક કાર્યક્રમોની મર્યાદાઓ |
| સંકલિત | ૧૫ | યુદ્ધ ક્યારેય વાજબી હોઈ શકે નહીં |
| સાહિર લુધિયાનવી | ૧૬ | રક્ત પારકું હોય કે પોતાનું |
| સોનલ ભટ્ટ | ૧૭ | ધરતી કી બાની, હેલીયોં કી જુબાની |
| હિરલ સવાઈ | ૧૮ | સ્વેચ્છા |
| જગદીશ પટેલ | ૨૦ | ભારતમાં એંજીનીયર્ડ સ્ટોનનું ઉત્પાદન |
| લિખિતંગ | ૨૧ | વાચકોના પત્રો |
| હિદાયત પરમાર | ૨૨ | ખાન અબ્દુલ ગફ્ફારખાન |
| અશ્વિન કારીઆ | ૨૩ | સમાન નાગરિક સંહિતા ઘડવા માટેનો સમય |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ધ્યેય |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અપૂર્ણતાનો ભાસ થાય છે તો તે સ્મૃતિભ્રંશ છે. કોઈ એક રાજાને સ્વપ્નમાં દેખાય છે કે તે ભીખ માંગી રહ્યો છે, તો કહેવાશે કે તે પોતાનું રાજાપણું ભૂલી ગયો છે. બરાબર એવી જ દશા છે.

એવી રીતે મનુષ્ય જ્યારે પેતાનું ભાન ગુમાવી દે છે, ત્યારે એની બુદ્ધિ નાશ પામે છે. એટલે કે તેની બુદ્ધિ વિષયાધીન થઈ જાય છે. અને પોતાની મૂળ સ્થિતિ ખોઈ બેસે છે. બુદ્ધિ તો એકદમ સર્વપ્રકાશમય, સર્વપ્રભાવશાળી શક્તિ છે. વિચાર જેવી પ્રભા (તેજ), બીજા કશામાં નથી. માટે જ આત્માનું જ્ઞાન મેળવી લેવું, એ બુદ્ધિનું વિશિષ્ટ સામર્થ્ય છે; જ્યારે પણ બુદ્ધિ વિષયનિષ્ઠ બને છે, ત્યારે તે પોતાનું સામર્થ્ય ગુમાવી દે છે. જે બુદ્ધિએ આત્મનિષ્ઠા ગુમાવી દીધી છે, એ ભલે ગમે તેટલું તેજ પ્રદર્શિત કરે, હકીકતમાં આપણે સમજી લેવું જોઈએ કે બુદ્ધિએ પોતાનો નાશ કરી લીધો છે - बुद्धिनाशात् प्रणश्यति ।

મનુષ્યના અનેક જન્મોના સંચિત પૂર્વસંસ્કારો હોય છે. કાળમાં વેગ-ક્ષયનું સામર્થ્ય છે. જેમ જેમ સમય વીતતો જાય છે, તેમ તેનો ક્ષય થાય છે. સંસ્કારો છોડવા એટલા અઘરા નથી જણાતા, પણ તે સંસ્કારોની સ્મૃતિઓને ભૂલવી અઘરી જણાય છે. આ સંસ્કારોની સ્મૃતિને છોડવામાં જ આખી સાધના રહેલી છે. આપણા ચિત્ત પર જે પણ કંઈ સંસ્કાર પડેલા હોય છે - કોઈ વાક્યનો, શબ્દનો અથવા ધ્વનિનો - તે સ્મરણશક્તિને લીધે તાજો રહે છે. આમ, માણસ પાસે આ એક મોટી સમસ્યા છે કે સ્મૃતિ પર કેમ નિયંત્રણ મેળવવું. જે વસ્તુ ચિત્તમાં પેસી ગઈ છે, એને ત્યાંથી કેવી રીતે બહાર કાઢવી, ભૂલી જવી, આ એક સમસ્યા છે. વળી એને ભૂલવા માટે પ્રયત્ન કરવા છતાં તે વધુ ને વધુ પાક્કી થતી રહે છે. એટલા માટે સાધનામાં સૌથી અઘરું કાર્ય જે મારા અનુભવે મેં જોયું, તે છે સ્મૃતિઓને કાપી નાંખવી.

ખરાબ સંસ્કારોને હટાવવા માટે સારા સંસ્કાર પડે તેવા પ્રયત્નો કરવા. પણ સ્મૃતિ બદમાશી કરે છે કે તે સારા-નરસા બંને પ્રકારના સંસ્કારોના સ્મરણ રાખે છે. તે ખરાબ સંસ્કારોને હટાવતી નથી. યુવાવસ્થાએ બાળપણ હટાવી દીધું અને ઘડપણે જુવાની હટાવી દીધી. પણ બાળપણ અને જુવાનીનાં સ્મરણ કેવી રીતે હટાવી શકશે ? - એ સ્મરણો ભલે ને સારાં હોય કે ખરાબ હોય. એટલા માટે ગીતામાં સ્થિતપ્રજ્ઞ મનુષ્ય માટે ભાગવત્-સ્મરણની અને ભગવત્-ભક્તિની આવશ્યકતા કહેવામાં આવી છે. સાધકની સાધનામાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે આ ખરાબ સ્મૃતિઓને કેવી રીતે નિર્મૂળ કરી દેવી. સાધક માટે કુસંસ્કારોને દૂર કરવા એ એટલું મુશ્કેલ નથી જેટલું કુસ્મૃતિને દૂર કરવી. માણસને પ્રજ્ઞાની પ્રાપ્તિ તો જોઈએ જ, માટે એણે ખોટી સ્મૃતિઓને હટાવવી જ પડશે. કુસંસ્કારોને પ્રયત્નો દ્વારા દૂર કરી શકાય છે. અને આ જ તો મનુષ્યના પુરુષાર્થનો વિષય છે. કુસંસ્કારો દૂર કરવા માટે ભગવાન પાસે જવું જરૂરી નથી, એટલું કરવા માટે તો માણસ પાસે શક્તિ પડેલી જ છે. તે પ્રયત્નસાધ્ય છે. કુસ્મૃતિઓને દૂર કરવી એ જ અઘરી સમસ્યા છે. એટલા માટે તો ઈશ્વરની કૃપા મેળવવા આહ્‌વાન કરવું પડે છે. એટલા માટે 'युक्त आसीत मत्परः- આવો આદેશ ગીતા આપે છે. કેટલાક લોકોનું માનવું છે કે ઈશ્વર પર આધાર રાખવાથી માણસ પ્રયત્ન કરવાનું છોડી દે છે. પણ આવું નથી. ઈશ્વરનિષ્ઠામાં પ્રયત્નનો અભાવ નહીં, પરંતુ પ્રયત્નની પરાકાષ્ઠા રહેલી હોય છે. ઈશ્વરનિષ્ઠા માણસને શરૂઆતથી લઈને છેવટ સુધી મદદ કરે છે. પરંતુ મુખ્યત્વે સમજવાનું એ છે કે જે બાબતમાં ઈશ્વરનિષ્ઠાની મદદ વગર ચાલવાનું જ નથી, તે છે સ્મૃતિમાંથી મુક્તિ મેળવવી.

આપણે આપણી કુસ્મૃતિઓને દૂર કરી દેવાની છે અને શુભ-સ્મૃતિઓને પચાવવાની છે. અને આનો એક ઉપાય એ છે કે માણસને આત્મસ્મૃતિ ઉપલબ્ધ થઈ જવી જોઈએ. સામાન્ય રીતે એવું થતું હોય છે કે આપણા મનમાં અનેક સ્મરણ વસી ચૂક્યાં હોય છે. જેમ કે અમુકતમુક વ્યક્તિએ ઘણું સારું કાર્ય કર્યું અથવા તો વીસ વર્ષ પહેલાં મેં પણ ખૂબ સારું કામ કરેલું વગેરે. હવે આપણે આ બંને સારાં કાર્યોની સ્મૃતિને દૂર કરવાની નથી, પણ આપણે તે શુભ સ્મૃતિઓને હજમ કરવી જોઈએ અને પછી બરાબર જાણી-સમજી લેવું જોઈએ કે જે પણ કાંઈ શુભ કાર્ય થતાં હોય છે, એનો મૂળ આધાર ન તો 'હું' છું, ન તો બીજી કોઈ વ્યક્તિ છે, પરંતુ શુભ કાર્યો સદ્‌ગુણો દ્વારા પ્રેરિત થતાં રહે છે. અને તે બધા સદ્‌ગુણ આત્માનાં રૂપ છે. સારા કામની સ્મૃતિ એ આત્મસ્મૃતિ છે, ગુણ-સ્મૃતિ છે. આ દુનિયામાં જેટલાં પણ શુભ કાર્ય થતાં હોય છે, તે સત્ય, પ્રેમ, કરુણા વગેરે ગુણો દ્વારા થતાં હોય છે. અને આ ગુણો એ આત્માનું રૂપ છે. એટલા માટે જ એવાં કાર્યોની સ્મૃતિને હકીકતમાં આત્મસ્મૃતિમાં વિલીન કરી શકાય.

આપણે જો એવું માનતા હોઈએ કે આટલું સારું કામ મારું છે અને આટલું સારું કામ બીજા કોઈનું છે, તો અહંકાર આવી જશે. આટલાં સારાં કામ મારાં અને આટલાં સારાં કામ બીજા કોઈનાં, આવો ભેદ આવતાં આત્મસ્મૃતિ રહેશે નહીં. અને આને ગીતાની પરિભાષામાં સ્મૃતિભ્રંશ જ કહેવામાં આવશે. એટલે કે તે આત્મસ્મૃતિથી એકદમ જુદી વાત થઈ જશે. જો સારી સ્મૃતિઓ ગુણપ્રેરિત છે અને ગુણ આત્માના હોય છે - આ ભાન આપણને રહ્યું, તો આપણે ક્યારેય આત્મસ્મૃતિથી અલગ નહીં પડીએ. એટલા માટે શુભ સ્મૃતિઓને આત્મસ્મૃતિમાં ડુબાવી દેવાની છે.

આત્મસ્મૃતિ કેવી રીતે જાગૃત થાય ? તો કુસ્મૃતિ દૂર થાય અને શુભ સ્મૃતિઓ હજમ થઈ જાય. આત્મસ્મૃતિ જગાડવાનો એક ઉપાય આ પણ છે કે આપણે સારી-ખરાબ સ્મૃતિઓથી એકદમ અલગ થઈ જઈએ. આ પેચ છે અને આ પેચને તોડનાર પરમેશ્વરની કૃપા છે. એટલા માટે મત્પરઃ કહ્યું છે.

જ્યાં સ્મૃતિમાંથી મુક્તિ અને આત્મસ્મૃતિનો લાભ થાય છે, ત્યાં માણસને નિર્વાણ પ્રાપ્ત થાય છે. આમ આત્મસ્મૃતિ જોઈએ અને એના માટે ભગવત્‌કૃપા જોઈએ, અને એનાથી બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત થશે.

જૂનો દિવસ પસાર થઈ ગયો, આજે નવો દિવસ ઊગ્યો. એટલા માટે આપણે જૂનું યાદ કરવાની જરૂર નથી. કાલ સુધી જે પણ કાંઈ

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# નિષ્કર્ષ

ગાંધીજી અને શ્રીઅરવિંદે એક એવા આધ્યાત્મિક સમાજની કલ્પના કરી હતી, જેમાં બધા લોકો સુખી હોય અને જીવનમાં ક્યાંય દુઃખ ન હોય. ગાંધીજીએ રામરાજ્યની કલ્પના કરી હતી. તેઓ ઇચ્છતા હતા કે બધા પોતાના રાજ્યમાં સુખી રહે. ગાંધીજી ઈશ્વરને આ સૃષ્ટિના સર્વોચ્ચ માને છે. તેમના મતે જગતની અભિવ્યક્તિનું કારણ ઈશ્વર જ છે. તેઓએ ક્યારેય એ પ્રશ્ન પર વિચાર નથી કર્યો કે આ સંસાર કેમ છે અને તે કેવી રીતે ઉત્પન્ન થયો છે ? બલકે તેઓ એ જાણતા હતા કે આ જગત કેટલાક નિયમો અનુસાર ચાલે છે અને તેમાં એક વિકાસનો ક્રમ છે. જેમાં એ પ્રકટ થાય છે કે જગતનું કારણ છે અને એ કારણ ઈશ્વર છે. તેનું કારણ હતું - ગાંધીજીની ઈશ્વરમાં દૃઢ આસ્થા અને વિશ્વાસ. તેઓ માનવીને પણ ઈશ્વરની જ અભિવ્યક્તિ માનતા હતા. માનવીમાં એક આધ્યાત્મિક શક્તિ છે અને જેમ-જેમ તે અધ્યાત્મની નજીક પહોંચે છે તેમ-તેમ એ ઈશ્વરની સમીપ પહોંચી જાય છે. ગાંધીજી માને છે કે દરેક માનવીમાં સારાપણાનો એક અંશ છે અને જો તે સારાપણા-ગુણનો નિરંતર વિકાસ થતો રહે તો એક ખરાબ માનવી પણ સારો બની જાય છે. તેનાથી એમ જાણવા મળે છે કે દરેક માનવીમાં ઈશ્વરનો અંશ છે. ગાંધીજી એમ પણ માને છે કે સમાજ એક નૈતિક આધાર પર વિકસિત થયો છે, એક એવા સમાજની સ્થાપના કરવાનું તેમનું લક્ષ્ય છે કે જ્યાં શાંતિ અને આનંદ પ્રવર્તતાં હોય.

શ્રીઅરવિંદ એક આધ્યાત્મિક રાજકીય વિચારક છે. તેમના વિચાર અધ્યાત્મની સાથે ગાઢ રીતે જોડાયેલા છે. તેઓએ એક એવા આધ્યાત્મિક સમાજનું ચિત્ર રજૂ કર્યું છે, જેમાં વ્યક્તિ રાષ્ટ્રને ઈશ્વર માનીને પૂજા કરે છે અને રાષ્ટ્રીય સ્વતંત્રતા અને અખંડતતાનું રક્ષણ કરવાના હેતુસર હસતા-હસતા પોતાના પ્રાણ અર્પણ કરી દે છે. શ્રીઅરવિંદ માને છે કે જગત એક શક્તિની સૃષ્ટિ છે અને તે શક્તિ ખૂબ જ વિશિષ્ટ છે. તે શક્તિને તેમણે સચ્ચિદાનંદ ગણાવી છે.

શ્રીઅરવિંદ પરમ સત્‌ની અભિવ્યક્તિ 'સૃષ્ટિ'ને માને છે. જ્યારે માનવી અધ્યાત્મની ઊંચાઈ સુધી પહોંચે છે ત્યારે તેનો આધ્યાત્મિક વિકાસ થાય છે. આ સૃષ્ટિ કેમ ઉત્પન્ન થઈ, તેનું કારણ જણાવતાં તેઓ કહે છે કે, આ સૃષ્ટિ માયાના કારણે ઉત્પન્ન થઈ છે. અને તેમાં એક નિયમ છે. તે નિયમને તેઓ 'માયા' કહે છે અને એ માયારૂપી શક્તિનું જ પ્રતીક છે - સચ્ચિદાનંદ. શ્રીઅરવિંદે પોતાના વિચારોમાં 'અતિમાનસ'ને ઉચ્ચ સ્થાન આપ્યું છે અને તેઓ 'અતિમાનસ'ને એક એવી શક્તિ માને છે કે જે વિશ્વ, જ્ઞાન અને અજ્ઞાન વચ્ચેની કડી છે. વિશ્વમાં જે કંઈ છે તેનો આધાર દૈવી સદ્‌વસ્તુ છે. જીવન બધે જ જન્મ, વૃદ્ધિ અને મૃત્યુના રૂપમાં આગળ વધે છે, દિવ્ય જીવન જ માનવજીવનનું લક્ષ્ય છે. શ્રીઅરવિંદ માને છે કે ધરતી પર દિવ્ય જીવન આધ્યાત્મિક ક્રિયા-કામગીરીથી લાવી શકાય છે. તેઓએ 'દિવ્ય પુરુષ'નો વિચાર આપ્યો છે. તેમને શ્રદ્ધા છે કે વિકાસના ક્રમમાં દિવ્ય પુરુષનો અભ્યુદય થશે અને માનવી દિવ્યતાને પ્રાપ્ત કરશે. જે રીતે માનસ અતિમાનસના સ્તર સુધી વિકસિત થાય છે, એ જ રીતે માનવી દિવ્ય પુરુષના સ્તર સુધી વિકસિત થશે ત્યારે દિવ્ય જીવનની પ્રાપ્તિ થશે. એવી સ્થિતિમાં વ્યક્તિ જ્ઞાન-પુરુષ થઈ જાય છે. આ રીતે શ્રીઅરવિંદનું લક્ષ્ય માનવનો પૂર્ણ વિકાસ છે.

માનવીના સ્વભાવના સંબંધમાં ગાંધીજી અને શ્રીઅરવિંદે ગંભીરતાથી વિચાર કર્યો છે. કહેવાય છે કે આ જગતમાં માનવીથી વધીને શ્રેષ્ઠ કશું જ નથી. પ્રત્યેક વ્યક્તિ ઈશ્વરનો અંશ છે. આમ તો વિવિધ વિચારકોએ પોત-પોતાની રીતે માનવીના સ્વભાવની વ્યાખ્યા કરી છે. માનવી સ્વભાવથી દુષ્ટ છે કે સાધુ તેની છણાવટ દરેક દર્શનમાં પોત-પોતાની રીતે થયેલી છે. મનોવૈજ્ઞાનિક વિચારક એમ માને છે કે માનવીનું દરેક કાર્ય અને તેની પ્રકૃતિ તેની અચેતનની ઇચ્છાઓ અને આકાંક્ષાઓ પર નિર્ભર કરે છે. કેટલાક વિચારક એમ માને છે કે માનવી એક સ્વાર્થી પ્રાણી છે અને પોતાનો સ્વાર્થ સાધવા માટે જ તે અન્ય વ્યક્તિઓ સાથે સમાધાન કરી લે છે. એવા વિચારક હૉબ્સ, લૉક અને રુસો છે. હૉબ્સે માનવીને પૂર્ણપણે સ્વાર્થી માન્યો છે, તો લૉક તેને સહયોગી અને સામાજિક માને છે. જ્યારે રુસો પણ માનવીને નિષ્પાપ અને પશુ-સમાન જ માને છે. પ્લેટોએ માનવીને સત્, રજ અને તમ ગુણોથી યુક્ત પ્રાણી માન્યો છે. ઉપયોગિતાવાદે માનવસ્વભાવની વ્યાખ્યા ગુણાત્મક આધાર પર કરી છે. સમાજશાસ્ત્રી સામાજિક ઉપકરણોના આધાર પર માનવસ્વભાવની વ્યાખ્યા કરે છે. તેઓએ એમ માન્યું છે કે માનવી એક સામાજિક પ્રાણી છે. અને સમાજથી અલગ તે જીવી જ નથી શકતો. કેટલાક વિચારક દરેક માનવીને પોતાની રીતે વિશિષ્ટ માને છે. આ રીતે વિવિધ વિચારકોના વિવિધ મત છે.

આ બધા મતોથી અલગ ગાંધીજી અને શ્રીઅરવિંદના વિચાર છે. ગાંધીજી એમ માને છે કે માનવી એક જટિલ પ્રાણી છે અને તેનો વિકાસ થાય છે. તેના સ્વભાવમાં દિવ્ય તત્ત્વ છે, એટલે એ પશુથી વિકસિત થતો જઈ દિવ્યતા સુધી પહોંચે છે. માનવીના આ ઈશ્વરીય તત્ત્વને ગાંધીજી અનિવાર્ય માને છે. તેઓ દરેક માનવીને એક સારો માનવ માને છે. તેઓ માને છે કે આ ઉત્તમતાના કારણે દરેક ખરાબ માનવી અંતમાં એક સારો માનવી બની શકે છે. માનવીનું આ 'શુભત્વ' એ વાતનો પુરાવો છે કે ઈશ્વર એક છે અને દરેક વ્યક્તિમાં ઈશ્વરનો નિવાસ છે. એક આશાવાદી વિચારક હોવાને લીધે ગાંધીજીને એવી શ્રદ્ધા છે કે આ પૃથ્વી ઉપર સત્ય અને અહિંસાના સહારે સ્વરાજ લાવી શકાય છે. આ જ કારણે એક આદર્શ માનવીને ગાંધીજીએ સત્યાગ્રહી કહ્યો છે અર્થાત્ માનવતાના ગુણ પર આધારિત માનવી જ આદર્શ માનવી છે. ગાંધીજીએ માનવીના બધા કોમળ ગુણોને માનવી માટે આવશ્યક માન્યા છે. આ સમયે તેઓ ગૌતમ બુદ્ધથી પ્રભાવિત રહે છે. આ રીતે, ગાંધીજી એમ માને છે કે આપણી સમગ્ર સામાજિક વ્યવસ્થા માનવીને સારો માની લેવા પર આધારિત છે અને જ્યારે આપણે તે સત્યનો સ્વીકાર કરી લઈએ છીએ ત્યારે સમાજની ઉન્નતિ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થાય છે અને આધ્યત્મિક સમાજનો વિકાસ થાય છે.

શ્રીઅરવિંદે મૂળ અધ્યાત્મ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમના મતે માનવી જ બધાં આકર્ષણનું કેન્દ્ર છે અને માનવીનું બાહ્ય રૂપ જ બધું નથી. તેમના મતે માનવીનાં બે રૂપો – આંતરિક અને બાહ્ય છે. બાહ્ય બાજુ જોઈ શકાય છે અને તે આપણા અસ્તિત્વની બાજુ છે. માનવીની આંતરિક બાજુ ઈશ્વરીય છે અને તે એનું ઉચ્ચ સ્તર છે. આ રીતે માનવીની ત્રણ બાજુ પ્રકટ થાય છે. એક તેની બાહ્ય બાજુ છે, બીજી તેની આંતરિક બાજુ છે જેને ચૈત્ય પુરુષ કહે છે અને ત્રીજી બાજુ જીવ-આત્મા છે. પ્રથમ બાજુમાં આપણું ભૌતિક સ્વરૂપ પ્રગટ થાય છે. બીજું અને ત્રીજું સ્તર આધ્યાત્મિકતાનું દ્યોતક છે. માનવીના જીવનમાં જે જન્મ અને મરણનો પ્રશ્ન ઊઠે છે – તે બધી વાતો તેની ભૌતિક બાજુ સાથે સંબંધિત રહે છે. તેની જે આધ્યાત્મિક બાજુ છે એ જન્મ અને મૃત્યુથી પર હટીને છે અને માનવીને પૂર્ણ અધ્યાત્મની તરફ લઈ જાય છે. શ્રીઅરવિંદ એમ માને છે કે વ્યક્તિ અને ઈશ્વર એકસમાન છે અર્થાત્ વ્યક્તિમાં ઈશ્વર છે અને ઈશ્વરમાં વ્યક્તિ છે.

શ્રીઅરવિંદે માનવીના સ્વભાવની વ્યાખ્યા કરવામાં પુનર્જન્મના વિચારને મહત્ત્વ આપ્યું છે. તેઓ એમ માને છે કે આત્માનો પુનર્જન્મ થાય છે અને પ્રત્યેક વ્યક્તિ પોતાનાં કર્મોનું ફળ પ્રાપ્ત કરે છે. માનવીને પોતાનાં કર્મોના ફળને માટે જ વારંવાર જન્મ લેવો પડે છે. માનવીનાં સારાં કર્મોનું ફળ સારું હોય છે અને ખરાબ કર્મોનું ખરાબ.

શ્રીઅરવિંદના મતે નૈતિકતા દ્વારા આપણાં લક્ષ્યોને પ્રાપ્ત કરી શકાય છે. એક આદર્શ વ્યક્તિ માત્ર પોતાના માટે નહીં, બલકે કર્તવ્યની માટે કર્તવ્ય કરે છે. અરવિંદે માનવીને નહીં, બલકે અતિમાનવને માનવીનું લક્ષ્ય માન્યું છે. જ્યારે માનવી 'સ્વ'ના વર્તુળમાંથી બહાર નીકળી વિશ્વના વર્તુળ સુધી પહોંચી જાય છે ત્યારે એ આત્મ-ત્યાગ કરી શકે છે અને એક સાચો માનવી બની શકે છે. તેઓ માને છે કે જો આપણી અંદરની સચ્ચાઈનો નિરંતર વિકાસ થતો રહે, ત્યારે આપણો વિકાસ થઈ શકે છે. આંતરિક સચ્ચાઈ અને વિકાસથી જ પ્રગતિ થાય છે અને માનવી દેવત્વની તરફ પહોંચી જાય છે.

આમ, આ બંને વિચારકોએ માનવીના સ્વરૂપના સંબંધમાં વિસ્તૃત રીતે વિચાર કર્યો છે. બંને વિચારક માનવીમાં ઈશ્વરને જૂએ છે. જ્યાં ગાંધીજીએ દરેક માનવીમાં ગુણોને અનિવાર્ય માન્યા છે, ત્યાં શ્રીઅરવિંદ માનવીની આંતરિક બાજુને ઈશ્વરીય માને છે અને એમ કહે છે કે એક આદર્શ વ્યક્તિ માત્ર કર્તવ્યને માટે કર્તવ્ય કરે છે. તેઓ તો 'અતિમાનવ'ને આપણું લક્ષ્ય બનાવી દે છે. બંને વિચારકોમાં ઘણી સામ્યતા છે. શ્રીઅરવિંદના વિચાર આપણને અધ્યાત્મની તરફ લઈ જાય છે.

રાષ્ટ્રના સ્વરૂપના સંબંધમાં બંને વિચારોને જોઈ શકાય છે. ગાંધીજીએ અરાજકતાવાદી વિચારકોની સમાન જ રાષ્ટ્રનો વિરોધ કર્યો છે. તેમના મત અનુસાર રાષ્ટ્ર માનવીની નબળાઈઓને કારણે ઉત્પન્ન થાય છે. રાષ્ટ્ર હિંસાનું પ્રતીક છે. એ માનવીની સ્વતંત્રતાને માટે બાધક છે. જોવામાં તે ભલે એમ જણાય કે રાષ્ટ્ર શોષણને ઘટાડે છે, પરંતુ વાસ્તવમાં એ તેને વધારે જ છે. રાષ્ટ્રના વિરોધનાં તેમણે નૈતિક, આર્થિક અને ઐતિહાસિક કારણ બતાવ્યાં છે. ગાંધીજીએ માર્ક્સની જેમ જ એમ માન્યું છે કે રાષ્ટ્રએ માનવીના શોષણમાં મદદ કરી છે. એટલા માટે ગાંધીજીએ જે સમાજની કલ્પના કરી છે એ એક એવો સમાજ હશે, જેમાં રાષ્ટ્ર નહીં હોય અને કોઈ રાજનીતિક સત્તા નહીં હોય.

ગાંધીજીના વિચાર ધર્મ અને રાજનીતિના સમન્વયમાંથી નીકળ્યા છે. તેઓએ ઈશ્વર અને સત્યને એક-બીજાના પર્યાય માન્યા છે. જો રાજ્ય સત્યને અનુરૂપ હોય છે, ત્યારે ગાંધીજી એવા રાજ્યનો વિરોધ કરતા નથી. તેઓએ તો એવા રાજ્યનો વિરોધ કર્યો છે જે અનૈતિક અને હિંસક છે. એટલે સૈદ્ધાંતિકરૂપે રાષ્ટ્રનો વિરોધ કરવા છતાં પણ વ્યાવહારિક રૂપે તેઓએ રાષ્ટ્રનો વિરોધ નથી કર્યો. તેઓ માનતા હતા કે વર્તમાન સમયમાં માનવજીવન એટલું પૂર્ણ નથી કે એ ખુદ શાસન સંભાળી શકે. એટલે રાષ્ટ્રનું રહેવું આવશ્યક છે, માત્ર એનું કાર્યક્ષેત્ર ન્યૂનતમ હોવું જોઈએ. તેઓ રાષ્ટ્રને 'એક આવશ્યક દૂષણ'ના રૂપે સ્વીકારે છે.

ગાંધીજીએ સાધ્ય અને સાધનની પવિત્રતા પર વિશેષ ભાર મૂક્યો છે. આપણું સાધ્ય નૈતિક હોય, માત્ર એ જ જરૂરી નથી, બલકે આપણાં સાધન પણ નૈતિક હોવાં જોઈએ. શ્રેષ્ઠ સાધ્યની પ્રાપ્તિને માટે શ્રેષ્ઠ સાધન અપનાવવાં જોઈએ.

ગાંધીજી રાષ્ટ્રનું કાર્યક્ષેત્ર ઓછામાં ઓછું કરવા માંગે છે. તેમનું આદર્શ રાજ્ય એક વિકેન્દ્રિત સમાજ હશે, જેમાં પ્રત્યેક ક્ષેત્રમાં સમાનતા હશે. ગાંધીજી કેન્દ્રીકરણના વિરોધી છે. કેમ કે તેઓ માનતા હતા કે કેન્દ્રીકરણથી તાનાશાહીનો જન્મ થાય છે અને વ્યક્તિનો નૈતિક વિકાસ થંભી જાય છે. ગાંધીજીએ પોતાના આદર્શ રાજ્યમાં સામાજિક અને આર્થિક સમાનતા પર વિશેષ ભાર મૂક્યો છે, એટલે તેઓએ વર્ણ વ્યવસ્થાનો વિરોધ કર્યો. તેઓએ કુટીર ઉદ્યોગની તરફેણ કરી છે અને શ્રમને માટે સમાજની શક્તિની તરફેણ કરી. ભારે યંત્રોનો તેઓએ વિરોધ કર્યો છે અને સ્વાવલંબન પર ભાર મૂક્યો છે.

શ્રીઅરવિંદે રાષ્ટ્રના આધ્યાત્મિક આધાર પર ભાર મૂક્યો છે. ઈશ્વર પર તેમને પૂર્ણ શ્રદ્ધા હતી, પરંતુ એમ છતાં તેઓએ માનવીનાં કર્મો પર ભાર મૂક્યો. તેઓના મતે માનવીનું રાષ્ટ્ર સાથે સ્વતંત્ર અને પૃથક્ અસ્તિત્વ છે. તેઓએ પણ ગાંધીજીની માફક જ રાષ્ટ્રની ટીકા કરી અને તેને સાધ્ય સમજવાનો ઇન્કાર કરી દીધો. તેઓએ વ્યક્તિના વિકાસને માટે રાષ્ટ્રને અનિવાર્ય ગણાવ્યું. જ્યાં સુધી રાષ્ટ્ર માનવીના જીવનના વિકાસમાં આવશ્યક રહે છે, ત્યાં સુધી તેનું તેઓએ સમર્થન કર્યું છે, પરંતુ જો રાજ્ય વ્યક્તિની સ્વતંત્રતાનું અપહરણ કરે છે, ત્યારે રાષ્ટ્રનો વિરોધ હોવો જોઈએ. તેઓએ રાષ્ટ્રની અનિયંત્રિત શક્તિનો પણ વિરોધ કર્યો.

તેઓ દેશને એક માતાના સ્વરૂપમાં માનતા હતા. તેઓએ પૂર્ણ સ્વરાજ્યની કામના કરી હતી. સ્વરાજ્ય તેઓ માટે રાષ્ટ્રીય જીવન અને ઉદ્દેશની પ્રાપ્તિનું સાધન છે. તેમની દૃષ્ટિએ સ્વતંત્રતા રાષ્ટ્ર અને વ્યક્તિને માટે અત્યંત આવશ્યક છે. તેઓ રાષ્ટ્ર અને રાજ્યને એક-બીજાથી અલગ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માને છે અને જ્યાં રાષ્ટ્રનું તેઓએ સમર્થન કર્યું છે તો રાજ્યનો વિરોધ પણ કર્યો છે. તેમના મતાનુસાર રાજ્ય ત્યારે આંતરરાષ્ટ્રીય નૈતિકતા અને કાયદાઓને માને છે જ્યારે તેમાં તેનું પોતાનું હિત સધાતું હોય. એટલા માટે તેઓ રાજ્યના સર્વસત્તાધિકારના વિરોધી છે. રાષ્ટ્રને જ તેઓએ પ્રાથમિક માનેલ છે.

શ્રીઅરવિંદના રાજ્યનું આધ્યાત્મિક પ્રતીક છે - સચ્ચિદાનંદ. તેઓએ સર્વોચ્ચ સત્તાને સચ્ચિદાનંદ કહેલ છે. સચ્ચિદાનંદનું વિશ્લેષણ કરતા તેઓ કહે છે, તે સત્, ચિત્-શક્તિ અને આનંદનું મિશ્ર રૂપ છે. તેઓએ બ્રહ્મને શિવ અને કાલીના રૂપમાં જોયા છે. જેનાથી સૃષ્ટિની રચના થાય છે. આ જ બ્રહ્મ એ સર્વોચ્ચ સત્તાની અભિવ્યક્તિ રાજ્યના રૂપમાં થઈ છે.

આ બંને વિચારક રાજ્યનું સામાજિક અને રાજનીતિક રૂપાંતર કરવા ઇચ્છતા હતા. ગાંધીજીએ એના માટે જે સાધનોનો ઉપયોગ કર્યો, તેમાં મુખ્ય છે - સત્ય, અહિંસા અને સત્યાગ્રહ. સત્ય અને અહિંસા તો ગાંધીજીના વિચારોના આધાર છે. તેમના મતે અંતરાત્માનો અવાજ જ સત્ય છે. તેઓએ સત્યના બે પ્રકાર ગણાવ્યા છે. એકને તેઓ સાપેક્ષિક સત્ય કહે છે અને બીજાને પૂર્ણ સત્ય. તેઓએ પૂર્ણ સત્યને ઈશ્વર કહ્યા છે. તેઓનું કહેવું હતું કે સત્ય પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં સ્થિત છે અને દરેક વ્યક્તિએ તેની શોધ કરવી જોઈએ. એક સત્યવાદી વ્યક્તિ નિર્ભીક અને સહનશીલ હોય છે.

અહિંસા અંગે તેઓએ લખ્યું હતું કે માનવી સ્વભાવથી અહિંસા-પ્રેમી છે અને અહિંસા માનવીય જીવનનો સર્વોચ્ચ નિયમ છે. અહિંસાનો અર્થ છે કે આ પૃથ્વી પર બધાં પ્રાણીઓને કોઈ જ પ્રકારની હાનિ ન પહોંચાડવી જોઈએ. અહિંસા માત્ર એક નકારાત્મક સ્થિતિ નથી, બલકે તે એક સકારાત્મક પરિસ્થિતિ છે, જેમાં એક વ્યક્તિ પોતાની સાથે ખોટું કરનાર વ્યક્તિનું તો ભલું કરે જ છે, પરંતુ ખોટું-ખરાબને પૂર્ણ કરવાની કોશિશ પણ કરે છે. ગાંધીજીનો એ દૃઢ વિશ્વાસ હતો કે માનવી અને સમાજની સ્થિતિમાં અહિંસા દ્વારા સુધારો લાવી શકાય છે. અહિંસા વ્યક્તિને આત્મિક બળ પ્રદાન કરે છે. ગાંધીજીએ અહિંસાનાં ત્રણ રૂપ ગણાવ્યાં છે - જાગૃત અહિંસા, ઔચિત્યપૂર્ણ અહિંસા અને ભીરુઓની અહિંસા. તેમાં તેઓએ જાગૃત અહિંસાને સર્વશ્રેષ્ઠ ગણાવી છે, કેમ કે અહિંસાના આ રૂપમાં પહાડોને પણ હલાવી દેવાની શક્તિ રહેલી છે.

સત્ય અને અહિંસા એક-બીજા સાથે જોડાયેલાં છે. ગાંધીજીએ સત્ય અને અહિંસાને એક જ સિક્કાની બે બાજુ ગણાવી છે. અહિંસા સાધન છે અને સત્ય એક સાધ્ય. ગાંધીજીએ પ્રથમ વખત એ સાબિત કર્યું કે અહિંસાનો એક શસ્ત્રની માફક ઉપયોગ કરી શકાય છે. અહિંસા માનવીનો એ રીતે ધર્મ છે જે રીતે હિંસા પશુઓનો ધર્મ છે. તેમનો એ દૃઢ વિશ્વાસ હતો કે વ્યક્તિગત સ્વતંત્રતા માત્ર અહિંસક રાજ્યમાં જ રહી શકે છે.

સત્યાગ્રહનું વર્ણન કરતા તેઓએ લખ્યું છે કે તે સત્ય પ્રત્યે આગ્રહ છે. સત્યાગ્રહી પોતાના પ્રયત્નોથી પોતાના વિરોધીને જીતવાનો પ્રયાસ કરે છે. તેઓ સત્યાગ્રહ અને નિષ્ક્રિય પ્રતિરોધને બે અલગ-અલગ ચીજ સમજતા હતા અને આ બંનેમાં તેઓએ અંતર પણ કર્યું. સત્યાગ્રહીના ગુણ બતાવતા તેઓએ લખ્યું છે કે તે સત્ય પર ચાલવાવાળો હોય, અનુશાસનમાં રહેવાવાળો હોય અને મન, વાચા અને કર્મમાં વિશ્વાસ ધરાવતો હોય. તેઓએ સત્યાગ્રહનાં કેટલાંય રૂપ બતાવ્યાં છે, જેમ કે - અસહયોગ, સવિનય કાનૂન ભંગ, હિજરત, ઉપવાસ, હડતાલ અને બહિષ્કાર વગેરે.

તેઓના મતે કોઈ પણ શાસન પ્રજાના સહકારથી ચાલી શકે છે. એટલા માટે જો પ્રજા સહકાર આપવાનું બંધ કરી દે તો શાસન કાર્ય ન કરી શકે. સવિનય કાનૂન ભંગ અંગે તેઓએ લખ્યું છે કે દરેક સત્યાગ્રહી એ બધા કાનૂનો-કાયદાઓની અવગણના કરી શકે છે, જેને એ અન્યાયપૂર્ણ સમજે છે. તે એક શાંતિપૂર્ણ વિદ્રોહ છે જેની પ્રકૃતિ અહિંસાત્મક છે. ૧૯૩૦-૩૪માં તેને વ્યાવહારિક રૂપ આપતા ગાંધીજીએ સવિનય કાનૂન ભંગ આંદોલન ચલાવ્યું હતું.

હિજરતનો અર્થ સ્વેચ્છાએ દેશ-ત્યાગ કરવો છે. જ્યારે વ્યક્તિ પોતાને પીડિત અનુભવે છે, ત્યારે તેનો પ્રયોગ એ કરી શકે છે. કોઈ પણ વ્યક્તિ આત્મ-શુદ્ધિને માટે ઉપવાસ કરી શકે છે. તેનો ગાંધીજીએ અનેક વખત ઉપયોગ કર્યો હતો. સત્યાગ્રહી હડતાલ દ્વારા કામમાં અવરોધ ઉત્પન્ન કરી શકે છે. વ્યક્તિ બહિષ્કારનો પણ સહારો લઈ શકે છે. આ રીતે, આ સાધનોને અપનાવી સત્યની પ્રાપ્તિને માટે આગ્રહ કરી શકાય છે.

શ્રીઅરવિંદે આ રાજ્યના સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર કર્યો છે. શ્રીઅરવિંદ પોતાની આધ્યાત્મિક શક્તિ દ્વારા ભારતને સ્વતંત્ર કરવા ઇચ્છતા હતા. તેઓએ નિષ્ક્રિય પ્રતિરોધના સિદ્ધાંતને રાષ્ટ્રીય આંદોલન ચલાવવા માટે સૌથી યોગ્ય સમજ્યો. નિષ્ક્રિય પ્રતિરોધ એવા સમયે શક્ય છે જ્યારે શાસન પ્રજાની ઇચ્છા અનુસાર ન ચાલતું હોય. તેઓએ વિદેશી માલના બહિષ્કારને નિષ્ક્રિય પ્રતિરોધનું આવશ્યક અંગ ગણ્યું છે. તેઓએ નિષ્ક્રિય પ્રતિરોધને ગાંધીજીના સત્યાગ્રહની જેવો જ માન્યો છે, પરંતુ ગાંધીજીથી તેમના વિચારોમાં આપણે એ તફાવત જોઈ શકીએ છીએ કે જ્યાં ગાંધીજીએ સાધ્ય અને સાધનની એકરૂપતાની વાત કરી છે, ત્યાં શ્રીઅરવિંદ એમ માને છે કે કોઈ પણ કારણ ત્યાં સુધી પોતાના ખુદમાં શ્રેષ્ઠ નથી હોતું જ્યાં સુધી તેનું ઔચિત્ય સાચું પુરવાર ન થઈ જાય. એટલે સમાજનો આધ્યાત્મિક વિકાસ ત્યારે શક્ય છે જ્યારે વ્યક્તિ નિષ્ક્રિય પ્રતિરોધની સહાય લે.

ગાંધીજીની જેમ જ શ્રીઅરવિંદ માને છે કે જીવનમાં અહિંસાનું મહત્ત્વ છે, જનજીવનમાં તેને લાગુ કરતી વખતે યથાર્થવાદી દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. આ રીતે ગાંધીજી અને શ્રીઅરવિંદના વિચાર અલગ થઈ જાય છે. જ્યાં ગાંધીજીને માટે અહિંસા સાધ્ય છે, ત્યાં શ્રીઅરવિંદને માટે એ એક સાધન છે જેને છોડી પણ શકાય છે. ગાંધીજીએ જે રીતે જીવનમાં સત્યના પ્રયોગ કર્યા હતા, શ્રીઅરવિંદ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેને માનતા નથી. એટલે જ્યાં સુધી અહિંસા ન્યાય આપે છે, ત્યાં સુધી એ શ્રેષ્ઠ છે અન્યથા તેને છોડી હિંસાને પણ અપનાવી શકાય છે જેમ કે ગીતામાં કહેવાયું છે.

શ્રીઅરવિંદ હિંસા અને યુદ્ધના મહત્ત્વને પણ સ્વીકારે છે. તેઓએ પ્રકૃતિમાં સંઘર્ષને અનિવાર્ય ગણાવ્યો છે. તેમના મતે વર્તમાન પરિસ્થિતિમાં હિંસા અને યુદ્ધ પણ ક્યારેક અનિવાર્ય થઈ જાય છે. વિકાસનું લક્ષ્ય માનવજીવનનું સર્વોચ્ચ સત્ય પ્રાપ્ત કરવાનું છે, અને તેના માટે સામાજિક આદર્શ હોય છે. શ્રીઅરવિંદ માને છે કે આધ્યાત્મિક આદર્શની પ્રાપ્તિ દ્વારા ભાવી આધ્યાત્મિક સમાજની સ્થાપના થઈ શકે છે. આધ્યાત્મિકતા પૂર્ણ સ્વતંત્રતાને જન્મ આપે છે. વિકાસ તેઓ માટે જીવનનું એક અનિવાર્ય સત્ય છે અને તેઓ કહે છે કે જીવનનો વિકાસ બધી જગ્યાએ સ્વાભાવિક અને અનિવાર્ય હોવો જોઈએ. આધ્યાત્મિક સમાજને લાવવા માટે સૌપ્રથમ વ્યક્તિનું આધ્યાત્મિક રૂપાંતર થવું જોઈએ. શ્રીઅરવિંદે પોતાના દર્શનમાં નૈતિકતા અને મનોવિજ્ઞાનનો સમન્વય કર્યો છે. શ્રીઅરવિંદ ઉગ્ર રાષ્ટ્રવાદી હતા. તેઓ રાષ્ટ્રવાદને ઈશ્વરનો આદર્શ માનતા હતા અને ભારતને એક સ્વતંત્ર રાજ્ય બનાવવા ઇચ્છતા હતા. તેમનો રાષ્ટ્રવાદ માનવએકતાના આદર્શ પર આધારિત હતો. તેઓએ વિશ્વરાજ્યની કામના કરી હતી જે બધાં સ્વતંત્ર રાજ્યોનો સંઘ હોય.

આ રીતે ગાંધીજી અને શ્રીઅરવિંદ બંનેએ રાજ્યના સામાજિક-રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર કર્યો છે. બંનેએ સત્ય અને અહિંસા પર ભાર મૂક્યો છે. પરંતુ જ્યાં ગાંધીજીએ સત્ય અને અહિંસાને જ બધું માન્યું છે ત્યાં શ્રીઅરવિંદ તેને લક્ષ્યપ્રાપ્તિને માટે એક સાધન માને છે. સાધ્ય અને સાધનના વિષયમાં બંનેના વિચારોમાં અંતર છે. નીતિ અને રાજનીતિમાં સમન્વયના વિષયમાં બંનેના વિચાર અલગ છે. શ્રીઅરવિંદ રાજનીતિને નીતિની અધીન નથી કરતા, બલકે બંનેને અધ્યાત્મ પર આધારિત કરે છે, તો ગાંધીજીએ ધર્મ અને રાજનીતિને પરસ્પર સંબંધિત કર્યા છે.

ગાંધીજી અને શ્રીઅરવિંદે વર્તમાન પ્રજાતાંત્રિક, મૂડીવાદી, સમાજવાદી અને સામ્યવાદી વ્યવસ્થાઓની ટીકા કરી છે અને તેના અવગુણ બતાવ્યા છે. પ્રજાતંત્રને પ્રજાની, પ્રજાને માટે અને પ્રજા દ્વારા એક સરકાર કહેવાય છે. ગાંધીજી પ્રજાતંત્રોનો સાચો આધાર ત્યારે માનતા હતા જ્યારે તેનો ઉપયોગ સમગ્ર જનતાના હિતને માટે કરવામાં આવે. તેઓના મતે ભારતમાં પ્રજાતંત્રને માટે એટલી અનુકૂળ સ્થિતિ નથી. અહીં લોકતંત્રની પરંપરા પણ રહી નથી. દેશની પ્રજા પણ અશિક્ષિત છે. જનતંત્રની એક આવશ્યક શરત આર્થિક અને સામાજિક સમાનતા છે, પરંતુ આ માત્ર સિદ્ધાંતની વાત છે. વાસ્તવમાં જનતંત્રમાં કેન્દ્રીકરણની જ પ્રવૃત્તિ વધારે રહે છે. તે કેન્દ્રીકરણની પ્રવૃત્તિ વિષમતા અને શોષણને જન્મ આપે છે.

શ્રીઅરવિંદે આ પ્રજાતંત્રની ટીકા કરી છે. તેમના મત અનુસાર પ્રજાતંત્ર સમાજ અને રાજનીતિની સમસ્યાઓને ઉકેલવા માટે સક્ષમ રહ્યું નથી. પ્રજાતંત્રને તેઓએ સંકુચિત મનોવૃત્તિનું પરિણામ માન્યું છે. પ્રજાતંત્રમાં સમાનતાને મહત્ત્વ અપાય છે. શ્રીઅરવિંદે તેની ટીકા કરી છે તેમના મતે સમાનતાના આ સિદ્ધાંત છતાં પ્રજાતંત્રમાં શાસન સત્તા એક વિશે વર્ગના હાથમાં રહે છે. તે બહુમતી વર્ગ લઘુમતીઓનું શોષણ કરવા લાગે છે અને વ્યક્તિગત સ્વતંત્રતાનો હ્રાસ થાય છે. પ્રજાતંત્રમાં સત્તા બહુમતના હાથમાં રહે છે અને એ આવશ્યક નથી કે બહુમત કાર્યકુશળ હોય. ક્યારેક વધારે અકુશળ વ્યક્તિ યોગ્ય વ્યક્તિઓ પર શાસન કરવા લાગે છે. અને આ રીતે પ્રજાતંત્ર અયોગ્ય વ્યક્તિઓનું શાસન બનીને રહી જાય છે. પ્રજાતંત્રના આર્થિક સમાનતાના સિદ્ધાંતની ટીકા કરતા શ્રીઅરવિંદ કહે છે કે પ્રજાતંત્રમાં હંમેશાંથી જ બે વર્ગ રહ્યા છે - શોષક અને શોષિત. તે સમાનતાનો સિદ્ધાંત પણ પ્રસ્તુત નથી કરતું. શ્રીઅરવિંદ લઘુમતી વર્ગના અધિકારોના રક્ષણનું સમર્થન કરે છે. ગાંધીજીની જેમ જ શ્રીઅરવિંદે પ્રજાતંત્રના કેન્દ્રીકરણની પ્રવૃત્તિની ટીકા કરી છે. તેમના મતે તે વ્યવસ્થા ક્યારેય પણ માનવસ્વતંત્રતાની રક્ષા ન કરી શકે. એટલે તેઓએ પોતાના સમાજમાં એક એવી વ્યવસ્થાની કલ્પના કરી જે રાજ્યવિહીન હોય.

ગાંધીજીએ મૂડીવાદની પણ ટીકા કરી છે. મૂડીવાદ એક એવી વ્યવસ્થા છે જે ઉત્પાદનનાં સાધનો પર અંગત સ્વામીત્વ રાખે છે. તેમના મતે મૂડીવાદી વ્યવસ્થા માનવજાતને માટે અભિશાપ છે. મૂડીવાદ શોષણને જન્મ આપે છે. અને તેનાથી આર્થિક અસમાનતા વધે છે. આ વ્યવસ્થા નૈતિકતા અને માનવીય મૂલ્યોને સ્થાન નથી આપતી, એટલે તે સાચી વ્યવસ્થા ન થઈ શકે. તેઓએ તેની એ આધાર પર પણ ટીકા કરી છે કે તેમાં સામજ શોષક અને શોષિત બે વર્ગોમાં વહેંચાઈ જાય છે અને આવકનું વિતરણ અસમાન થઈ જાય છે. મશીનોથી જ બધું કામ થવા લાગે છે અને કેટલાય લોકો બેકાર બની જાય છે. મૂડીવાદી વ્યવસ્થામાં મિલમાલિકો અને મજૂરોમાં સારો સંબંધ નથી રહેતો અને મજૂરોનું શોષણ થાય છે. તેઓ શ્રમિક વર્ગના અધિકારો પ્રત્યે એટલા સચેત હતા કે તેઓએ મજૂરોને હડતાલ પાડવાની છૂટ આપી અને પોતાના અધિકારોના રક્ષણ માટે મજૂર સંગઠન રચવાનું સૂચન કર્યું.

શ્રીઅરવિંદે પણ મૂડીવાદી વ્યવસ્થાનો વિરોધ કર્યો છે. તેઓના મતે આ વ્યવસ્થા હરીફાઈને જન્મ આપે છે. જેમાં નફો વ્યક્તિગત દૃષ્ટિકોણથી કરવામાં આવે છે, જે ઉચિત નથી. ગાંધીજીની માફક જ તેઓ મૂડીવાદી વ્યવસ્થાના એટલે વિરોધી હતા, કેમ કે તે વ્યવસ્થા કેન્દ્રીકરણને જન્મ આપે છે અને તેનાથી આર્થિક અસમાનતા પેદા થાય છે, આ વ્યવસ્થા વર્ગ-સંઘર્ષ અને એકાધિકારની પ્રવૃત્તિને જન્મ આપે છે. શ્રીઅરવિંદે મૂડીવાદની લગભગ એ જ આધારો પર ટીકા કરી છે, જે આધારો પર ગાંધીજી તેના વિરોધી હતા. શ્રીઅરવિંદના મતે પ્રથમ વિશ્વયુદ્ધ પછી મૂડીવાદનું પતન થઈ જશે. યંત્રોના વ્યાપક ઉપયોગની બંને વિચારકોએ ટીકા કરી છે, કેમ કે તેનાથી બેકારી ફેલાય છે. તેઓએ શ્રમના મહત્ત્વને સ્વીકાર્યું અને આર્થિક તેમ જ સામાજિક સમાનતા ઉપર ભાર મૂક્યો.

(ક્રમશઃ)

**- ડૉ. અનુરાધા પ્રસાદ**

અનુ. રાજેન્દ્ર દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભૂદાન યજ્ઞ : ગઈ કાલ, આજ અને આવતીકાલ (૨)

**એ**પ્રિલ, ૧૯૫૭માં વિનોબાએ કેરળમાં પ્રવેશ કર્યો. કેરળયાત્રાની એક મુખ્ય ઘટના હતી - શાંતિસેનાની સ્થાપના. ભૂદાન-ગ્રામદાનનું કામ સુચારુ રીતે ચાલ્યા કરે એટલા માટે સમાજમાં શાંતિ અને સૌહાર્દ રહે તે આવશ્યક હતું. કેરળમાં ૧૫૭૧ એકર ભૂદાન મળ્યું અને ૩૦૧ ગામનાં ગ્રામદાન થયાં.

વિનોબા-યાત્રા કેરળથી કર્ણાટકમાં આવી. આ સમય દરમ્યાન સપ્ટેમ્બર ૧૯૫૭માં યેલવાલમાં ગ્રામદાન પરિષદ યોજાઈ. તેમાં લગભગ બધા જ રાજનૈતિક પક્ષોના નેતાઓએ ગ્રામદાનને સમર્થન જાહેર કર્યું. કર્ણાટકમાં લગભગ ૧૦૦૦ એકર ભૂદાન મળ્યું ને ૩૬ ગામનાં ગ્રામદાન જાહેર થયાં. કર્ણાટકના જ ધારવાડમાં વિનોબાએ ''સર્વોદયપાત્ર''ની કલ્પના મૂકી. કલ્પના એ હતી કે સર્વોદયને સંમતિની રીતે દરેક ઘરમાં એક પાત્ર મૂકવામાં આવે. જેમાં દરરોજ ઘરમાંથી સૌથી નાના દીકરા-દીકરીના હાથથી મુઠ્ઠી ભરીને અનાજ નાંખવામાં આવે, આ અનાજના આધારે સર્વોદયનું કાર્ય ચલાવવામાં આવે. એક રીતે જોવા જઈએ તો આ સામાન્ય કાર્યક્રમ હતો. પણ એમાં ઘણી સંભાવનાઓ હતી. આ કાર્યક્રમ પર ભાર મૂકવામાં આવ્યો.

વિનોબા કર્ણાટકથી મહારાષ્ટ્ર અને ત્યાંથી ગુજરાત પહોંચ્યા. મહારાષ્ટ્ર વિનોબાની જન્મભૂમિ અને ગુજરાત એ ભૂમિ જ્યાં એક અર્થમાં એમનો બીજો જન્મ થયો, એ ભૂમિ જેણે વિનોબાને ઘડ્યા, વિનોબાના જીવનપથને ઘાટ આપ્યો. એટલે સ્વાભાવિક જ હતું કે વિનોબાએ ત્યાં-ગુજરાતમાં પોતાનું હૃદય ઠાલવી દીધું ! જોકે મહારાષ્ટ્રમાં એમને રાજ્ય પુનર્રચના-ગઠન આંદોલનના સંદર્ભમાં ગેરસમજોનો શિકાર થવું પડ્યું અને ગુજરાતમાં જૂના રચનાત્મક કાર્યકરોના મોળા પ્રતિસાદનો સામનો કરવો પડ્યો ! ગ્રામદાનમાં માલિકી-વિસર્જનનું જે ક્રાંતિકારી તત્ત્વ હતું તે કોઈને પણ ગળે ઉતારવું મુશ્કેલ જ હતું અને ગુજરાતમાં તે વધુ કઠિન સાબિત થયું. વિનોબાની ગુજરાત-યાત્રાના ૮૨મા દિવસે ગુજરાતમાં પહેલું ગ્રામદાન થયું. તે પછી કંઈ પણ વધુ ગ્રામદાન થઈ શક્યાં નહીં. અને ગુજરાતમાં ગ્રામદાન કાયદો ન બનવાને કારણે પણ સમય જતાં જે થયું હતું તે પણ જળવાયું નહીં. જોકે વિનોબાવાણી-સંદેશ સાંભળવા માટે મહારાષ્ટ્ર અને ગુજરાત બંને જગ્યાએ ઘણી ઉત્સુકતા રહેતી - સારો પ્રતિસાદ મળતો. અમદાવાદની ૨૦ ડિસેમ્બર ૧૯૫૮ની સભામાં ત્રણ લાખથી વધુ લોકોની ઉપસ્થિતિ લોકોનો કેટલો ઉત્સાહ હતો તે દર્શાવે છે.

ગુજરાતથી વિનોબા રાજસ્થાન અને ત્યાંથી પંજાબ ગયા. રાજસ્થાન યાત્રા વખતે બનેલ એક મહત્ત્વની ઘટના તે ૧૩ માર્ચ ૧૯૫૯ના દિવસે બ્રહ્મવિદ્યામંદિર (પવનાર)ની સ્થાપનાની ઘોષણા. બ્રહ્મવિદ્યામંદિર બ્રહ્મચારિણી બહેનો માટે સમાજાભિમુખ સામૂહિક સાધનાનું કેન્દ્ર બને એ અપેક્ષા હતી. પંજાબમાં વિનોબાએ ધર્મક્ષેત્રને સત્તાથી દૂર રાખવાનો આપેલ સંદેશ આજે પણ એટલો જ પ્રાસંગિક છે.

પંજાબથી વિનોબા કશ્મીર પહોંચ્યા, જ્યાં એમણે મોહબ્બતનો પૈગામ (સંદેશ) આપ્યો. મોહબ્બતનો સંદેશ કશ્મીર માટે જ નહીં. પણ આખા દેશને માટે, તેમજ પૂરી દુનિયાને માટે આજે પણ એટલો જ જરૂરી છે. એનો મૂળ ઉદ્દેશ્ય હતો દિલોને જોડવાં. દિલ જોડાઈ જશે તો દુનિયા જોડાઈ જશે. આ દિલોને જોડવાનું કાર્ય આજે સર્વોદય સેવકોનો સ્વધર્મ છે. કશ્મીર સમસ્યાના ઉકેલ માટે વિનોબાએ, જયપ્રકાશજીએ તેમજ બીજા સર્વોદય સેવકોએ જે યોગદાન આપ્યું છે તે ઇતિહાસનું એક સ્વતંત્ર પ્રકરણ છે. તે અંગે વિશેષ શોધ કરવી જોઈએ.

કશ્મીરથી વિનોબા મધ્યપ્રદેશમાં આવ્યા. ચંબલના ખૂંખાર ડાકુઓનું એમની સામે આત્મસમર્પણ - આ એક અનોખી - વિરલ ઘટના હતી. અહિંસાની શક્તિનો તે એક ચમત્કાર હતો. આગળ ૧૯૭૨માં જયપ્રકાશજીના અભિગમ થકી વધારે વ્યાપક પ્રમાણમાં ડાકુઓનું આત્મસમર્પણ થયું. મધ્યપ્રદેશથી પૂર્વ તરફ ફંટાઈ વિનોબા આસામ તરફ ગયા. આસામમાં ગ્રામદાનનું સઘન કામ થયું. આસામ અને બીજાં પૂર્વોત્તર રાજ્યોમાં ઘૂસણખોરીની સમસ્યા હતી. ગ્રામદાનના વિચારને વિનોબાએ આના ઉપાય તરીકે પ્રસ્તુત કર્યો.

આસામથી પાછા ફરતી વખતે વિનોબા પૂર્વ પાકિસ્તાનથી, જે હમણા બાંગ્લાદેશ છે ત્યાંથી પસાર થયા. જ્યાં ૧૬ દિવસોમાં ૧૭૬ વીઘા ભૂદાન મળ્યું જેની વહેંચણી પણ થઈ ગઈ. ત્યાંથી વિનોબા પાછા પવનારની દિશામાં નીકળ્યા. રસ્તામાં રાયપુરમાં ડિસેમ્બર ૧૯૬૩માં સર્વોદય સંમેલન થયું. તેમાં વિનોબાએ ગ્રામદાન, શાંતિસેના, અને ગ્રામાભિમુખ ખાદી, આ ત્રિવિધ કાર્યક્રમ રજૂ કર્યો. અને તેને રાષ્ટ્રરક્ષાની અહિંસક યોજના કહી. આ કાર્યક્રમ આજે પણ પ્રાસંગિક છે.

૧૯૬૩માં વિનોબાએ ગ્રામદાનનું સરલીકરણ કર્યું. ગ્રામદાનનું કામ વધી રહ્યું હતું પણ અપેક્ષિત ગતિથી વધતું નહોતું. તે પછી જમીન પરની વ્યક્તિગત માલિકીનું પૂર્ણ નિર્મૂલન - આ કપરું - કઠિન લક્ષ્ય હતું. એ તરફ ધીરે ધીરે આગળ વધવું તે જ વ્યાવહારિક હતું. આથી વિનોબાએ સુલભ (સરળ) ગ્રામદાનની યોજના રજૂ કરી. એ જ આજે ગ્રામદાનની રીતે ઓળખાય છે. અને એના આધાર પર દેશનાં ઘણાં રાજ્યોમાં ગ્રામદાન-કાયદા બન્યા. ગ્રામદાનમાં ગામના ઓછામાં ઓછા ૭૫ ટકા જમીનમાલિક પોતાની માલિકી ગ્રામસભાને સમર્પણ કરે છે. ગ્રામસભા એટલે ગામનાં બધાં ઉંમરલાયક સ્ત્રી-પુરુષોનો સમુદાય એટલે કે ગ્રામસમાજ. આ જમીન ગામની જમીનના ઓછામાં ઓછા ૫૧ ટકા હિસ્સો હોવો જરૂરી છે. કેટલાક કાયદાઓમાં આનાથી પણ વધારે હિસ્સો જરૂરી ગણવામાં આવ્યો છે. જેમ કે મહારાષ્ટ્રમાં ૬૦ ટકા છે. આ જમીન ગ્રામસભાના નામે થઈ જાય છે. એમાંથી પાંચ ટકા કાઢી લઈ ભૂમિહીનોમાં વહેંચી દેવામાં આવે છે. બાકીની ૯૫ ટકા જમીન પર, જેણે ગ્રામદાન આપ્યું હોય તે ખેડૂત અને તેના વારસદારો જ ખેતી કરે છે. પરંતુ એ જમીનનું હસ્તાંતરણ ગામમાં જ અને ગ્રામસભાની અનુમતિથી જ થઈ શકે છે. ગામના ઓછામાં ઓછા ૭૫% લોકો ગ્રામદાનનો સ્વીકાર કરે એ પણ જરૂરી માનવામાં આવે છે. સાથેસાથે ગ્રામકોષની પણ વ્યવસ્થા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે, જેમાં ગામના લોકો પોતાની કમાણી અથવા ઉત્પાદનનો ૨.૫ ટકા હિસ્સો આપે, એમ માનવામાં આવ્યું છે. આ રીતે આમાં માલિકી-વિસર્જનનું મૂળ અને ક્રાંતિકારી તત્ત્વ કાયમ રાખવામાં આવ્યું છે. ગામનાં સંસાધનો પર ગામનું જ નિયંત્રણ સ્થાપિત કરવાની દિશામાં આ એક જરૂરી-આવશ્યક પગલું છે. આના આધાર પર ગામ પોતાને માટે આર્થિક વિકાસનું આયોજન કરી શકે છે. ગામના બધા નિર્ણય ગ્રામસભામાં જ અને ગ્રામસભાની સંમતિથી જ થવા જોઈએ. આ પણ ગ્રામદાનનું એક મહત્ત્વપૂર્ણ તત્ત્વ છે, જેનાથી ગામ અને તેના રહેવાસી સાચું સ્વરાજ અને સાચા લોકતંત્રની દિશામાં આગળ વધી શકે છે.

વિનોબા ૧૯૬૪માં પવનાર આશ્રમમાં પાછા ફર્યા. કેટલાક દિવસો વિદર્ભમાં યાત્રા ચાલી પણ સ્વાસ્થ્યને કારણે પદયાત્રા હવે સંભવ નહોતી. આખા દેશમાં આ આંદોલન ચાલી રહ્યું હતું. ગ્રામદાનોની સંખ્યા પણ ધીમે-ધીમે વધી રહી હતી. એને વેગ આપવા માટે કોઈ સઘન ક્ષેત્રમાં ગ્રામદાનનો વંટોળ (તૂફાન) ઊભો કરવાનું વિનોબાએ વિચાર્યું. તે માટે બિહારને પસંદ કર્યું. સપ્ટેમ્બર ૧૯૬૫માં તેઓ પોતે બિહાર આવ્યા અને ચાર વર્ષ ત્યાં જ રહ્યા. એમણે હજારો કાર્યકર્તાની સંપૂર્ણ તાકાતનો પૂરેપૂરો ઉપયોગ આ કાર્ય માટે કર્યો. સ્વાસ્થ્યને કારણે તે સમયે વિનોબાની વાહનયાત્રા ચાલી. ગામે-ગામ જઈને ગ્રામદાનના સંકલ્પપત્રો પર હસ્તાક્ષર કે અંગૂઠાનાં નિશાન લેવામાં આવ્યાં. અદ્ભુત કામ થયું. ઑક્ટોબર ૧૯૬૯માં થયેલા રાજગીર સર્વોદય સંમેલનમાં બિહાર-દાનની ઘોષણા થઈ. ત્યાં સુધીમાં બિહારનાં ઘણાં ખરાં ગામોમાં-કુલ ૬૦,૦૬૫ ગામોએ ગ્રામદાનની સ્વીકૃતિ પર મહોર લગાવી દીધી હતી. પૂરા દેશમાં થઈને ગ્રામદાનોની સંખ્યા ૧,૩૭,૨૦૮ સુધી પહોંચી હતી. ભૂદાન-યજ્ઞનું આ ચરમ (ઉચ્ચ) શિખર હતું. આના પછી આ ગામોમાં આ આધાર પર ગ્રામદાન સંકલ્પપત્રોના અમલીકરણનું જે કામ થવું જરૂરી હતું તે અને ગ્રામસ્વરાજની દિશામાં આગળ વધવાનું કામ થઈ શક્યું નહીં. કેટલાંક કારણોથી તે બની શક્યું નહીં. આમ છતાં કેટલાંક ગામોમાં ચોક્કસ ઉલ્લેખનીય કામ થયું. ગ્રામદાનમાં છુપાયેલી સંભાવનાઓનાં દર્શન પણ થયાં. પરંતુ એ પર્યાપ્ત નહોતું. પ્રતિકૂળ સંજોગોની સામે તે કામ વધારે દિવસ ટકી શક્યું નહીં. ગામને, સમાજને તોડવા માટે કેટલીક શક્તિઓ તત્પર હતી; જે આજે પણ છે. તેનો સામનો કરવા માટે આવશ્યક (જરૂરી) લોકચેતના આંદોલન સંગઠિત થઈ શક્યું નહીં. ધીમે ધીમે આંદોલન સંકેલાતું (સંકોચાતું) ગયું.

સંકલ્પપત્રો તો હજારો ગામોમાં સ્વીકારાઈ ગયા હતા પણ ગ્રામદાન કાયદાની અંતર્ગત (પ્રમાણે) બહુ જ ઓછાં ગામોની નોંધણી થઈ શકી કે જેનાથી એને કાયદા દ્વારા વ્યાપક અધિકારો મળી શક્તા હતા. આમ છતાં પણ કેટલાંક રાજ્યોમાં ગ્રામદાન કાયદો ન હોવા છતાં અને કેટલાંક રાજ્યોમાં ગ્રામદાન કાયદો નાબૂદ થવા છતાં પણ આજે ૩૬૬૦ ગ્રામદાની ગામ કાયદાની રીતે નોંધાયેલાં છે. એટલે કે ત્યાં બીજું કંઈ થાય કે ન થાય, જમીન ગ્રામસભાના નામે છે. ભૂદાનમાં અત્યાર સુધી ૪૭.૬૬ લાખ એકર જમીન દાનમાં મળી છે. તેમાંથી લગભગ ૨૫ લાખ એકર જમીનનું વિતરણ થઈ શક્યું છે. રાજ્ય સરકારો પાસે સીલિંગ કાયદા હેઠળ આખું તંત્ર અને સંસાધન હોવા છતાં આનાથી બે-ગણી જમીન જ તે વહેંચી શકી છે. તમામ પ્રકારની પ્રતિકૂળતાઓ, સંસાધનોનો અભાવ, કાર્યકર્તાઓનો અભાવ, આ બધું હોવા છતાં ભૂદાન-યજ્ઞને મળેલી આ ઉપલબ્ધિ જેવી-તેવી નથી. નૈતિક સ્તર પર એની ઉપલબ્ધિ શાનદાર છે.

આંદોલન પૂરું થયું. કાર્યકર્તા વિખરાઈ ગયા. નવા યુવાનોની આજે સ્થિતિ એ છે કે પ્રશાસન અને રાજનીતિના ક્ષેત્રમાં કોઈને ભૂદાન-ગ્રામદાનની બાબતે ન કોઈ પૂરી જાણકારી છે કે ન પૂરતી સમજ. કાર્યકર્તા પણ પૂરી જાણકારી રાખતા નથી. પછી સમાજની બાબતમાં તો શું કહેવું? ભૂદાન-ગ્રામદાનના સંબંધમાં પ્રાથમિકતા રાખીને કામ કરવાવાળા કે એમાં રસ-રુચિ રાખવાવાળા કાર્યકર્તાઓની સંખ્યા નગણ્ય છે. પરિણામે ભૂદાન-ખેડૂત અને ગ્રામદાની ગામોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ભૂદાન-ગ્રામદાનનું અસ્તિત્વ જ ભયમાં છે. આપણી આ ગૌરવશાળી વિરાસત, ગુમનામીના અંધકારમાં ખોવાઈ જવાનો ડર છે.

ભૂદાન અને ગ્રામદાનને કાયદાકીય ટેકો/આકાર આપવા માટે ઘણાં રાજ્યોમાં તે અંગેના કાયદા બન્યા. એના નેજા હેઠળ ભૂદાન-ગ્રામદાન બોર્ડ તેમજ સમિતિઓ બની. આજે સ્થિતિ એ છે કે કર્ણાટક, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને આસામમાં એ અંગેના કાયદા નાબૂદ કરવામાં આવ્યા છે. રાજસ્થાનમાં કાયદાની મહત્ત્વપૂર્ણ જોગવાઈના મુદ્દાઓ કાઢી નાંખ્યા છે. કેરલ અને જૂના મુંબઈ રાજ્યમાં કાયદો બન્યો જ નહોતો. કેટલાંક રાજ્યોમાં કાયદો છે પણ બોર્ડ નાબૂદ થયાં છે - જેમ કે બિહાર અને આંધ્રપ્રદેશ- અથવા બોર્ડ બનાવ્યાં જ નથી. જ્યાં થયાં છે ત્યાં પણ રાજનીતિક કે પ્રશાસનિક આધિકારીઓની નિમણૂક થઈ છે. રાજસ્થાનમાં એની જોગવાઈઓ હળવી કરી દેવામાં આવી. ક્યાંય પણ આ કાયદાનો સરખી રીતે અમલ થઈ રહ્યો નથી. ૨૦૧૩માં, મહારાષ્ટ્રનું મેંઢા ગામ ગ્રામદાની બન્યું. કાયદા પ્રમાણે એને પંચાયતના અધિકાર તરત જ મળવા જોઈએ પણ મળ્યા નહીં. એટલે ન્યાયાલયમાં જવું પડ્યું. છેલ્લે ૨૦૨૪માં તે અધિકાર મળ્યો. જોકે આજે પણ પ્રશાસનની રીતે જરૂરી કેટલીય બાબતોનો અમલ થયો નથી.

આ સ્થિતિ છે ભૂદાનની. તો આજે આપણે શું કરી શકીએ? પહેલી વાત તો એ કે એનો પૂરેપૂરો અભ્યાસ, એનો ઇતિહાસ તેમ જ એ વિચારનું પણ અધ્યયન. આજે આપણી પાસે નથી તેના ઇતિહાસ બાબતે પૂરી જાણકારી કે નથી પૂરા વિચારની સમજ. દુનિયા ખૂબ ઝડપથી બદલાઈ રહી છે. આજે દુનિયામાં જે પ્રવાહ ચાલી રહ્યો છે, તેની પાછળ ચાલી રહેલી જે શક્તિઓ છે એ વિચારનો અભ્યાસ કરવો જ પડશે જેથી કરીને આપણે આપણો વિચાર પ્રભાવશાળી રીતે મૂકી શકીએ. વિનોબા અધ્યયન પર કેટલું જોર આપતા હતા એ આપણે જાણીએ છીએ. છતાં સામાન્ય રીતે અધ્યયનની ઉપેક્ષા જ થઈ છે. આ પણ આપણું આંદોલન વિખરાવાનું એક કારણ છે. આપણો વિચાર એટલો નવો, મૌલિક અને ઊંડો છે કે તેના અધ્યયનની વિશેષ જરૂર છે. જયપ્રકાશજીએ એક વાર કહ્યું હતું કે આપણી સર્વોદયની, સમાજ-પરિવર્તન કરવાની જે પદ્ધતિ છે તે ''પૂરી રીતે આપણે સમજી શક્યા નથી તો પછી બીજાને તો એ સમજણ કેવી રીતે પડે.'' આથી આપણે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપણી સમજણ વધારવી પડશે જ.

ભૂદાનની બાબતમાં એક કામ કરવા જેવું છે. જે રેકોર્ડ (દસ્તાવેજ) છે એને બરાબર રીતે વ્યવસ્થિત કરવો પડશે. કેટલાંક રાજ્યોમાં તો રેકોર્ડ સરખી રીતે મળતો જ નથી. રાજ્યના મહેસૂલ વિભાગનું અજ્ઞાન, અક્ષમતા અને ભ્રષ્ટાચારને કારણે ઘણી બધી અનિયમિતતા થઈ છે. કેટલીક જગ્યાએ ભૂદાનની જમીનો પર ભૂદાનજમીન હોવાનો ઉલ્લેખ પણ નથી. વિદર્ભમાં આપણા મિત્ર નરેન્દ્રભાઈ બૈંસ આ બાબતમાં ઘણું કામ કરી રહ્યા છે. કાયદામાં જરૂરી સંશોધન નહીં થવાને કારણે પણ ઘણી સમસ્યાઓ પેદા થઈ છે. એ સંબંધમાં પણ કામ કરવાની જરૂરિયાત છે.

ભૂદાન-ખેડૂતો સાથે પણ આપણો સંબંધ રહ્યો નથી. ૨૫ લાખ એકર જમીનની આપણે વહેંચણી કરી છે. લાખો પરિવારોએ જમીન આપી, લાખો પરિવારોને જમીન મળી. તે બધા આપણા સર્વોદય સિપાઈ બનવા જોઈએ. એમની મારફત હજારો ગામોમાં આપણો પ્રવેશ થવો જોઈતો હતો. ગ્રામદાન નિમિત્તે પણ આપણે હજારો ગામોમાં ગયા હતા. આથી ગ્રામદાનની બાબતમાં કંઈક ખળભળાટ (શબ્દ સંચાર) જરૂર થયો હતો. આ પાયા પર આગળ વધી શક્યા હોત. પણ તે થઈ શક્યું નહીં. ચાલો, જે થયું તે થયું. પરંતુ આજે પણ ભૂદાન-ખેડૂતો સાથે સંપર્ક, ગ્રામદાની ગામો સાથે સંપર્ક કરી તેમની તકલીફોને પ્રશાસન સુધી પહોંચાડવી, એમની મુશ્કેલીઓ દૂર કરવાનો પ્રયત્ન કરવો, એમને સંગઠિત કરવા એ માટેના પ્રયત્નો તો થઈ જ શકે. તે આપણી જવાબદારી છે અને ફરજ પણ.

ગ્રામદાનની બાબતમાં ઘણું થઈ શકે તેમ છે. ગ્રામદાની ગામોમાં નવી પેઢી સુધી ગ્રામદાનનો વિચાર બરાબર રીતે પહોંચ્યો નથી. કેટલાંક ગામોમાં કંઈક ને કંઈક સેવાનાં, ગ્રામવિકાસનાં કામ થઈ રહ્યાં છે. જંગલોની પાસેનાં ગામોમાં એમનો જંગલ પર સામૂહિક અધિકાર આપવાનો કાયદો થયો છે. મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાનાં લગભગ ૧૦૦ ગામોએ આ અધિકાર મેળવ્યો છે. એ ગામો સુધી ગ્રામદાનનો વિચાર પહોંચે અને ત્યાં એની અધ્યયન પ્રક્રિયા શરૂ થાય તેવી કોશિશ થઈ રહી છે. અધ્યયનથી શું થઈ શકે એનું ઉદાહરણ ગઢચિરોલી જિલ્લાના મેંઢા ગામે પ્રસ્તુત કર્યું છે. આ પ્રક્રિયાને કારણે એ ગામે સર્વસંમતિથી ગ્રામદાનનો સ્વીકાર કર્યો. ગ્રામદાન, ગામને ખેતર-જમીનની માફક જંગલ પર પણ સામૂહિક અધિકાર આપી શકે છે. ગ્રામદાનનો સ્વીકાર એકાએક તો નહીં થઈ શકે એટલે સ્વશાસનની ચેતના જગાડવા માટે, ગ્રામસભાઓને સશક્ત કરવા માટે પણ ઘણું કામ કરવું પડશે. સમાજનાં બધાં સ્તરે આ વિચાર પહોંચાડવાનો પ્રયાસ તો સાથેસાથે થવો જ જોઈએ.

આ બહુ વ્યાપક વિષય છે પરંતુ થોડા સમયમાં એક રૂપરેખા મૂકવાની મેં કોશિશ કરી છે. સૌનો આભાર.. જય જગત...

**– પરાગ ચોલકર**

(પવનાર-મિત્રમિલનમાં આપેલ પ્રવચન મઠારીને) **– અનુ. ભદ્રા સવાઈ**

# તોપોના ધડાકા વચ્ચે બંસરી વાદન !

‘‘**આ** ચારે બાજુ વિકરાળ યુદ્ધો ચાલી રહ્યાં છે અને પુષ્કળ નુકસાન થઈ રહેલ છે, હજારો લોકો મરી રહ્યા છે, ત્યારે તમને અધ્યાત્મના લેખો લખવા સૂઝે છે ? તમે પણ ટ્રમ્પ અને નેત્યાનાહુ જેવા છો. લોકોની જરા પણ પડી નથી. જરા પણ કરુણા નથી. જૂના સમયમાં રોમમાં એક રાજા હતો જેના વિષે એક વિધાન હતું કે રોમ જ્યારે બળતું હતું, ત્યારે નીરો ફિડલ વગાડતો હતો. તમારું આવું જ છે. આ યુદ્ધો કેમ અટકે એની વાતો લખોને ! મનુષ્યોને કેમ બચાવવા તે વિષે કહો ને ! શું અધ્યાત્મ-અધ્યાત્મની વાતો કર્યા કરો છો !’’ એક જબરો ગુસ્સાભર્યો ઠપકો મળ્યો.

વાતેય સાચી છે. યુક્રેન, ઈરાન, મધ્ય-પૂર્વ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન... સર્વત્ર યુદ્ધો ચાલે છે. મિસાઈલોના ધડાકા સંભળાય છે. ટી.વી. જુઓ તો આ બધું જ દેખાય છે. ત્યારે આ બધું કેમ અટકે અને જગત શાંતિથી કેમ રહે તેની ચર્ચા કરવાની જરૂર છે. આવી ઊંચી ઊંચી વાતો કરવાનો કોઈ અર્થ નથી.

પણ સવાલ એ છે કે આ યુદ્ધો કે અશાંતિ છે કેમ ? તેનું મૂળ શું છે ?

અને સમાંતરે એ પણ સવાલ પૂછવા જેવો છે કે આ અધ્યાત્મ પણ છે શું ? અને તે શા માટે છે ?

પ્રથમ એ જાણીએ કે યુદ્ધ શા માટે થાય છે ? મનુષ્ય ઉત્પન્ન થયો ત્યારથી યુદ્ધ શરૂ થયું છે અને આજે ટ્રમ્પ સુધી ચાલુ છે. પણ શા માટે ? કારણ શું ?

કારણ છે મનુષ્યની માનસિક અશાંતિ. વ્યર્થ મહત્ત્વાકાંક્ષા. ‘‘હું જ સાચો’’ એ અહંકાર. અન્યોએ મારે તાબે રહેવું જોઈએ એવો ભ્રામક ખ્યાલ. અને પાયામાં પોતા વિશેનું અજ્ઞાન. આ બધાના મિશ્રણથી તેનું મન નકારાત્મક બને છે અને બધાએ તેને વશ રહેવું જોઈએ એવું તે માને છે. આવું તો બને નહિ, એટલે ન માનનારાને દબાવવા યુદ્ધ કરે છે. દરેક સમયમાં આવા લોકો હોય છે જેઓ સત્તા કબજે કરે છે અને યુદ્ધને આમંત્રણ આપે છે.

પણ બહુમતી લોકો આ નેતાનો વિરોધ કેમ નથી કરતા ? તેને અટકાવતા કેમ નથી ? લોકોને પોતાને જ યુદ્ધમાં નુકસાન થાય છે. છતાં નેતાને કેમ અટકાવતા કેમ નથી ?

કારણ કે આવી વૃત્તિઓ બહુમતીમાં હોય છે. અભિમાન, અહંકાર, બીજાને તાબે કરવાની વૃત્તિ.... લગભગ લોકોમાં હોય છે. પણ તેમાંના મોટા ભાગના લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે. એટલે પોતા વિષે નાની છબી ધરાવતા હોય છે. એટલે તેઓ નેતા બની શકતા નથી. પણ ‘‘આવી વૃત્તિવાળા’’ જે નેતા આવે છે, તેમને ટેકો આપે છે ! નેતાઓ આવા લોકો પર જ નભે છે. આવા લોકો જ આવા નેતાઓને ‘‘બહુમતી’’થી ચૂંટે છે. અને તેવા નેતા આવાં દુષ્કૃત્યો કરે છે, ત્યારે તેમને આ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

લોકોનો જ ટેકો મળી જાય છે. ''માટે'' યુદ્ધો થાય છે. યુદ્ધોમાં નેતાઓને લોકોનો આડકતરો ટેકો હોય છે - તેઓ જ દુઃખી અને હેરાન થતા હોવા છતાં !

પણ જગતના મહત્તમ લોકો તો ધાર્મિક છે. તેમને તો શાંતિ, પ્રેમ, એકતા વગેરેનો ઉપદેશ મળે છે. બધા 'સબકા માલિક એક' બોલે પણ છે. તો પછી યુદ્ધને ટેકો કેમ આપે છે ?

ધાર્મિક હોવું પરંપરાગત છે, હૃદયથી નથી. કોઈ પણ પહેલા વડીલે એક ધર્મ અપનાવ્યો, એટલે પછીની પેઢીઓ વિચાર્યા વિના તે સ્વીકારી લે છે. ઉપદેશો સાંભળે છે કે ધાર્મિક સ્થાનોમાં જાય છે તે પણ પરંપરાનું જ પરિણામ છે. તેમાં સમજ નથી. એક રૂઢિ જ છે. એટલે શ્રેષ્ઠ ઉપદેશ સાંભળવા છતાં તેનો કોઈ જ પ્રભાવ લોકો પર પડતો નથી. એવા ને એવા જ રહે છે.

બીજું, ધર્મ પર પણ પકડ તો એવા જ મહત્ત્વાકાંક્ષી લોકોની હોય છે, જેમને પોતાનો પ્રભાવ ફેલાવવાની વાસના હોય છે. મૂળ સ્થાપકો ચોક્કસ સંતો હોય છે. પણ ચેલા ખાસ આધ્યાત્મિક તો ઠીક, ધાર્મિક પણ નથી હોતા. એટલે જ ગાદીના ઝગડા થાય છે. આવા વડાઓ સંકુચિત અને સ્વાર્થી હોય છે. તેઓ પોતાના પંથ સિવાયના લોકોને ધિક્કારતા હોય છે. એટલે તેઓ પણ પોતાના શિષ્યોને ઉશ્કેરતા હોય છે. એટલે શિષ્યો પણ ઉશ્કેરાટમાં જીવતા હોય છે. તેમને પણ લડાઈ-ઝગડા કે યુદ્ધ ફાવતાં હોય છે. નેતાઓ આવા લોકોના ટેકાથી જ યુદ્ધ કરતા હોય છે. આજનું ઇઝરાયેલ-ઈરાન યુદ્ધ પણ રાજકીય સાથે ધાર્મિક યુદ્ધ પણ બની ગયું છે ! પણ મૂળે મહત્ત્વાકાંક્ષા અને સ્વાર્થી નેતાઓ અને ધાર્મિક વડાઓના કારણે યુદ્ધો થાય છે. અને મહત્તમ લોકો કોઈ ને કોઈ ધર્મ સાથે જોડાયેલા હોય છે, એટલે તેઓ જાણતાં અજાણતાં ટેકો આપે જ છે. જુઓ, લડાઈ થાય છે ઈરાનમાં અને દેખાવો થાય છે પાકિસ્તાન અને પી.ઓ.કે.માં ! આમ કેમ બને છે ? આ લોકોને શું સંબંધ ? વિચારો !

આને અટકાવી શકે કેવળ સાચો ધર્મ - જેને અધ્યાત્મ કહે છે. ધર્મમાં 'મારો ધર્મ' અને 'તારો ધર્મ'નાં વિભાજન હોય છે, પણ અધ્યાત્મમાં આવું કશું નથી. અધ્યાત્મ એ ધર્મ નથી, પણ પોતાની સાચી ઓળખનો મુદ્દો છે. ધર્મમાં 'પોતાનો' અને 'પારકો' છે, પણ અધ્યાત્મમાં તો સમગ્ર જગત એક જ ચેતનાનો વ્યાપ છે. એટલે સમગ્ર જગત 'એક' જ છે. અને જો એક જ હોય, તો કોઈ જ પારકું નથી. બધાં જ 'ભાઈ-બહેનો' છે. તેમના વચ્ચે લડાઈ કે ઝગડા શક્ય છે ? ધાર્મિક વ્યક્તિ ભેદભાવમાં માની શકે, પણ આધ્યાત્મિક વ્યક્તિ તો કેવળ એકતામાં જ માની શકે. તેને કોઈ જ પારકું ન લાગે. બધા જ ઈશ્વરનાં સંતાન છે. બધાનો માલિક એક જ છે.

પણ તે આધ્યાત્મિક હોય તો ! તો જ આ ચિંતન અને ભાવ શક્ય છે. કેવળ આધ્યાત્મિક વ્યક્તિ જ બધાને 'પોતાના' માની શકે. તેમના મનમાં સાંપ્રદાયિક દીવાલો ન હોવાથી બધાને એક માની શકે અને સહુને પ્રેમ કરી શકે. ધર્મમાં માનનાર માટે આ શક્ય નથી, સિવાય કે અંદરથી આધ્યાત્મિક હોય. ભલે બહારથી કોઈ ધર્મને માને, પણ અંદરથી આધ્યાત્મિક હોય. ધાર્મિકતા કદાચ પરંપરાગત હોય, પણ આધ્યાત્મિકતા અંદરની સમજથી ઊગી હોય. ધાર્મિક થવું જન્મદત્ત અને સામાજિક છે, પણ આધ્યાત્મિક થવું તો અંદરની ચેતના જાગૃત થાય તો જ શક્ય છે. અને તે મોટા ભાગના માટે શક્ય નથી. કોઈ સંત આવે તો પણ આટલા મોટા સમૂહને કેળવવો એ સહેલું નથી.

બીજું, કદાચ કેળવવા જાય તો પણ ધર્મના ઠેકેદારો તેમના ચેલાઓને તેની પાસે જવા પણ ન દે. અને, મહત્ત્વની વાત એ છે કે ધાર્મિક વ્યક્તિના મનમાં જન્મોજનમથી ધાર્મિક ભ્રમણાઓ ઘૂસી ગઈ હોય છે, જે સંત પાસે થોડો સમય બેસવાથી નાબૂદ ન થઈ શકે. એ માટે તો લાંબી સાધના જોઈએ, ઊંડું ચિંતન જોઈએ અને વ્યાપક સમજ જોઈએ. મહત્તમ લોકો પોતાના સંસારમાં એટલા તો વ્યસ્ત હોય છે કે તેમને આવું કરવા માટેનો સમય જ નથી હોતો. કદાચ સમય કાઢે તો કુટુંબીજનો તે કરવા પણ ન દે. તેમને સંસારના સંકુચિત કાદવમાં જ પકડી રાખે. એટલે પણ તેમના માટે શક્ય ન બને. કોઈ વિરલા જ આમાંથી મુક્ત થઈ શકે અને સંસારનું મહાભિનિષ્ક્રમણ કરી શકે. માટે જ તેઓ બુદ્ધ કે મહાવીર કે મહાત્મા કે ઋષિ કહેવાય છે. બાકી બધા તો સાદા સીધા સામાન્ય જીવન જીવતા લોકો જ કહેવાય છે. અને આવા લોકો તો, સમજના અભાવે, આવા યુદ્ધખોર નેતાઓ અને સંકુચિત વડાઓને જ વંશ કહે છે.

નેતાઓ અને વડાઓને સુધારવા અશક્ય છે. તેઓ અધ્યાત્મને પોતાની પાસે આવવા જ ન દે. તેઓ એક કોચલામાં જીવે છે. કૂવામાંના દેડકા છે. 'પોતે જ સાચા છે' એવા ભ્રામક ખ્યાલમાં રાચે છે. તેઓ બંધિયાર મન ધરાવે છે. માટે તેઓ ન જ સુધરે !

પણ હા, સામાન્ય મનુષ્ય પાસે આશા છે. તે જડ નથી, માટે કદાચે સાચી વાત સ્વીકાર તૈયાર થઈ શકે. તેને 'સુખી' થવું છે. જો અધ્યાત્મ સુખ આપે તો તેને અપનાવવા તૈયાર થઈ શકે. એટલે તેને જો વિશાળતાનું, પ્રેમ અને શાંતિનું અને પ્રગતિનું મહત્ત્વ સમજાવાય, તો તેમનું મન તૈયાર થાય. એટલે જ તેમની પાસે આ વાતો કરવા અધ્યાત્મના લેખો મહત્ત્વના છે.

શાંતિ અને આનંદ કેવળ ને કેવળ અધ્યાત્મ આપી શકશે, નેતા કે ધાર્મિક વડાઓ નહિ આપી શકે. કેવળ સંતો અને તેમની આધ્યાત્મિક વાતો જ આપી શકશે.

માટે જ યુદ્ધના સમયમાં અધ્યાત્મની વાતો મહત્ત્વની છે. મહત્ત્વના ટ્રમ્પ કે નેત્યાનાહુ નથી, દલાઈ લામા છે. મિસાઈલ નહિ, બંસરી છે !

**- હરેશ ધોળકિયા**

*સ્વતંત્રતા તેની શોધ કરવાથી પ્રાપ્ત થતી નથી, સત્યની શોધ કરવાથી તે મળે છે.*

**○ લીઓ ટોલસ્ટોય ○**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# રચનાત્મક કાર્યક્રમોની મર્યાદાઓ

ગાંધીજી વિનોબાજી-જયપ્રકાશજીના વિચારો પ્રમાણેના રચનાત્મક કાર્યક્રમોના છેલ્લાં ૪૫ વર્ષના મારા અનુભવોને સ્વમૂલ્યાંકન માટે પ્રસ્તુત કરી રહ્યો છું.

રચનાત્મક કાર્યક્રમો દ્વારા આપણે ગ્રામ-સ્વરાજના માર્ગે આગળ વધવા માંગીએ છીએ. તેની પ્રયોગભૂમિ છે સમતામૂલક સમાજ, જે ગામના શ્રમજીવી સમાજમાં જ જોવા મળે છે. શહેર તો લોભને કારણે બન્યાં છે, જ્યાં બુદ્ધિજીવીઓની બુદ્ધિ ભટકાય છે, અને કેન્દ્રિત શાસન-સત્તા અને અર્થસત્તા સમાજને વિઘટનના માર્ગ પર લઈ જાય છે.

ગ્રામીણ જીવનમાં અમારો પ્રવેશ આરોગ્યસેવાઓને કારણે થયો. કસ્તુરબા હૉસ્પિટલ સેવાગ્રામની આસપાસનું ગ્રામીણ ક્ષેત્ર અમારી પ્રયોગ-ભૂમિ બની રહ્યું. ગ્રામસ્વરાજ્યનું સપનું અમે જોતા હતા, તેથી ગામ દત્તક લીધાં. ગ્રામ-સભા સંગઠન બનાવવાનું અમારું ધ્યેય હતું.

અંત્યોદય અંગેની પ્રાથમિકતા માત્ર સર્વોદયના વર્તુળમાં હતી. વર્ગસંઘર્ષને નકાર હતો. ચેરીટી કરવાથી (એટલે કે મફતમાં સેવાઓ આપવાથી) આપણે લોકોને ભીખ માંગતા કરી દઈશું, તેવું અમે માનતા તેથી દરેક કુટુંબ પોતાની શક્તિ પ્રમાણે યોગદાન આપે અને દરેકને તેની જરૂરિયાત મુજબ સેવાઓ મળી રહે એવા સમાજવાદી વિચારને અંજામ આપવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પરિણામે ગામના લોકો તેમને મળેલા વચન પ્રમાણેની ગુણવત્તાવાળી આરોગ્યસેવાઓ ન મળે તો ઝગડો કરવા સુધી પહોંચી શકતા હતા. તેમનો 'હક માંગવાનો અધિકાર' જીવિત રહ્યો. અચાનક કોઈ બીમારી આવી પડે તો તેનો ઉપાય નિઃશુલ્ક કરાવી શકાતો હતો. પરંતુ આવી આરોગ્ય-સેવાઓનો દુરુપયોગ કરનાર વ્યક્તિને પણ દવાખાનાના બિલના ૫૦% ચૂકવવા પડતા હતા.

આખું ગામ સહભાગી થાય તો જ ગામને દત્તક લેવામાં આવતું હતું. વર્ષની શરૂઆતમાં વીમા કાર્ડ કરવામાં આવતા હતા. પોતાનો ભાગ (Share) જુવારના સ્વરૂપમાં આપ્યા પછી દરેકને આવું કાર્ડ અપાતું. મજૂર પરિવાર ૧૨ પાયલી જુવાર આપે અને ખેડૂત પરિવાર પોતાની દરેક એકર જમીન દીઠ ૨ પાયલી જુવાર વધારાની આપે. ખેતી સિવાયના બીજા કોઈ પણ વ્યવસાય જો કરતા હોય તો તેણે ૧૨ પાયલી વધારાની જુવાર આપવાની રહેતી. પોસાય તેવી, સહજપ્રાપ્ય, પહોંચી શકાય તેવા સ્થળે અને ગુણવત્તાવાળી સ્વાસ્થ્ય વીમા યોજના સાકાર થઈ. આ અમારો પહેલો પડાવ હતો.

### અમે શું મેળવ્યું ?

○ ગરીબમાં ગરીબ કુટુંબ સુધી પહોંચી શક્યા.

○ બધાં ગામો છેલ્લાં ૪૫ વર્ષથી યોજનામાં સાતત્યથી જોડાયેલાં છે.

○ ગ્રામજનો શોષણખોર ખાનગી આરોગ્યક્ષેત્રથી બચી શક્યા.

○ રાજ્ય આરોગ્ય માટે જેટલો ખર્ચ ફાળવે છે (જી.ડી.પી.ના ૧ થી ૧.૩%) તેટલા ખર્ચમાં ગુણવત્તાપૂર્ણ આરોગ્યસેવાઓ આપી શકાઈ. સંસાધનો સરખે ભાગે વહેંચી શકાય અને સેવક ટ્રસ્ટીની ભૂમિકાથી કામ કરે તો ગુણવત્તાપૂર્ણ આરોગ્યસેવાઓ પહોંચાડી શકાય છે, તે બાબત સાબિત કરી શકાઈ.

○ યોજનાના અમલીકરણમાં સ્વેચ્છાએ યોગદાન આપનારા ગ્રામીણ કાર્યકર્તાઓ મળી આવ્યા.

○ અમને સારા ડૉક્ટર તરીકેની વિશ્વસનીયતા પ્રાપ્ત થઈ.

### શું શીખ્યા ?

સમાજની સહભાગિતાના ઉત્તરોત્તર ચાર આયામ જોવા મળ્યા. પહેલો સમુદાયનું પાલન, જેમાં સમાજ તમારી સેવાઓનો સ્વીકાર કરે છે. બીજો, સમુદાયનું ભળવું. સમાજ પ્રયોગના અમલીકરણમાં સાથ આપે છે. ત્રીજું, સમુદાયની ભાગીદારી, જેમાં સમાજ શ્રમ, વસ્તુ કે સંપત્તિના રૂપમાં પોતાનું યોગદાન આપે છે. ચોથું, સમુદાયનું સામેલ થવું જેમાં ભાગીદારી સ્વયંભૂ અથવા સહજ હોય છે, ચેતના જાગૃતિ દ્વારા સંગઠિત શક્તિનું પ્રદર્શન કરાવે છે. આ એક રાજકીય આયામ છે. ગ્રામસભાના સંગઠન માટે આ આયામ સુધી પહોંચવું જરૂરી છે.

આરોગ્યસેવાની જરૂરિયાત વ્યક્તિ-વિશેષને (જેને એની જરૂર પડે) સ્પર્શે છે, સમગ્ર સમાજને એકસાથે તેનો સ્પર્શ થતો નથી. તેથી 'સમગ્ર સમાજનું તેમાં જોડાવું' (Community Participation) એ સહેલાઈથી બનતું નથી. આરોગ્ય વીમા યોજના સાતત્યપૂર્વક જરૂર ગ્રામ્યજીવનમાં અમલમાં લાવી શકાઈ પરંતુ સમાજની ભાગીદારી ન થઈ શકવાને કારણે ગ્રામસભાનું આરોહણ સંગઠન સુધી પહોંચી શક્યું નહીં.

### બીજો પડાવ

વિકાસના રસ્તે અમે સમાજની ભાગીદારી સુધી પહોંચી શકીશું એવી આશાથી આરોગ્યસેવાના પાસાથી આગળ વધીને અમે આખા ગામના વિકાસ માટેના કાર્યક્રમો કરી શક્યા.

૧. એક ઘર-એક પાયખાનું યોજના.

૨. લીફ્ટ ઈરીગેશન સ્કીમ.

૩. ઘરે-ઘરે નળ પહોંચાડવાની યોજના.

૪. દરેક પરિવારનો સમાવેશ કરતી દૂધ ડેરી.

આ યોજનાઓ એમનેમ સાકાર નહોતી થઈ. ગામલોકોએ પોતપોતાની શક્તિ પ્રમાણે યોગદાન આપ્યું. ગ્રામપંચાયત/શાસનની યોજનાઓ પાસેથી આર્થિક સહયોગ લીધો, બેંકની લોન પણ લીધી. ગામનાં બધાં કુટુંબો આમાં જોડાય તે આવશ્યક માનવામાં આવ્યું હતું. લીફ્ટ ઈરીગેશન તેમજ દૂધ ડેરીના સંચાલન માટે સહકારી મંડળી બનાવવામાં આવી. આ મંડળીઓના સંચાલનના મૂલ્યવર્ધન માટે તેના બંધારણમાં નીચે પ્રમાણે માળખાકીય પરિવર્તન સ્વીકારવામાં આવ્યાં.

૧. કોઈ પણ નિર્ણય ઓછામાં ઓછા ૭૫% સભ્યોની લેખિત સંમતિથી જ કરી શકાશે. પરિણામે અમે મંડળીમાં ચૂંટણી કરવાનું



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ટાળી શક્યા. સત્તા, સ્પર્ધાને તિલાંજલી આપી શક્યા.

૨. બધા સભ્યોને માન્ય હોય તેવો એક મધ્યસ્થી નીમવામાં આવશે. મંડળીની કારોબારી બેઠકમાં નિર્ણય સર્વાનુમતિથી ન થઈ શકે તો એવા મુદ્દા પર મધ્યસ્થીની સલાહ લઈ શકાશે. એ સલાહ અનુસાર પણ મંડળીની કારોબારી સર્વાનુમતિ પર ન આવી શકે તો સામાન્ય સભામાં ઓછામાં ઓછા ૭૫% સભ્યોની લેખિત સંમતિ મુજબ નિર્ણય થશે.

૩. આર્થિક પારદર્શકતા માટે સર્વાનુમતિ જરૂરી રહેશે.

ઉપરોક્ત બંધારણના અમલથી સહભાગી રાજકારણનાં બી વવાયાં.

આવક ઊભી કરવા માટેના કાર્યક્રમો, ખાસ કરીને દૂધ ડેરીથી આર્થિક સમૃદ્ધિ આવી. આર્થિક વિકાસ પોતાની સાથે દારૂ, ગ્રામપંચાયતમાં હરીફાઈ, સટ્ટાબાજી, કોર્ટ-કચેરીને લઈ આવ્યો. ગામમાં ખૂન પણ થયું.

## શું શું શીખવા મળ્યું

માત્ર આર્થિક વિકાસ ચરિત્ર-હનન તરફ લઈ જાય છે. વિકાસ-કાર્યક્રમોમાં અમે જોયું કે જે ભાગીદારી દેખાતી હતી તે સ્વાર્થથી ભેગી થયેલ ભીડ હતી. સ્વાર્થ જ બળવત્તર થયો હતો. બહારથી દેખાતો સંગઠિત સમાજ અંદરથી સંબંધોમાં પોલો હતો. ભીડ ઉન્મત્ત હોય છે, જે હિંસાને જન્મ આપે છે.

સ્વાર્થથી, મોહથી, દ્વેષથી સહજ ભીડ ભેગી થઈ જાય છે. અમે ભીડ એકત્ર કરી હતી, સમાજ નહીં. સમાજ તો એ હોય જે શ્રદ્ધાથી એકબીજા સાથે ગૂંથાયેલો હોય, નિષ્ઠાથી બંધાયેલો હોય, સંબંધોમાં રમમાણ હોય.

## ત્રીજો પડાવ

અમે મિત્રો સંગઠિત સમાજની એક ઝલક જોવા ગુજરાત ગયા. સ્વાધ્યાય પરિવાર (પાંડુરંગ શાસ્ત્રી આઠવલે)ને સમજવા. અમે જોયું કે હજારોની સંખ્યામાં જનસામાન્ય વ્રતબદ્ધ રીતે સમાજસેવા માટે નીકળતો હતો. અભ્યાસ કરવાથી જાણવા મળ્યું કે આ કેવી રીતે થયું - પાંડુરંગજીએ જનમાનસની શ્રદ્ધાને સ્પર્શ કર્યો હતો. હવે સમજાયું કે આદર્શ સમાજ સંગઠન ભક્તિમાર્ગમાંથી પસાર થશે. ભક્તિ જનસામાન્યને સુલભ લાગે છે. જ્યારે ભક્તિ અને કૃતિ ભેગાં થાય છે ત્યારે સમાજપરિવર્તનનાં બી વવાય છે.

અમે ગ્રામીણ સમૂહમાં વ્રતબદ્ધતાનાં માધ્યમ શોધ્યાં તો તે અમને નીચેની બાબતોમાં તે મળી આવ્યાં :

૧. વસ્ત્ર સ્વાવલંબન (ખાદી-કપાસથી કપડું, પોતાને માટે)

૨. અન્ન સ્વાવલંબન (સ્વાવલંબન માટે સજીવ ખેતી)

૩. નાણાંકીય સ્વાવલંબન (મહિલા બચતજૂથના માધ્યમથી)

અહીં ગાંધીની યાદ આવી જેણે સ્વાવલંબન, એ સશક્તિકરણનું પહેલું ચરણ છે એ વાત આપણને સમજાવી હતી. બજારમુક્તિ એ શોષણથી બચવાનો મંત્ર છે એવી સમજણ એમણે આપી હતી. મહિલા બચતજૂથ સિવાય અન્ય સ્વાવલંબનના વિચારની માન્યતામાં આખું ગામ જોડાયું નહીં. મહિલા બચત જૂથ બધાં ગામોમાં બન્યાં કારણ કે તેનો પાયો જ આર્થિક હતો.

અમે નીચે પ્રમાણેના આદર્શ માળખાકીય પરિવર્તનના આગ્રહ સંસ્કારિત કરી શક્યા :

૧. સર્વાનુમતિથી નિર્ણય - આ સમૂહને એક સંઘ રૂપે બાંધી રાખે છે અને સર્વાનુમતિના નિર્ણયોમાં ભગવાન બોલે છે.

૨. ગ્રામકોષનું નિર્માણ, જેનાથી સામૂહિક કૃતિ-કાર્યક્રમને ગતિ મળે.

૩. આર્થિક પારદર્શકતા.

મહિલા બચતજૂથ પોતાને પ્રાપ્ત સર્વસ્વીકૃતિને કારણે કૃતિશીલ બનીને ગામમાં દારૂબંધી કરવા સુધી આગળ વધી શક્યું. અમે સાચા માર્ગે ચાલી રહ્યા છીએ તેનો અહેસાસ અમને થયો.

## અમે શું શીખ્યા

- સંગઠનની સાથે હિંસા આવી શકે છે, દૂધ ડેરીના અનુભવે અમને આ વાત સમજાવી.
- મહિલાઓનું સંગઠન નૈતિકતાનો રસ્તો પકડે છે. સમાજમાં અનૈકિતાનો માર મહિલા વર્ગ પર સૌથી વધુ પડે છે. દાદા ધર્માધિકારી કહેતા હતા કે મજૂર કુટુંબની મહિલા 'શ્રમજીવીઓમાં પણ સૌથી વધુ શ્રમજીવી' હોય છે. સંગઠન કરવું જ હોય તો મહિલાઓથી શરૂઆત કરવી જોઈએ. નૈતિકતાનું રક્ષણ સમાજમાં મહિલાઓ સહજતાથી કરી શકે છે.
- નૈતિક સંગઠનને પણ સેનાપતિ હોવો જરૂરી છે. એટલે કે નૈતિકતા પર આધ્યાત્મિક અંકુશ હોવો જોઈએ. નૈતિકતાને આધ્યાત્મિક દિશા-દર્શન મળવાં જોઈએ.

સેનાપતિ આધ્યાત્મિક ન હોય તો સહકારી મંડળીને વિખેરાતી પણ અમે જોઈ. આધ્યાત્મિક નેતૃત્વ મંત્ર (દિશાદર્શન)નું કામ કરે છે, માત્ર તંત્ર પરિવર્તન (રચનાપરિવર્તન)થી ચરિત્રનિર્માણ નથી થતું. શ્રદ્ધા ધરાવનાર સમાજને અનુકરણીય રૉલમૉડેલની જરૂર હંમેશાં રહેવાની.

## પડાવ ચોથો

ગ્રામસ્વરાજને પૂરક એવા ભક્તિમાર્ગની શોધ હવે અમે શરૂ કરી. તેમાં અમને ગુરુદેવ (તુકડોજી) સેવા મંડળનો મૌલિક વિચાર ધ્યાનમાં આવ્યો જે સગુણ સાકાર ઈશ્વરની સંકલ્પનાનો નકાર કરે છે, જેથી સંપ્રદાયના અહંકારને તક જ આપતો નથી. પરિણામે ગુરુદેવ સેવા મંડળમાં હિંદુ, મુસ્લિમ, ઈસાઈ, બૌદ્ધ બધા જ સામેલ થયેલા છે. સગુણ નિરાકાર સમાજની નિષ્ઠાને જ ઈશ્વર માને છે. તેથી સમાજ વિઘટિત ન થાય તેનાં બી વાવવામાં આવે છે. ગુરુ ગ્રામગીતા તેમજ તેમનાં ભજનો-ગીતોના માધ્યમથી વિવિધ કૃતિભક્તિના કાર્યક્રમો તેઓ કરે છે.

## શું શીખવા મળ્યું

- જ્ઞાનમાર્ગી ગુરુની ગેરહાજરીમાં ભક્તિપંથ કર્મકાંડમાં ડૂબેલો દેખાયો.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

○ અમે સમજ્યા કે શ્રદ્ધા છે, આસ્થા છે, પરંતુ ભક્તિની ઉત્ક્રાંતિ નથી થઈ. સમાજ પાપભીરુ જ રહ્યો છે.

○ જ્ઞાનમાર્ગી સેનાપતિ અવશ્યંભાવી છે.

**પડાવ પાંચમો**

મહારાષ્ટ્રમાં 'પાની પંચાયત'ની આગેવાનીમાં વૉટરકપ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જળસંરક્ષણથી આગળ વધીને જમીન સંરક્ષણ સુધી આગળ વધ્યા. આખા ગામના શ્રમની ભાગીદારી તેમજ મહેનતથી જમીન-જળ સંરક્ષણમાં આગેવાની લેનારાં ગામોને જ ઈનામ મળ્યાં. મારા કાર્યક્ષેત્રનાં ૨૫ ગામોમાંથી ૪ ગામોએ જ ભાગ લીધો. ઈનામ પણ મળ્યાં. પરંતુ શ્રમદાનથી ગ્રામવિકાસ સાધવા તેમજ જમીન અને જળ સંરક્ષણથી સ્વાવલંબન માટે સજીવ ખેતી તરફ તેમના કદમ આગળ ન વધી શક્યા. હરીફાઈમાં જ સામૂહિકતાની ઇતિશ્રી થઈ ગઈ.

**શું શીખ્યા**

○ જેમ એક વ્યક્તિનું ચરિત્ર હોય છે તેમ સમાજનું પણ ચરિત્ર હોય છે. ૪૫ વર્ષના સાતત્યપૂર્ણ સંપર્ક છતાં માત્ર ચાર ગામોમાં જ સામૂહિક ચરિત્ર જોવા મળ્યું. ઈનામનો લોભ તેમજ હરીફાઈની પ્રેરણાથી આવેલી ભરતી ઓટમાં પરિવર્તીત થઈ ગઈ.

○ અન્યાય જ્યારે તેની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે સમાજ એક વળાંક (પડખું ફેરવે) લે છે. પરંતુ તે સંપૂર્ણ ક્રાંતિ સુધી પહોંચતો નથી. અધૂરા વળાંકમાં (કે પડખું ફેરવવાથી) જ તે સંતોષ માની લે છે. આગ ઓલવાઈ જાય (તાત્કાલિક કટોકટી શમી જાય) પછી જ્ઞાનમાર્ગી પરિવર્તનની 'ધડપડ' જોવા મળતી નથી. આમ સામૂહિક પરિવર્તનમાં કાળનું પોતાનું સ્થાન છે. જ્યાં સુધી એ સમય ન પાકે ત્યાં સુધી સાધકે તો નિરંતર શિક્ષણની ધૂણી ધખાવ્યે જવાની હોય છે. કાળક્રમે વિચાર જ્યારે સર્વમાન્ય બને ત્યારે સમાજ પરિવર્તન માટેનો વળાંક લેશે. ત્યાં સુધી ''દીવાની વાટ સાચવીને રાખો'' અથવા મુ.કાંતિભાઈ શાહના શબ્દોમાં બીજસંગ્રહ કરો.

**છઠ્ઠો પડાવ**

મેંઢા (લેખા) ગામનો અનુભવ : મેંઢા ગામમાં ભાગીદારીની પરાકાષ્ઠા સંઘર્ષ સુધી પહોંચી. તેમને માટે જીવન-મરણનો પ્રશ્ન હતો, ગામલોકોએ ગ્રામદાનને (૧૦૦% ભાગીદારી) સમજણપૂર્વક સ્વીકાર્યું પરંતુ રાજકીય અનુકૂળતા ન હોવાને કારણે ગ્રામદાનનો કાયદો લાગુ કરાવવા માટે અદાલતનો દરવાજો ખખડાવવો પડ્યો. ન્યાયતંત્ર તરફથી અનુકૂળ ચુકાદો આવવા છતાં શાસન ન્યાયાલયના કહેવા છતાં પણ કાર્યાન્વિત થયું નહીં. ગ્રામજનો માટે સંઘર્ષનું સાતત્ય ટકાવી રાખવું સહેલું નથી હોતું. વળી જનસામાન્ય ખૂબ જલદીથી સંતોષ માની લે છે, તે બાબત પણ આડખીલી રૂપ બને છે.

**શું શીખવા મળ્યું**

સામાન્યજનના સશક્તિકરણ સુધી પહોંચ્યા પછી પણ રાજકીય ઇચ્છાશક્તિ જરૂરી બને છે.

રાજ્ય તરફથી થતી હિંસાના વિરોધમાં પોતાનાં પગલાં ભરવામાં લોકનીતિ હંમેશ અચકાતી હોય છે. રચનાત્મક પરિવર્તન સંઘર્ષ સિવાય અધૂરું છે. અને સંઘર્ષ માટેની માનસિકતા તેમજ તૈયારી સમયકાળ પ્રમાણે ઊભરતી હોય છે. સમગ્ર વિચાર છતાં ગાંધીજીએ સમાજપરિવર્તન માટે રાજકીય બાબતોને કેમ પ્રાથમિકતા આપી તે હવે સમજાય છે.

અને વિનોબાજીએ 'ગ્રામદાન તૂફાન' પછી વ્યક્તિગત સામર્થ્યની મર્યાદાને ઓળખીને અને રાજકીય ઇચ્છાશક્તિની ઉદાસીનતા જોઈને સૂક્ષ્મમાં પ્રવેશ કેમ કર્યો તે પણ હવે સમજાય છે.

**રચનાત્મક કાર્યક્રમોની યાત્રામાં મળેલી શીખ**

○ ''લોકો માટે આરોગ્ય''ના કાર્યક્રમમાં લોકોની ભાગીદારી ઊભી થતી નથી.

○ માત્ર આર્થિક વિકાસ ચરિત્રહનન તરફ લઈ જાય છે.

○ સ્વાર્થ સાધવા માટે બનેલું સંગઠન હિંસા તરફ વળે છે.

○ ભક્તિમાર્ગ તેમજ વ્રતબદ્ધ જીવનશૈલી સાત્ત્વિક સંગઠનનો આધાર બને છે.

○ શ્રદ્ધાથી ગૂંથાયેલો, નિષ્ઠાથી બંધાયેલો અને સંબંધોમાં જીવતો હોય - તેને સમાજ કહેવાય.

○ કૃતિભક્તિનું પાથેય સમાજ-પરિવર્તનનાં બી વાવી શકે.

○ મહિલાઓનું સંગઠન નૈતિક રહે તેની શક્યતા વધુ છે.

○ નૈતિક સંગઠનના સાતત્ય માટે સેનાપતિ આધ્યાત્મિક હોય તે જરૂરી છે.

○ તંત્રપરિવર્તન થાય તેટલું પૂરતું નથી. તે મંત્રઆરૂઢ થવો જોઈએ.

○ જ્ઞાનમાર્ગી ગુરુની ગેરહાજરીમાં મંત્ર કર્મકાંડમાં ડૂબતો જોવા મળશે.

○ લોકોમાં શ્રદ્ધા/આસ્થા છે પરંતુ ભક્તિની ઉત્ક્રાંતિ નથી થઈ.

○ સામૂહિક પરિવર્તનમાં કાળ(સમય)નું પોતાનું સ્થાન છે.

○ અન્યાય જ્યારે પરાકાષ્ઠા પર પહોંચે છે, ત્યારે સમાજ પરિવર્તનનું પાસું ફેરવે છે.

○ વિચાર જ્યાં સુધી બધાને સ્વીકાર્ય ન બને ત્યાં સુધી જ્ઞાનમાર્ગી સાધકની ફરજ છે - નિરંતર લોકશિક્ષણનું કામ કર્યે જવાની. 'પણતી જપૂન ઠેવા'.

○ સામૂહિક પરિવર્તનની આકાંક્ષા હોય તો રાજનૈતિક બાબતો પર કામ કરવું પડશે. (ગાંધી)

○ પરાક્રમ (હિંમત)ની પરાકાષ્ઠા પછી સામાન્ય માણસની ચેતના જાગૃત થાય ત્યાં સુધી રાહ જોવી પડે છે. (વિનોબા)

**- ડૉ. ઉલ્હાસ જાજુ**

(૧૫.૧૧.૨૦૨૪ પવનાર મિત્ર મિલનમાં મુકાયેલા વિચારો, ભાષાંતરિત)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# યુદ્ધ ક્યારેય વાજબી હોઈ શકે નહીં

*('સદીઓનું શાણપણ' એ લીઓ તોલ્સતોયનું આખરી સર્જન હતું. તેમાં સદીઓના શાણપણનું સંકલન તેમણે કર્યું છે – વિશ્વના સર્વશ્રેષ્ઠ મહામાનવોના શાણપણભર્યા વિચારોનું આ સંકલન તેમણે લગભગ પંદર વર્ષના ગાળા દરમિયાન કર્યું. 'ઓએસિસ'ના સંજીવ શાહે તેનું ભાષાંતર કરીને આ મહત્ત્વનું પુસ્તક ગુજરાતીમાં ઉપલબ્ધ કર્યું છે. અહીં તેમાં યુદ્ધ અંગેના વિચારોનું સંકલન રજૂ કર્યું છે. યુદ્ધને લીધે સર્જાયેલા કંઈક ઉન્માદપૂર્ણ, અસ્વસ્થ અને ચિંતાજનક વાતાવરણમાં સ્વસ્થ ચિંતનની પ્રેરણારૂપ આ મોતીબિંદુઓ ઉપયોગી થશે તેવી આશા સાથે. -સં.)*

હિંસા એટલા માટે નુકસાનકારક છે કારણ કે તે ધનસંપત્તિના વેશમાં આવે છે. અને તેથી ખરેખર જેમના માટે જુગુપ્સા થવી જોઈએ તેવી બાબતો માટે તે થોડું માન ઊભું કરે છે. જે લોકો પાસે સત્તા છે તેઓને એવી પ્રતીતિ છે કે હિંસાથી જ લોકોને દોરી શકાય, અને તેથી હયાત વ્યવસ્થાને ટકાવવા માટે તેઓ હિંસાનો ઉપયોગ કરે છે. પરંતુ હયાત વ્યવસ્થા હિંસા પર નહીં, લોકમત પર આધારિત છે.

કોઈ વ્યક્તિનું સર્જન બીજાઓને દબાવીને વશ કરવાથી કે બીજાઓના હુકમનું પાલન કરવાથી નથી થયું. બંને પ્રકારની વર્તણૂકમાં લોકો ભ્રષ્ટ થાય છે. પહેલામાં તેઓ પોતાના માટે વધારે પડતા મહત્ત્વ અને બીજા પ્રકારમાં ખૂબ ઓછા આદરની ધારણા બાંધી લે છે. બંને રસ્તે બહુ ઓછું ગૌરવ રહેલું છે.

**– વિક્ટર કન્સિડરેન્ટ**

જે હિંસા પર આધાર રાખે છે, તે ખોટી રીતે વર્તે છે. સુંદર ભાષણો આપનાર શાણપણભર્યો નથી, જે ધિક્કાર અને ભયથી મુક્ત છે તે જ ખરેખર શાણો મનુષ્ય છે.

**– બૌદ્ધ શાણપણ**

યુદ્ધ આ વિશ્વની સૌથી ખરાબ, સૌથી ભયાનક બાબતોમાંની એક છે. શસ્ત્રસજ્જ દુનિયા અને જેઓ યુદ્ધો આદરે છે તેઓ તો એક દિવસ ખતમ થઈ જશે, પરંતુ આ દુનિયાના શાસકો કે રાજાઓ નહીં. યુદ્ધ તો તેમના માટે ફાયદેમંદ હોય છે. યુદ્ધનો ભોગ બનેલ લોકો જ્યારે પૂરેપૂરી રીતે સમજશે કે યુદ્ધ કેવું અનિષ્ટ છે તે ક્ષણે જ યુદ્ધ અટકી જશે.

યુદ્ધ દ્વારા જે ભૌતિક હાનિ થાય છે તે ઘણી મોટી હોય છે. છતાં યુદ્ધ સમયે શુભ અને અશુભ બાબતોની વિકૃત સમજણ, જ્યારે જાતે વિચાર નહીં કરી શકતા લોકોનાં અંતરમાં ઘુસાડવામાં આવે છે, ત્યારે જે નુકસાન થાય છે તેની સરખામણીમાં, એ હાનિ પ્રમાણમાં ઘણી ઓછી હોય છે.

**– લાઓત્ઝુ**

યુદ્ધની દુર્દૈવ ઘટનાઓ અને યુદ્ધ માટેની તૈયારીઓનો, યુદ્ધ માટે અપાતાં ખુલાસાઓ કે કારણો સાથે બહુ ઓછો સંબંધ હોય છે. ખરાં કારણો તો સામાન્ય રીતે એટલાં ક્ષુલ્લક હોય છે કે તેઓ ખરેખર ચર્ચાને પણ લાયક નથી, અને જેઓ મૃત્યુ પામે છે તેઓ માટે સદંતર અજાણ્યાં હોય છે.

હાલના સમયના યુદ્ધનું કારણ ચીલાચાલુ રાષ્ટ્રવાદ, યુરોપનું સંતુલન કે મહત્ત્વાકાંક્ષાઓથી ન્યાયી ઠેરવાય છે. જો લોકોમાં મહત્ત્વાકાંક્ષાઓ હોય તો તેને પુષ્ટિ આપવાનો આ વિચિત્ર રસ્તો કહેવાય, જેમાં યુદ્ધ દરમિયાન લોકો સાથે એટલા બધા ગુના આચરવામાં આવે છે : ઘરોની તારાજી, લૂંટફાટ, અત્યાચારો, લૂંટફાટ અને સામૂહિક હત્યાઓ.

**– એનેતોલ ફ્રાન્સ**

યુદ્ધ એ હત્યા છે. ભલે યુદ્ધ કરવા માટે ગમે તેટલા લોકો ભેગા થાય, કે તેઓ પોતાને ગમે તે નામે બોલાવે. હત્યા એ દુનિયાનો સૌથી ખરાબ અપરાધ છે. મોટા ભાગના લોકો હવે કોઈ પણ યુદ્ધની કેવળ નિરુપયોગિતા જ નહીં, તેની પાછળની મૂર્ખામી અને ક્રૂરતાને પણ સમજે છે.

પરંતુ જ્યાં સુધી લોકો સરકારની રાજ્ય કરવાની, કરવેરા નાંખવાની, કાયદાઓ બનાવવાની અને સજા કરવાની સત્તાને નામંજૂર નહીં કરે, ત્યાં સુધી યુદ્ધ કદીયે બંધ નહીં થાય. યુદ્ધ એ સરકારની સત્તાનું પરિણામ છે

--૦--૦--

કમનસીબે યુદ્ધ કે તેની ભયંકર ક્રૂરતાઓ કે અત્યાચારોનાં વર્ણનો લોકોને તેમાં ભાગ લેતા રોકી શકતા નથી. એક સાક્ષીએ રશિયા-જાપાનના યુદ્ધનું વર્ણન કરતાં કહ્યું, જ્યારે તે જાપાનના હુમલા સમયે 'વારિયેગ' નામના યુદ્ધ જહાજના ડેક પર હતો – તે એક ભયંકર દશ્ય હતું. બધે જ લોહી, માંસના ટુકડાઓ, માથું ધડથી જુદું હોય તેવાં શરીરો હતાં. લોહીની ગંધ એટલી આકરી હતી કે સૌથી કઠણ અને મજબૂત કાળજાના મનુષ્યોને પણ તમ્મર આવી જતાં. જુવાન ઑફિસરો માર્યા ગયા, જહાજના નાયકને પણ મસ્તકમાં ઈજા થઈ હતી. ગંદવાડ, ભયંકર બીમારીઓ, ભૂખમરો, આગ, વિનાશ, અનિષ્ટ -આ છે લડાઈની ભવ્યતા, આ જ છે યુદ્ધ.

**– હેન્રી હાર્ડ્યુઈન ગાર્ડ્યુએન**

જો મારા સૈનિકો વિચારવાનું શરૂ કરે, તો મારા સૈન્યમાં એક પણ સૈનિક નહીં રહે.

**– ફ્રેડરિક બીજો**

યુદ્ધોને ત્યારે જ અટકાવી શકાય જ્યારે તેમાં સહભાગી ન થવા બદલ લોકો જુલમ સહન કરવા તૈયાર હોય. કેવળ આ જ એક રસ્તો છે.

--૦--૦--

જ્યાં સુધી હિંસા છે, ત્યાં સુધી યુદ્ધ રહેવાનું છે. હિંસાને કોઈ વધુ હિંસાથી નહીં, કેવળ તેની સામે અવરોધ અને તેની સાથે અસહભાગિતાથી જ તેને રોકી શકાશે.

**-લેટ નો**

તમે મને પૂછો છો, શું સભ્ય સમાજના લોકો માટે યુદ્ધ કરવું



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જરૂરી છે ? અને હું તમને કહું છું કે તે હંમેશાં બિનજરૂરી જ હતું, તે ક્યારેય જરૂરી નહોતું અને ક્યારેક જ નહીં, પણ હંમેશાં તે માનવતાના સામાન્ય વિકાસનો નાશ કરનારું, ન્યાયનું નિકંદન કાઢનારું અને બધી પ્રગતિને રોકી દેનારું સાબિત થાય છે. સરકારો યુદ્ધને માટે જે કારણો આપે છે તે હંમેશાં આંખ પર પડદો નાંખનારાં હોય છે, ખરેખર તેની પાછળ બિલકુલ વિપરીત કારણો અને ઇરાદાઓ હોય છે.

**– ગાલ્સ્ટન મોક**

○ યુદ્ધનાં અનિષ્ટોની વાત કરવાનો સમય પાકી ગયો છે. માનવજાતિનો ઇતિહાસ કહે છે કે આવી બાબતો થવી જ ન જોઈએ.

○ એના કરતાં વધુ વાહિયાત બાબત કઈ હોઈ શકે કે કોઈ વ્યક્તિ મને મારી નાંખવાનો અધિકાર ધરાવે છે, કારણ કે અમે નદીના બે સામસામા કિનારે રહીએ છીએ અને અમારા રાજાઓ (આજે નેતાઓ) પરસ્પર ઝગડી રહ્યા છે ?

**– બ્લેઝ પસ્કેલ**

અંતે, ટોલ્સ્ટોય કહે છે તે વાત જ સાચી અને આશાજનક લાગે છે.

આ વિશ્વમાં યુદ્ધ કોઈ રાજકારણીથી અટકી શકવાનું નથી. જે યુદ્ધનો ભોગ બનનાર પેઢી છે તેમનાથી જ તે અટકશે.

તેઓ એક અત્યંત સરળ રસ્તો અપનાવશે. નિર્દોષ લોકોને મારવા માટે થનારા સત્તાધારીઓના હુકમ ઉઠાવવાનું બંધ કરશે.

આ વિશ્વમાંથી યુદ્ધની વિભિષિકાનો જલદીમાં જલદી અંત આવે એવી પ્રાર્થના કરીએ.

('સદીઓનું શાણપણ'માંથી સાભાર.) **-સંકલિત**

---

(બાજુની કોલમનું ચાલુ)

મળે. સૌ શાણા બની વિશ્વને યુદ્ધમુક્ત કરીએ.

યુદ્ધ પ્રતીક છે બર્બરતાનું, નાદાનિયતનું, પાગલપણાનું; વળી વિશ્વબંધુત્વમાં આડખીલીરૂપ પણ.

આવો! સૌ એક થઈ એખલાસ અને એકતાનાં બીજ રોપીએ, કૂટનીતિનો કરીએ ત્યાગ. સૌના ચેન માટે જગતમાંથી મૂડી, સંપત્તિ, શાસન અને સત્તાને નિર્મૂળ કરી કંગાલિયતની જંજીરોમાં જકડાયેલી અસમર્થ માનવજાતને ઉગારીએ. યુદ્ધો વિરુદ્ધ યુદ્ધ માંડીએ, ને વિશ્વને શાંતિ અને સાંત્વન બક્ષીએ! **અનુવાદ : કિરણ ન. શીંગ્લોત**



# રક્ત પારકું હોય કે પોતાનું....

**સાહિર લુધિયાનવી**

*(યુદ્ધો એ માનવજાતિ માટે અભિશાપરૂપ અને આપત્તિસમાન છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી રશિયા અને યુક્રેન, તથા ઈઝરાયેલ અને ખાડી દેશો વચ્ચે જંગ મંડાયો છે. આટલું બાકી હતું તે વળી યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના તઘલખી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ યુદ્ધ માંડીને વિશ્વશાંતિને ડહોળી છે. ગઈ સદીમાં માનવજાત બે ખતરનાક વિશ્વયુદ્ધોમાંથી પસાર થઈ છે, જેમાં આશરે આઠ કરોડ માનવીઓ મરી ચૂક્યા હતા. છેલ્લાં બે હજાર વર્ષોમાં માનવજાતિએ લગભગ બે હજાર યુદ્ધો જોયાં છે. યુદ્ધ એ માનવતા વિરુદ્ધનો અપરાધ છે. શાસકોના પાગલપણાની સજા સામાન્ય પ્રજાએ ભોગવવી પડે છે. યુદ્ધો ઈમારતોનો નાશ, આર્થિક બેહાલી, સામાજિક અને માનસિક તાણ, અસંખ્ય નિર્દોષ માનવીઓનાં મૃત્યુ, જનજીવનની બરબાદી, પર્યાવરણનો નાશ, શરણાર્થીઓની વણઝાર, રોજિંદી સેવાઓમાં અવ્યવસ્થા તેમ જ માનવીય વિકાસમાં આડખીલી ઊભી કરે છે. માનવ એક માત્ર મૂર્ખ પ્રાણી છે. કોઈ પ્રાણી કે પંખી પોતાના જાતિબંધુઓનો સામૂહિક વિનાશ કરતાં નથી. એક માત્ર માનવીને જ આ રોગ લાગુ પડયો છે. યુદ્ધોથી વિશ્વની કોઈ સમસ્યા હલ થતી નથી. એ સામ્રાજ્યવાદ, સરહદવાદ અને રાજકીય ઘેલછાનું પ્રતીક છે. વિખ્યાત શાયર સાહિર લુધિયાનવીએ લખેલી યુદ્ધખોર માનસિકતા વિરોધી કવિતાનો ગુજરાતી અનુવાદ અહીં નમ્રતાપૂર્વક રજૂ કર્યો છે. )*

રક્ત પારકું હોય કે પોતાનું આખરે તો એ માનવજાતનું જ છે! યુદ્ધ પૂર્વમાં થાય કે પશ્ચિમમાં અંતે તો એ વિશ્વશાંતિનો જ વધ છે!

બોમ્બ ઘરો પર પડે, કે ત્રાટકે સરહદ પર ન કેવળ ઈમારતો, પણ મનુષ્યતા જખ્મી બને છે. ખેતરો આપણાં બળે, કે સળગે અન્યનાં જિંદગી માનવીની તરફડે છે ભૂખમાં.

યુદ્ધટેન્ક આગળ વધે, કે પીછેહટ કરે, કૂખ તો ધરતીમાની વાંઝણી બને છે. ઉજવણી જીતની હોય, કે શોક હોય હારનો; જિંદગી મડદાં પર આક્રંદ કરે છે. જંગ ખુદ એક પેચીદો મામલો છે, યુદ્ધથી સમસ્યાઓનો ઉકેલ ક્યાં છે? જંગથી આજે વરસશે આગ અને રક્ત, આવતીકાલે એ બનશે ભૂખ અને બેહાલીનું વરદાન. એટલે જ તો, ઓ સભ્ય માનવીઓ! જંગ ટળે એમાં જ માનવજાતનું શ્રેય છે. આપણા સૌના આંગણમાં વિશ્વશાંતિ અને બંધુત્વની જ્યોત પ્રજ્વળે એ જ વાંછનીય છે!

કોઈની શ્રેષ્ઠતા પુરવાર કરવા શું રક્તની નદીઓ વહાવવી, અથવા અંધકાર દૂર કરવા શું યુદ્ધની જ્વાળા આવશ્યક છે?

માનવે સ્વપ્રગતિ માટે અનેક જંગો લડવાના છે. કેવળ અસ્ત્રોશસ્ત્રોથી ખૂન વહે, એ જ તો કંઈ યુદ્ધભૂમિ ન હોય. કેવળ રક્તપાત એ જ તો સમજદારી નથી. આ બદનસીબ ઈન્સાનિયતની દુનિયામાં આવો, આપણે સૌ એકબીજાની ફિકર કરીએ. સૌને જીવવાનું બળ મળે, સુકૂન

(જુઓ બાજુમાં)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ધરતી કી બાની હેલિયોં કી જુબાની

**શિ**ક્ષણના કામમાં ખૂંપેલી એક સંસ્થા સ્થાનિક સંસ્કૃતિ સાથે ઓતપ્રોત થયેલી કલાને સામાજિક નિસ્બત તરફ તેમજ સાંપ્રત પ્રશ્નો વિશે જાગૃત કરવા તરફ કેવી સંનિષ્ઠતાથી અભિમુખ કરી શકે, સામૂહિક ચિંતન અને આગળ જતાં સ્વચિંતનનો ઘાટ ઘડી શકે તેને સમજવાનો અને તેમાં સામેલ થવાનો અવસર હમણાં મળ્યો.

મધ્યપ્રદેશમાં છેલ્લાં ચાલીસેક વર્ષથી કાર્યરત અને હાલ ભોપાલ સ્થિત સંસ્થા 'એકલવ્ય' આયોજિત 'માળવા મહિલા કબીર યાત્રા-૨૦૨૬'માં સામેલ થવા ઢેઢુકી ગામમાંથી અમે છ બહેનો ગયાં હતાં. ભોપાલથી આશરે ૧૧૫ કિ.મી.ના અંતરમાં કુલ ૪ ગામો (અન્ય બે જિલ્લા મળીને)માં આ યાત્રા અંતર્ગત ભજનગાયનના કાર્યક્રમો ગોઠવાયેલા.

દરરોજ મુખ્ય બે બેઠકો થતી, તેમાં સવારના ભાગમાં બે-એક કલાક આગલા દિવસના સંદર્ભમાં પ્રતિભાવો ઉપરાંત વ્યક્તિગત શેરીંગ (જે માટે ત્યાં ખૂબ મોકળાશ અને મૈત્રીભર્યો સ્વસ્થ માહોલ સૌએ અનુભવ્યો) થતું. મોટાભાગનાં પરસ્પરને પહેલી વાર મળતાં હોવા છતાં સૌ ખૂલતાં ગયાં. સાંજની ત્રણેક કલાકની બેઠકમાં અલગ અલગ ગાયિકા બહેનોની પ્રસ્તુતિ રહેતી. આ પ્રદેશમાં વર્ષોથી સંત શીલનાથ, સંત ભાદુદાસ, ભુવાનીદાસ, ગોરખનાથ, વાલીનાથ, મંગલભારતી જેવા અનેક સંતોનાં તેમજ કબીરનાં નિર્ગુણ ભજનો ગવાતાં આવ્યાં છે. અહીં મહિલા ભજનિકોના કંઠે વહેતી નિર્ગુણ વાણીએ સહવાદકોના સથવારે શ્રોતાઓને તરબોળ કર્યા, નચાવ્યા. સવારની બેઠકોમાં ગાયિકા બહેનોમાંથી કેટલાકે પોતીકા સંઘર્ષોની કથાઓ જ્યારે સમૂહમાં મૂકી તેનાથી 'એકલવ્ય'ની ભૂમિકાની તાકાતનો પરિચય થયો.

માત્ર ભજનોનું મંચ નહીં પણ યુવાપેઢીને પ્રિય એવા રેપસૉંગ સ્વરૂપને પણ અહીં આવકાર છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની બે યુવા આદિવાસી બહેનો પણ ઉપસ્થિત હતી. પોતે વેઠેલી વાસ્તવિકતાઓને, પર્યાવરણ પરના જોખમોને એક ઘેરા આક્રોશ અને ઊંડી વેદના સાથે જાતે શબ્દોમાં ઢાળી એને લયબદ્ધ રીતે રજૂ કરી. સૌની વાહવાહ તો મેળવી જ પણ સૌને ગંભીરતાથી વિચારતા કર્યા. હવે આ કાર્યક્રમ પાછળની ભૂમિકામાં જઈએ.

કોઈને સહજ પ્રશ્ન થાય કે, શિક્ષણ અને ભજનયાત્રાને શું સંબંધ ?

'એકલવ્ય'ના કાર્યક્ષેત્રમાંના એક એવા 'દેવાસ'માં કામ કરતી વખતે કાર્યકરો -જેમાં સ્થાનિક અલ્પશિક્ષિત ગ્રામજનો તથા શિક્ષિતો સામેલ હતા-માં એક વિચારવલોણું ચાલ્યું કે શિક્ષણ એટલે માત્ર 'અન્યને શીખવવું' એ જ કે 'કંઈક પોતે શીખવું' એવું પણ ? આપણા સમાજમાં નવી આશાઓ કઈ રીતે પ્રગટે ? લોકતંત્રને લાયક પ્રજામાનસ કેવી રીતે ઘડાશે ? આપણી સંસ્કૃતિના કયા આયામો એવા છે જે અમીર-ગરીબ, ઊંચ-નીચ, ભણેલા-અભણ, ગામડું-શહેર, મહિલા-પુરુષ વચ્ચેના વિભાજનને વળોટી શકે ? - આ વિચારમંથનમાંથી ત્યાં ચાલી રહેલા સાક્ષરતા અભિયાન દરમ્યાન નવનીત સાંપડ્યું.

એ પ્રદેશમાં સેંકડોની સંખ્યામાં ભજનમંડળીઓ ગામેગામ ફેલાયેલી છે. સમતા-સમાનતાને ઉજાગર કરતી અને પોકળતાને પડકારતી તથા વૈજ્ઞાનિકતાને પોષતી એવી કબીર તથા અનેક નિર્ગુણ સંતોના હૃદયમાંથી સ્ફુટ થતી આ વાણી લોકકંઠે સચવાયેલી અને હૈયે વસેલી છે. પેલા વિચાર-બીજને કેન્દ્રમાં રાખતાં ૧૯૯૧માં 'કબીર ભજન એવમ્ વિચાર મંચ'ની રચના થઈ.

એના નામ પ્રમાણે મંચ માત્ર ભજનોની પ્રસ્તુતિ માટેનો નહિ બલ્કે ચર્ચા-વિચાર-વિમર્શ, સ્વચિંતન તરફ દોરી જતો બનતો ચાલ્યો. એનું આ સ્વરૂપ ઘડવામાં શ્રી નારાયણસિંહ દેલમિયાં, ડૉ. રામનારાયણ સ્યાગ, સ્વ. દિનેશ શર્મા જેવા લોકોના અથાગ પરિશ્રમનો સિંહફાળો રહ્યો. અનેક નામી-અનામી લોકો, સંસ્થાઓ, જૂથો આમાં જોડાતાં ગયાં. અને ભજનના શારીરિક અને ભાવનાત્મક આનંદને વિચારયાત્રામાં ઢાળતા ઢાળતા વ્યક્તિ તથા બહુજનસમાજને ઢંઢોળવાનું પ્રત્યક્ષ તેમજ પરોક્ષ-રૂપે થતું રહ્યું.

૧૯૯૨માં સંત કબીર ઉપર થયેલા એક આયોજન દરમ્યાન ગાયક શ્રી પ્રહ્લાદ ટીપન્યાજી, સંખ્યાબંધ ગ્રામીણજનો અને એકલવ્યના સ્નેહીજનોના સહિયારા પ્રયત્નોથી કબીરવાણી વિચાર એક વ્યાપક સાંસ્કૃતિક આંદોલનના રૂપમાં ઊભરી આવ્યું. કહો કે એક કાવ્યસંસ્કૃતિનું નિર્માણ થયું. આયોજનબદ્ધ કાર્યશાળાઓમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણથી થતી વિચારણાઓ પ્રત્યે અનેક યુવા ગાયકો-ગાયિકાઓ આકર્ષાયાં અને એકંદરે ધાર્મિક, રાજનૈતિક, સાંસ્કૃતિક તમેજ સાહિત્યિક ક્ષેત્રોમાં તેની ઊંડી અસર પડી. આમાં છોગું ઉમેરાયું લોકગાયક પ્રહ્લાદ ટીપન્યાજીની ઓડિયો કેસેટ - ''કબીર સોઈ પીર હૈ જો જાણે પર પીર'' બહાર પડવાથી. એની અકલ્પનીય લોકપ્રિયતા પછી કબીરની માળવા લોકશૈલીની ગાયકી દેશ અને વિદેશોનાં સંગીત-કેન્દ્રોમાં અધ્યયન તેમજ યુનિવર્સિટીઓમાં સંશોધનનો વિષય બની રહી.

સામાજિક ચળવળ બની રહેલો આ પ્રકલ્પ અલગ અલગ સમયે ક્રમશઃ રચાતા રહેલા કબીર જન વિકાસ સમૂહ, સદ્ગુરુ કબીર સ્મારક સેવા સમિતિ, માળવા કબીરયાત્રા, રાજસ્થાન કબીરયાત્રા દ્વારા પુષ્ટ થતો રહ્યો છે. તેના કેન્દ્રમાં કાયમ છે લોકસંરચનાઓ, લોકભાષા, લોકભાગીદારી, લોકાશ્રય તથા ભેદભાવરહિત કાર્યસંસ્કૃતિ. જ્યાં 'ભજન' ફક્ત 'ગાયન' નથી પણ અંધશ્રદ્ધા, વ્યસનો, સાંપ્રદાયિકતા, જ્ઞાતિભેદ, મહિલા શોષણ પ્રત્યે સંવેદના, નિસ્બત અને સક્રિય થવાનો એક પથ છે.

આમાંથી જન્મ થયો 'માળવા મહિલા કબીરયાત્રા'નો. એની અનૌપચારિક શરૂઆત કે પાયો નંખાવવાનું પરોક્ષ રીતે તો ઉપરોક્ત સમયગાળા દરમ્યાન થઈ જ ગયેલું. આ ગાળા દરમ્યાન ધ્યાનમાં આવ્યું હતું કે પુરુષ ગાયકો માટે ભજનયાત્રા, સાર્વજનિક મંચ, તેમાં ભાગીદારી વગેરેમાં સામેલગીરી જેટલી સરળ હોય છે તેટલી મહિલાઓ માટે નથી. દૈનિક જવાબદારીઓ, પરિવાર અને સમાજનાં બંધનો, માનસિકતાઓ વગેરે અવરોધો અત્યારના સમયમાં પણ વધતા-ઓછા છે જ. એવી

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સ્વેચ્છા

## (સ્વતંત્રતા મેળવવા ઝંખતી નારીની કથા)

**ઘ**ણી સ્ત્રીઓ જુદી માટીની બની હોય છે. આ દુનિયામાં એમનો જન્મ સામાન્ય ઘરેડમાં જીવવા કરતાં કંઈક જુદું કરવા માટે થયો હોય છે, અને અસામાન્ય હોવું/ બનવું એક સ્ત્રી માટે સહેલું તો નથી. આવું જ કંઈક પોતાના જીવનમાં અલગ કરવા મથતી એક સ્ત્રીની આ કથા છે.

તેલુગુ ભાષાની પ્રથમ નારીવાદી નવલકથા 'સ્વેચ્છા' એવી નારીની કથા છે જે સ્વતંત્રતાની શોધમાં છે, જે પોતાના અસ્તિત્વને ઓળખવા અને એને જાળવવા માટે મથે છે. અને અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીઓ માટે, અને આ સમાજમાં સારપ લાવવામાં પોતાનો થોડો ઘણો પણ ફાળો હોવો જોઈએ એવું એ દઢપણે મને છે. અને આ મથામણમાં એને કેટલું ભોગવવું પડે છે એની વાત આ પુસ્તકમાં ખૂબ સરળતાથી સમજી શકાય એવી રીતે દર્શાવવામાં આવી છે.

મૂળ તેલુગુ ભાષામાં લખાયેલી (મૂળ લેખક – વોલ્ગા) અને મીનલ દવે દ્વારા ગુજરાતીમાં અનુવાદિત આ નવલકથા ઘણાં વર્ષો પહેલાં લખાયેલી હોવા છતાં એનાં પાત્રો અને વાર્તા ખૂબ આધુનિક વિચારધારા વાળાં છે. 'સ્વેચ્છા' માટે એમને ઈ.સ. ૧૯૮૭માં શ્રેષ્ઠ નવલકથાનો પુરસ્કાર મળ્યો છે. વોલ્ગા એક મુલાકાતમાં એવું કહે છે કે – ''આમ તો મને ઇનામ કે પારિતોષિકથી કોઈ ફરક પડતો નથી. પરંતુ જ્યારે 'સ્વેચ્છા'ને પારિતોષિક મળ્યું ત્યારે મને ઘણો આનંદ થયેલો.'' પછી તો આ પુસ્તકને મબલખ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યું. પરંતુ આ પુસ્તક જ્યારે પ્રકાશિત થયું હતું ત્યારે એ સમયે એનો રાજકીય પક્ષો, ધર્મસંસ્થાઓ અને સાહિત્ય જગતમાં સખત વિરોધ થયેલો, કારણ કે પોતાની ઓળખ માટે, સ્વતંત્રતાની શોધ માટે ઘર, પતિ અને સંતાનને છોડતી સ્ત્રી આજે પણ આપણને સ્વીકાર્ય નથી, તો સાડા ત્રણ દાયકા પહેલાં તો કઈ રીતે સ્વીકાર્ય બને? વોલ્ગાની નાયિકા નવો ચીલો ચાતરતી હોવાથી કેટલાય બૌદ્ધિકોને એ સ્વીકાર્ય નહોતી. પરંતુ સામાન્ય વાચકને એ એટલી સ્પર્શી ગઈ કે બે વર્ષમાં એની એક લાખ નકલ વેચાઈ ગઈ.

આ વાર્તા છે અરુણા નામની એક મહત્ત્વાકાંક્ષી અને સ્વતંત્રતા માટે મથતી યુવતીની, જેનો જન્મ અને ઉછેર એક ખૂબ રૂઢિચુસ્ત અને સંયુક્ત પરિવારમાં થયો છે. નાની નાની બાબતો માટે ઘરમાં થતી માથાકૂટ, લેવી પડતી પરવાનગી અને ખિસ્સાખર્ચ માટેની તંગીમાંથી છૂટવા એ કંઈ પણ કરવા તૈયાર હતી. અભ્યાસ અને સાહિત્યમાં ખૂબ રસ હોવાથી એ જમાનામાં પણ એ એમ.એ. સુધી અભ્યાસ કરી શકી એનું બીજું કારણ આર્થિક તંગી પણ હતું. એની બહેનનાં લગ્ન તો એ ૧૫ વર્ષની હતી ત્યારે જ કરાવી દીધેલાં. પરંતુ દહેજના પૈસા ન હોવાને કારણે બીજું બધું તો ઠીક પણ અરુણા વધારે ભણી શકી.

ઉમા એની ખાસ બહેનપણી પણ આવા જ ખુલ્લા વિચારો ધરાવતી અને રિસર્ચમાં આગળ વધવા માટે તત્પર હતી. ઉમાનો સહવાસ એને ઘણી હિંમત આપતો. અરુણા કૉલેજમાં સાથે ભણતા પ્રકાશમ નામના યુવાનના પ્રેમમાં હતી પણ પોતાને નોકરી મળે પછી જ લગ્ન કરવાં, એ બાબતે પોતે મક્કમ હતી. અરુણાને હતું કે લગ્ન કરી આ ઘરમાંથી (પિતાના ઘરમાંથી) નીકળી પોતે સ્વતંત્ર થઈ શકશે. એને મન સ્વેચ્છા એટલે મન ગમતાં કપડાં પહેરવાં, ગમે ત્યારે બહાર જઈ શકવાની આઝાદી, મિત્રો સાથે સિનેમા જોવા જવાની છૂટ અને ઇચ્છા મુજબ પૈસા વાપરવા. ખાસ બહેનપણી ઉમા એને ચેતવે છે કે લોકો સ્વતંત્રતા જાળવી રાખવા લગ્ન નથી કરતા હોતા અને કુંવારા રહેવાનું પસંદ કરે છે. જ્યારે તું મરજી મુજબ જીવી શકે એ માટે પરણવા માંગે છે! પણ લગ્ન પછી પ્રકાશમ એકલો જ તારાં માતા-પિતા, ભાઈ ભાભી અને ફઈની ગરજ સારશે. પછી તારે એણે ગોઠવેલા ચોકઠામાં જીવવું પડશે. ઉમા જીવનની વાસ્તવિકતાથી વાકેફ હતી અને પરિપક્વ વિચારોવાળી હતી પરંતુ પ્રકાશમ પોતાને પ્રેમ કરે છે એ વિચારના પ્રેમમાં પડેલી અરુણાને પૂરો ભરોસો હતો કે પ્રકાશમ પોતાને દુઃખી નહીં કરે.

પરિવાર આ લગ્ન માટે રાજી નહીં જ થાય એવું જાણતી હોવાથી અરુણા અને પ્રકાશમ ઘરે જાણ કર્યા વગર જ કોર્ટ મેરેજ કરી લે છે. હા, પ્રકાશમ ખૂબ પ્રેમાળ પતિ છે, પણ એ તો જ્યાં સુધી અરુણા એની વાત માને, જ્યાં સુધી અરુણાનું જીવન ઘર, પરિવાર અને નોકરી પૂરતું સીમિત હોય. પોતાનાથી અરુણાની કોઈ સ્વતંત્ર ઇચ્છા કે વિચાર હોય એ વાત જ પ્રકાશમને સ્વીકાર્ય નથી. લગ્નનાં પાંચ વર્ષ સુધી માતૃત્વ ન ઇચ્છતી અરુણા ત્રીજે મહિને જ સગર્ભા બને છે અને એને પ્રકાશમની વાત પરથી સમજાઈ જાય છે કે દેહ ભલે પોતાનો હોય, માલિકી હવે પતિની હશે. ઘર, બાળક અને નોકરીની જવાબદારી એને શારીરિક અને માનસિક રીતે થકવે છે. આ ઘરેડ જીવન માટે એ નથી બની એનું એને ભાન છે. પણ પોતે શું ઇચ્છે છે એની એને સ્પષ્ટતા નથી. એક વખત પ્રકાશમ અને અરુણા બેંગલોર - મૈસુર ફરવા માટે જાય છે ત્યારે મૈસૂરમાં આવેલ ચામુંડી હિલ પર બસ ધીરે ધીરે ચડતી હોય છે અને અચાનક સામે એક મોટી ખીણ નજરે ચડી, એમાં એને કૂદી પડવાની ઇચ્છા થાય છે. બધું ફરી પાછાં હોટેલ પર આવ્યાં, ખૂબ થાક હોવા છતાં અરુણાને મોડે સુધી ઊંઘ ન આવી. ચામુંડી હિલ પર ચડતી વખતે અચાનક જે ખીણ સામે નજરે પડેલી, અરુણાના મન પર એણે ગાઢ અસર ઊભી કરી હતી. અચાનક જ એ લીલીછમ્મ ખીણ એની આંખો સામે પથરાઈ ગઈ. એનું મન વિચારે ચડ્યું -

''એ ખીણ પણ મારી જેમ એકલી, મૂંગી મૂંગી પોતાના વિચારોમાં જ ખોવાયેલી રહેતી હશે? પોતાના આ વિચાર પર અરુણાને પોતાને જ આંચકો લાગ્યો. હું ક્યાં એકલી છું? પ્રકાશમ તો સાથે છે. ખીણ પણ ક્યાં એકલી છે? કેટલાં બધાં પંખી છે, પશુઓ છે, માણસો છે....''

''પણ મારા મનના કોઈ ખૂણામાં એકલતા છે.''

''મારે ક્યાંક કોઈક સાથે સંવાદ સાધવો છે.''

''આ શું છે?''



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

''હું કેમ સમજી શકતી નથી?''

''કોઈને આવું નહી સમજાયું હોય કે એ ખીણ એકલી છે, ખાલી મને જ કેમ એમ લાગ્યું?'' પોતાની જાત સાથેના આ સંવાદો એની અસ્પષ્ટતા અને એકલતા દર્શાવે છે.

અરુણા કૉલેજમાં લેક્ચરર તરીકે નોકરી કરે છે. અને બાળકના જન્મ પછી પણ નોકરી ચાલુ રાખે છે. આર્થિક રીતે પગભર હોવું એ એના માટે ખૂબ જરૂરી હતું કારણ કે એ ખૂબ આર્થિક તંગીમાં ઊછરી છે. ત્રણ મહિનાની દીકરીને ઘરે મૂકી (સાસુ હતાં મદદ માટે) કૉલેજની નોકરી કરવી અરુણા માટે અઘરું હતું. પણ પ્રકાશમનાં મમ્મી કમલમ્મા ખૂબ સહયોગી અને કોઠાસૂઝવાળી સ્ત્રી હતાં. એમનો સહકાર અરુણાને હિમ્મત આપતો. કમલમ્માના કારણે જ અરુણા ઘર અને નોકરીનું સંતુલન જાળવી શકી. કમલમ્માનું પાત્ર મને અદ્‌ભુત લાગ્યું. સાવ અભણ બાઈના વિચારો કેટલા આધુનિક હોઈ શકે એ અહીં બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

પોતાના અધિકારો મેળવવાની લડાઈ માટે કૉલેજના લેક્ચરર ભેગા મળી એક ઍસોસિએશન બનાવે છે. કેશવરામ નામના લેક્ચરર અરુણાને પણ એમાં જોડાવા માટે કહે છે. અરુણા ખૂબ સક્રિયતાપૂર્વક આ એસોસિએશનનો હિસ્સો બને છે, અને એની પ્રવૃત્તિઓના કારણે ઘરે આવતાં ક્યારેક મોડું થાય તો ફરી પ્રશ્નો ઊભા થાય છે. આ ઉપરાંત 'ઉજાલા' નામના સામયિકમાં આર્થિક સહાય પેઠે દર મહિને સો રૂપિયા આપવાની વાત પણ અરુણા સ્વીકારે છે. આ સામયિક સમાજમાં ચાલતા અન્યાયો વિરુદ્ધ લખાણો પ્રકાશિત કરશે એ જાણી અરુણાને આ ઉમદા કામ માટે સો રૂપિયાની કિંમત નજીવી લાગી. પછી તો એ ઉજાલા માટે લેખો પણ લખે છે અને લેખ માટે માહિતી એકત્રિત કરવા કારખાનાઓ અને એવી ઘણી જગ્યાઓએ જાય છે જે પ્રકાશમને બિલકુલ પસંદ નથી. પુસ્તકો વાંચીને, આસપાસની દુનિયા જોઈને અને સામયિક માટે કામ કરીને અરુણાની દુનિયા હવે વિસ્તરી છે. એ સમાજના જુદા જુદા પ્રશ્નો માટે કામ કરે છે. એમાં એને એક ગજબનો સંતોષ મળે છે.


આટલી નાની નવલકથામાં વોલ્ગાએ સ્ત્રી સાથે સંકળાયેલી કેટલી બધી સમસ્યાઓને આવરી લીધી છે. દહેજ, શિક્ષણ, લગ્નવ્યવસ્થા, વિધવા સ્ત્રીની પરવશતા, બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીની અસહાયતા, દેહવિક્રય કરતી સ્ત્રીની લાચારી, આજે જેને 'લિવ ઈન રિલેશન' કહીએ છીએ એવું સહજીવન, કહેવાતા સમાજસેવીઓની સંકીર્ણ માનસિકતા, અને આવા કેટલાય પ્રશ્નો અહીં આવરી લેવામાં આવ્યા છે. સાથેસાથે આપણા સમાજજીવનની કેટલીક પરસ્પર વિરોધી છબીઓ પણ વોલ્ગા અહીં ઝીલે છે. જેમ કે – અરુણાની મોટી બહેનને ૧૫ વર્ષની ઉંમરે પરણાવી દેવાય છે અને ૩૧મા વર્ષે તો એ નાનીમા પણ બની ગઈ છે જ્યારે બીજી બાજુ ઉમા છે, જે પોતાની સ્વતંત્રતા જાળવી રાખવા વગર લગ્ને સુધીર સાથે સહજીવન પસાર કરી રહી છે. અરુણા સમયના બંધન વગર સામયિકનું કામ કરે એવું ઇચ્છનાર કેશવરાવ, પોતાની પત્નીને ઘરની બહાર પણ નીકળવા દેવા રાજી નથી કે પોતે શું કામ કરી રહ્યા છે એની વાત સુધ્ધાં એની પત્ની નથી જાણતી. આવા તો બીજા ઘણા વિરોધાભાસો આ પુસ્તકમાં ચર્ચવામાં આવ્યા છે.

દરેક પાત્રને પણ વોલ્ગાએ અલગ રીતે ચીતર્યાં છે. અમુક પાત્રો ધ્યાન ખેંચે તેવાં છે. કમલમ્મા (સાસુ)નું પાત્ર એકદમ નોખું છે. એમની પાસે દરેક પ્રશ્નને સમજવાની સ્વસ્થ દષ્ટિ છે. એક રીતે એમને પણ અરુણાની જેમ ઘર છોડવાની ફરજ પડી છે. એ વિધવા છે. પરંતુ કમલમ્મા નિરાશ નથી, અનુભવે એમને પુખ્તતા આપી છે. ઉમા એક સ્વતંત્ર વિચારોવાળી અને મહત્ત્વાકાંક્ષી છોકરી છે. એ એના જીવનમાં સ્પષ્ટ છે. પોતાને શું કરવું અને શું નથી કરવું એ એને ખબર છે. જ્યારે કેશવરાવ બહારની દુનિયા માટે અલગ અને ઘરમાં પત્ની સાથે એક જુદા પ્રકારના જ માણસ સાબિત થાય છે.

આ બધાં બહારનાં કામો અરુણાને આનંદ આપે છે જ્યારે પ્રકાશમને બેચેની. પ્રકાશમ અરુણાને ઘરમાં બાંધી રાખવા માગે છે જ્યારે અરુણા આકાશમાં ઊડવા તત્પર છે. આ વિરોધાભાસ અને પ્રકાશમની માનસિકતા અરુણાને ઘર છોડવા મજબૂર કરે છે. અરુણા ઉમા પાસે જઈ થોડા દિવસ રહે છે. ઉમા એને સમજાવે છે, એને જીવનમાં સ્પષ્ટ થવામાં મદદ કરે છે. ઉમા અરુણાને પૂછે છે કે તું શું કરવા માંગે છે? શું તું એકલી ઘર બાર છોડી નીકળી જઈશ અને સમાજ સુધારી દઈશ? ત્યારે અરુણા સરસ જવાબ આપે છે –

''આખો સમાજ હું સુધારી શકું એમ નથી, એ બહાનું કાઢીને મારાથી જે થઈ શકે એ પણ મારે નહીં કરવાનું? મને સમજાઈ ગયું છે કે આ કામ વિના હું જીવી નહીં શકું. આ કામથી હું મારા જીવનને સાર્થક બનાવવા માંગું છું. એનાથી મને સંતોષ મળે છે. હું મારા અસ્તિત્વને સાર્થક સમજું છું. આ ભાવના જ સ્વતંત્રતા છે ને? જો મારે માત્ર પોતાના માટે જ જીવવું હોય તો સ્વતંત્રતાની મને આવશ્યકતા નથી. મારી સ્વતંત્રતાનો કોઈ ઉદ્દેશ હોવો જોઈએ. એ ઉદ્દેશ શોધવો એ જ હવે મારું કામ છે.'' – અને અહીં અરુણાને ખરી સ્વતંત્રતાનો અર્થ સમજાય છે.

પોતાના સમય કરતાં વહેલી લખાયેલી આ નવલકથા વાચકને વિચારતા કરી દે છે. પુસ્તકનું શીર્ષક એકદમ યોગ્ય આપ્યું છે. સરળ વાર્તાના રૂપમાં સમાજની અને ખાસ કરીને સ્ત્રીઓની લગભગ બધી જ સમસ્યાઓ અહીં આવરી લેવાઈ છે. ગુજરાતીમાં અનુવાદ પણ સરસ થયો છે. આ માટે મીનલ દવેને અભિનંદન આપવાનું મન થાય. દરેક સ્ત્રીને જીવનમાં પોતાની સ્વતંત્રતાનો અર્થ સમજાય અને એ રીતે જીવન જીવી શકે એવી શુભેચ્છાઓ.




**– હીરલ સવાઈ**

**સ્વેચ્છા**

અરુણોદય પ્રકાશન, મૂળ તેલુગુ
– ગુજરાતી અનુવાદ : મીનલ દવે
પૃષ્ઠ – ૧૮૪
મૂલ્ય – ૨૬૦/-
Hiral Savai - ૯૧૬૪૭૨૮૫૬૪




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભારતમાં એંજીનીયર્ડ સ્ટોનનું ઉત્પાદન : સીલીકોસીસના જોખમ માટેનું નવું સરનામું

**અ**મેરિકાના કેલીફોર્નિઆ રાજ્યના વ્યાવસાયિક અને પર્યાવરણીય રોગોના તબીબોના મંડળે કેલીફોર્નિઆ ઓક્યુપેશનલ સેફ્ટી એન્ડ હેલ્થ સ્ટાંડર્ડ બોર્ડ સમક્ષ એક અરજી કરીને ૧%થી વધુ સીલીકા હોય તેવા એંજીનીયર્ડ સ્ટોનના ઉત્પાદન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગણી કરી છે.

આપણા દેશમાં છેલ્લાં થોડાં વર્ષોમાં સીલીકોસીસ અંગે જાગૃતિ વધી છે અને કેટલાંક રાજ્યોમાં પીડિતોને શોધવાનું કામ થાય છે અને તેમના અધિકારો અને કલ્યાણ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ ઊભી થઈ છે. તેને કારણે રાજ્યની નીતિ પર પ્રભાવ પડ્યો છે અને પીડિતોના કલ્યાણ માટે કેટલીક યોજનાઓ શરૂ થઈ છે. રાજસ્થાન, હરિયાણા, પ.બંગાળ, છત્તીસગઢ, ઝારખંડ જેવાં રાજ્યોએ પીડિતોના પુનઃવિકાસ માટે નીતિ ઘડીને અમલમાં પણ મૂકી છે.

ભારતમાં ખાણકામ, અકીક, પથ્થરની મૂર્તિ ઘડનારા, કાચનું ઉત્પાદન, ક્વાર્ટઝ પથ્થર દળવાના એકમો, સેંડ બ્લાસ્ટીંગનું કામ (અનેક વ્યવસાયોમાં આ પ્રક્રિયાનો ઉપયોગ થતો હોય છે જેમ કે એંજિનિયરીંગ એકમો જેમાં ફાઉંડ્રીમાં દાગીનાની સપાટીને સાફ કરવાનું કામ. ગ્લાસ ઇચીંગ જેમાં કાચ પર નામ લખવાનું કે ડિઝાઈન કરવી વગેરે. બગસરાનાં ઘરેણાં ઉત્પાદન, આ પ્રક્રિયામાં રેતીને ખૂબ દબાણપૂર્વક સપાટી પર ફેંકવામાં આવે છે અને તે દરમિયાન ઘણી ધૂળ ઊડે છે) વગેરે. કેંદ્ર સરકારના મજૂર મંત્રાલય હેઠળની સંસ્થાના જણાવ્યા મુજબ ૯૦થી વધુ વ્યવસાયોમાં મજૂરોને માથે સીલીકાના કણોના સંપર્કમાં આવવાનું જોખમ હોય છે. પરંતુ આ એંજીનીયર્ડ સ્ટોન વિશે ભારતમાં ન તો કોઈ જાગૃતિ છે, ન કોઈ માહિતી. આ એક ઈટાલીયન ટેકનોલોજી છે અને કહેવાય છે કે ભારતમાં પણ આવા કૃત્રિમ પથ્થરના ઉત્પાદન માટે કેટલાક એકમો સ્થપાયા છે. તે સંજોગોમાં આપણે પણ આવનારી આફત માટે તૈયાર થવું પડશે. અને એ વ્યવસાયમાં જોડાયેલા કામદારોનું રક્ષણ કરવું પડશે. જોકે રક્ષણ કરવામાં આપણે સમર્થ નથી એ હકીકત છે. આવા કેટલા એકમ છે, તે ક્યાં ક્યાં આવેલા છે, તેમાં કેટલા કામદારો રોકાયેલા છે અને તે પૈકી કેટલા સીલીકાના ભારે સંપર્કમાં આવે છે અને તે પૈકી કોઈ સીલીકોસિસનો ભોગ બન્યું છે કે કેમ તેની ચોક્કસ માહિતી એકઠી કરી શકીએ તો પણ ઘણું. આ માહિતી મળ્યા બાદ આગળ શું કરવું તે નક્કી કરી શકાય. હાલ તો આ લેખમાં આપણે 'ધ વેસ્ટર્ન ઓક્યુપેશનલ એંડ એન્વાયર્નમેન્ટ મેડીસીન એસોસીએશન' નામના અમેરિકાનાં સાત રાજ્યોના તબીબોની માંગણીઓ શી છે તે સમજીએ. આ સંસ્થામાં ૬૦૦ સભ્યો છે જે બધા જ ડૉક્ટર છે.

આ એંજીનીયર્ડ સ્ટોન (પથ્થર)ને કાપવા, ઘસવા, પોલિશ કરવા અને સાફ કરવાના કામમાં ઘણી ધૂળ ઊડતી હોય છે. ફેબ્રુઆરી '૨૩માં સરકારે આ તબીબોની માંગણી સ્વીકારી ધૂળ માટેનાં કટોકટીનાં હંગામી ધોરણો નક્કી કર્યાં અને ડિસેમ્બર ૨૪માં તે ધોરણો કાયમી કર્યાં. કાયદામાં એવા સુધારા કર્યા કે જ્યાં વધુ ધૂળ હોય ત્યાં પાણીનો ઉપયોગ અસરકારક રીતે કરવો જેથી ધૂળ બેસી જાય. સફાઈ માટે ઝાડુ મારવાને બદલે પોતું કરવું, વધુ ધૂળ ઊડે તેવાં કામો નિયંત્રિત જગ્યામાં કરવાં. આખો ચહેરો ઢંકાય અને ચહેરા પર બરાબર બંધબેસતા આવે તેવા ''પાવર્ડ એર પ્યોરીફાયર' (એક પ્રકારના માસ્ક) કામદારોને વિનામૂલ્યે આપવા અને ધૂળના સંપર્કમાં આવતા કામદારોને વિનામૂલ્યે તબીબી તપાસની સુવિધા આપવાની જોગવાઈ કરવામાં આવી. તબીબી તપાસમાં છાતીનો સીટી સ્કેન અને શ્વાસોચ્છશ્વાસના ટેસ્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કામદારોને તાલીમ આપવી, કાયદાભંગ માટે સજાની જોગવાઈ, સીલીકોસિસના દર્દીઓની માહિતી આપવી જેવા સુધારા કર્યા. આ બધા સુધારા છતાં તબીબોના મંડળને લાગે છે કે આ પૂરતું નથી કારણ, સીલીકાના કણ અત્યંત ઝેરી હોય છે. જો આ કામ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં નહીં આવે તો સીલીકોસિસ અટકાવી શકાશે નહીં એવું એમનું માનવું છે. તેમ કરવાથી આ કામદારોને રક્ષણ મળશે અને સલામત ઉત્પાદનો માટેનો માર્ગ મોકળો થશે. ઓસ્ટ્રેલીયામાં ત્યાંની સરકારે ૧ જુલાઈ ૨૦૨૪થી આ ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યા પછી હવે બજારમાં સલામત ઉત્પાદનો મળવાં શરૂ થયાં છે. હવે આ ઉત્પાદનોમાં ક્રીસ્ટલાઈન સીલીકા નહીં પણ એમોરફોસ સીલીકા વાપરવામાં આવે છે. ક્રીસ્ટલાઈન સીલીકાને કારણે સીલીકોસિસ થાય છે. એમોર્ફોસ સીલીકાને કારણે આ રોગ થતો નથી. આઇકીઆ નામની કંપનીએ આખા અમેરિકાના પોતાના બધા સ્ટોર્સમાંથી આ એંજીનીયર્ડ સ્ટોન વેચવાનું બંધ કરી દીધું છે.

ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં કેલીફોર્નિયા રાજ્યમાં સીલીકોસિસના ૪૪૭ દર્દીઓ નોંધાયા હતા અને ૨૫ મૃત્યુ પામ્યા હતા. આ પીડિતોની સરેરાશ ઉંમર ૪૮ હતી. એક અભ્યાસમાં જોવા મળ્યું કે આ વ્યવસાયમાં સરેરાશ ૧૯ વર્ષના સંપર્ક બાદ સીલીકોસીસ થાય છે પણ ૨૪ દર્દી એવા હતા જેમને ૧૦ વર્ષ કે તેથી ઓછા ગાળામાં સીલીકોસીસ થઈ ગયો. આ તબીબોનું એમ પણ કહેવું છે કે કુદરતી પથ્થર કરતાં આ એંજીનીયર્ડ સ્ટોન વધુ ઘાતક છે. આ પથ્થરમાં જે પોલીએસ્ટર રેસીન વાપરવામાં આવે છે તે ફેબ્રીકેશન પ્રક્રિયા દરમિયાન તૂટીને વોલેટાઈલ ઓર્ગેનિક કંપાઉન્ડમાં ફેરવાતો હોય તેમ બને. વળી, પથ્થરની રજ સાથે ધાતુના કણો પણ ભળતા હોય તો તેને કારણે ફેફસાંમાં સોજો આવી શકે. પ્રયોગશાળામાં એંજીનીયર્ડ સ્ટોનને કારણે સીલીકોસિસનો ભોગ બનેલા કામદારનાં ફેફસાંની તપાસ કરતાં જાણવા મળ્યું કે કુદરતી પથ્થરને મુકાબલે આ પથ્થરની રજના સંપર્કમાં આવતા માણસનાં ફેફસાંના કોષ વધુ જલદી નાશ પામે છે અને ફેફસાંમાં સોજો પણ વધુ આવે છે.

વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં કેલીફોર્નિયા રાજ્યના વ્યાવસાયિક સુરક્ષા અને સ્વાસ્થ્ય વિભાગનો અંદાજ હતો કે રાજ્યમાં આવા પથ્થરના ઉત્પાદન માટે અંદાજે ૮૦૦ જેટલાં કારખાનાં હશે અને તેમાં ૪૦૦૦ કામદારો હશે. આ ઉદ્યોગમાં કામ કરતા કામદારોમાં સીલીકોસિસનો વૈશ્વિક દર ૨૧% છે. ઓગસ્ટ ૨૦૨૫માં ૩૬૪ દર્દીઓ નોંધાયા હતા. ૧૭%ના દરે ૪૦૦ કામદારો પૈકી ૬૮૦ કામદારોને સીલીકોસિસ થવાનો અંદાજ હતો. તે પૈકી ૧૩૦નાં મૃત્યુ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થાય તેવો અંદાજ હતો. ઑગસ્ટ મહિનામાં કેલીફોર્નિયા સરકારે જાહેર કર્યું કે રાજ્યમાં ૯૨૦ કારખાનાંમાં ૪૬૦૦ કામદારો છે. આ સંજોગોમાં સીલીકોસીસના દર્દીઓ મળવાનું ચાલુ રહેશે. ૨૦૧૯માં જ્યારે કેલીફોર્નિયાનાં આ પથ્થરનાં કારખાનાઓના નિરીક્ષણનું કામ સરકારે શરૂ કર્યું ત્યારે ૫૦%થી વધુ કારખાનાઓમાં સીલીકાની રજનું પ્રમાણ માન્ય પ્રમાણ ૨૫ માઈક્રોગ્રામ/મી³ કરતાં વધુ હતું. તે જ રીતે અમેરિકામાં આ ઉદ્યોગના રાષ્ટ્રીય સ્તરે થયેલા અભ્યાસમાં જોવા મળ્યું કે ૪૩.૫% કારખાનાઓમાં સીલીકાનું પ્રમાણ માન્ય પ્રમાણ કરતાં ઘણું વધું હતું. નાનાં કારખાનાઓ માટે કામદારોના રક્ષણ માટે પગલાં લેવાનું અશક્ય હતું. એવી પરિસ્થિતિમાં કામદારો સતત આ જોખમી ધૂળના સંપર્કમાં રહેતા હતા. કેલીફોર્નિયા સરકારના મજૂર વિભાગે ૧૨૨ કારખાનાઓનું નિરીક્ષણ કરવાનું વિચારેલું તે પૈકી ૯૯માં નિરીક્ષણ થઈ શક્યું. તેમાંનાં ૯૩ કારખાનાં કાયદાનો ભંગ કરતાં માલૂમ પડ્યાં હતાં.

ભારતમાં આ પથ્થરનું ઉત્પાદન કરતા ૫૦-૬૦ એકમો હોવાનો અંદાજ છે. આ એકમો રાજસ્થાન, આંધ્ર અને તેલંગણા, ગુજરાત, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં આવેલા છે. આ એકમોમાં ૧૦થી ૧૫ હજાર કામદારો હોવાનો અંદાજ છે. આ કામદારો પૈકી કેટલાને સીલીકોસિસ છે તે આપણે જાણતા નથી. આ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ માટે આ નવો પડકાર છે.

મો.: ૯૪૨૬૪૮૬૮૫૫ **– જગદીશ પટેલ**

---

**‘ચિરંતન ગાંધીવિદ્યા કેન્દ્ર’ દ્વારા આયોજિત**

**પ્રકૃતિના ખોળે**

## બાળ આનંદ - ઘડતર શિબિર

૧૨ થી ૧૫ વર્ષનાં બાળકો માટે

**તા : ૧૩ મે, ૨૦૨૬ થી ૧૬ મે, ૨૦૨૬**

**માધ્યમ :** ગુજરાતી, **શિબિર નિ:શુલ્ક, આવવા જવાનું સ્વખર્ચે.**

**શિબિર સ્થળ :**

ગ્રામ સ્વરાજ સંઘ, સોનટેકરી, નીલપર, રાપર – કચ્છ.

**નજીકનું રેલવે સ્ટેશન :** સામખિયાળી, **નજીકનું નગર :** રાપર. રહેવાની સાદી – સમૂહગત વ્યવસ્થા : ગરમીના દિવસો હશે. એ.સી. વ્યવસ્થા નથી.

તમારા બાળકને સ્વાશ્રયી અને સામાજિક બનાવો.

**શું શીખીશું ?**

★ વિવિધ સર્જન પ્રવૃત્તિઓ ★ કચ્છ દર્શન (પ્રોજેક્ટ) ★ ખજાનાની શોધ (રમત) અને પ્રકૃતિભ્રમણ ★ હસ્તાક્ષર સુધાર ★ નાટક ★ ફિલ્મ દર્શન ★ બાળવાર્તા-ગીતો, હાથચાલાકીના પ્રયોગો ★ મેદાની રમતો ★ તરતાં શીખવું ★ યોગાસન ★ પ્રેરક વાર્તાલાપ ★ સફાઈ-શ્રમ ★ સમૂહ જીવન

શિબિરાર્થીએ પોતાની સાથે કપડાં, નોટ-પેન, ટોર્ચ, પાતળું ઓઢવાનું, આવશ્યક વસ્તુઓ, જરૂરી દવાઓ વગેરે સાથે લાવવાં, અને કિંમતી વસ્તુઓ સાથે ન લાવવી.

**શિબિર સંવાહકો**

★ નકુલભાઈ ભાવસાર ★ ગીતાબહેન જાગાણી ★ જ્હોનભાઈ અબ્બાસ ★ મુકેશભાઈ ગજ્જર ★ પૂજાબહેન ગોહિલ

**સંપર્ક – નોંધણી – વિશેષ વિગતો માટે :**

નકુલભાઈ ભાવસાર : ૯૮૨૫૦૧૪૦૭૪, જ્હોનભાઈ અબ્બાસ : ૬૩૫૧૬૨૬૦૯૬

---

**આત્માને જાણીએ...** (પાન ૦૩નું ચાલુ)

થયું તેને યાદ ન કર્યા કરો. अतीतानुसंधानम् । અને ભવિષ્યનો પણ વિચાર ન કરો. એનાથી મન પર બોજો રહેશે અને એનાથી આત્મ-સ્મૃતિમાં વિઘ્ન આવશે.

**આત્મોદ્ધાર**

પારમાર્થિક સાધનાનો મૂળ આધાર છે - उद्धरेत् आत्मना आत्मानम् - જાતે જ સ્વયં પોતાના આત્માનો ઉદ્ધાર કરીએ. नात्मानम् अवसादयेत् - એની અધોગતિ ન થવા દઈએ. સાધક ક્યારેય ખોટો ન હોઈ શકે. ગાફેલ ન રહે અને હિમ્મત ન હારે. જેવી રીતે અગ્નિની જ્વાળા નિરંતર ઊંચે ને ઊંચે ઉપર ઊઠતી હોય છે, તેવી જ સાધકની વૃત્તિ હોવી જોઈએ.

‘હું તો જડ છું, વહેવારુ છું, સાંસારિક જીવ છું’ - આવું કહીને પોતાની આસપાસ વાડ ન બાંધો. પરંતુ હંમેશાં આગળ વધતા રહેવાની, ઉપર ચઢતા રહેવાની હિંમત રાખો. તમે એટલી હિંમત દાખવો કે હું મારી જાતને ચોક્કસ ઉપર લઈ જઈશ. પોતાની કલ્પનાને વિશાલ બનાવો અને આ કલ્પનાનો અભિગમ પણ હંમેશાં ઊર્ધ્વમુખી રહેવો જોઈએ. સાધક પાસે વિશાળ કલ્પના હશે, આત્મવિશ્વાસ હશે, તો જ એ ટકી શકશે. એનાથી એનો ઉદ્ધાર થશે. જો તે ઉચ્ચ આકાંક્ષા નહીં રાખે, તો તે એક ડગલું પણ માંડી નહીં શકે. માટે જ મનુષ્યે આવો દૃઢ સંકલ્પ કરી લેવો જોઈએ કે ‘મારે સ્વયં પોતાનો ઉદ્ધાર કરવાનો છે. હું ચોક્કસ આગળ વધીશ. ઊંચી ઉડાન ભરીશ. હું આ શરીર જેવો છું તેવો જ નહીં રહું. પરંતુ પરમેશ્વર પાસે જવાની હિંમત સાથે પ્રયત્ન કરીશ.’

(ક્રમશ:) (સંકલિત)

---

**ધરતી કી બાની..** (પાન ૧૭નું ચાલુ)

એક જગ્યા ઊભી થાય કે જ્યાં મહિલાઓ સ્વતંત્ર રીતે પરસ્પર મળીને, પિતૃપ્રધાન વલણોથી મુક્ત, લદાયેલી પરંપરાઓથી અળગી થઈને પોતાની કળા, સંવેદના અને જીવન અનુભવોને ગીતોના માધ્યમથી અભિવ્યક્ત કરી શકે. આ જરૂરિયાત અને આ પ્રશ્નોમાંથી શરૂ થઈ ‘માળવા મહિલા કબીરયાત્રા.’ દર વર્ષે યોજાતી આ યાત્રાનું આ ચોથું વર્ષ હતું.

એનું ઉપનામ રસપ્રદ છે – ‘ધરતી કી બાની હેલિયોં કી જુબાની.’ (બાની અર્થાત્ વાણી, હેલિયોં અર્થાત્ સખી/બેન) જ્યાં બહેનો કબીર, મીરા, બુલ્લે શાહ, રવિદાસ, દાદુ, અમીર ખુસરો, નાનક, બહિણાબાઈ જેવા સૂફી અને ભક્તિ પરંપરાના સંતોનાં ભજનો તેમજ નિજી સંઘર્ષો, સમાજ અને સાંપ્રત સમય સાથે જોડાયેલાં ગીત-સંગીત પ્રસ્તુત કરે છે. ‘એકલવ્ય’માં તેને હૂંફાળો આવકાર છે અને સક્રિય સાથ મળે છે.

ઢેઢુકીથી આમાં સામેલ થવા ગયેલી બહેનોને વિવિધ સમાજના કેટલેક અંશે સમાન સ્વરૂપના લિંગભેદના વલણને સમજવાનો, તેને અતિક્રમવાના સંઘર્ષનો અને તેના પરિણામનો ખ્યાલ આવ્યો.

**–સોનલ ભટ્ટ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ખાન અબ્દુલ ગફ્ફારખાન (બાદશાહખાન) : અહિંસા, એકતા અને માનવતાનો જીવનપ્રવાસ

**ખાન** અબ્દુલ ગફ્ફારખાન, જેઓ પ્રેમથી બાદશાહખાન અને ફ્રન્ટિયર ગાંધી તરીકે ઓળખાતા હતા. ૨૦મી સદીની એવી વિરલ વ્યક્તિઓમાંના એક હતા જેમણે પોતાની આખી જિંદગી અહિંસા, માનવ-સેવા અને દેશની એકતા માટે અર્પણ કરી દીધી. ૬ ફેબ્રુઆરી ૧૮૯૦ના રોજ ઉત્માનઝાઈ (પેશાવર નજીક, તે સમયના બ્રિટિશ ભારત)માં જન્મેલા આ પઠાણ નેતાનું જીવન સતત સંઘર્ષ, ત્યાગ અને નૈતિક દ્રઢતાનો ઇતિહાસ છે.

## બાળપણ, યુવાની અને શિક્ષણનું સ્વપ્ન (૧૮૯૦-૧૯૧૦)

બાદશાહખાનનો જન્મ એક સમૃદ્ધ અને પ્રતિષ્ઠિત પઠાણ પરિવારમાં થયો હતો. તેમના પિતા બહેરામખાન જમીનદાર અને પોતાના સમુદાયના આગેવાન હતા. બાળપણમાં બાદશાહખાને બ્રિટિશ ભારતીય સેનામાં અધિકારી બનવાનું સપનું જોયેલું. અને 'ધ ગાઈડ્સ' કોર્પ્સમાં જોડાયા. પરંતુ ત્યાં એક પઠાણ સાથી પ્રત્યે થતો બ્રિટિશ જાતિવાદ જોઈને તેમણે કમિશન લેવાનો ઇન્કાર કર્યો. આ ઘટના તેમના જીવનમાં વળાંકરૂપ બની. તેમણે સમજી લીધું કે શાસન સેવા કરતાં સમાજસુધારાની વધુ જરૂર છે.

૧૯૧૦ પછી તેમણે પઠાણ સમાજમાં સુધારા માટે શિક્ષણને સાધન બનાવ્યું. તેમણે 'આઝાદ મદરેસા' નામે શાળાઓ શરૂ કરી અને મહિલા શિક્ષણનું ખુલ્લેઆમ સમર્થન કર્યું. ૧૯૩૨માં પોતાની નાની દીકરી મેહર તાજને ઇંગ્લેન્ડમાં ભણવા મોકલવી એ સમયની દૃષ્ટિએ એક ક્રાંતિકારી પગલું હતું.

## સ્વાતંત્ર્ય ચળવળમાં પ્રવેશ અને અહિંસાનો માર્ગ (૧૯૧૧-૧૯૨૬)

૧૯૧૧માં તેઓ તુરંગઝાઈના હાજી સાહેબ દ્વારા ઉપાડેલી સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાયા. ૧૯૧૫માં બ્રિટિશ સરકારે તેમની શાળા બંધ કરી દીધી. પ્રથમ વિશ્વયુદ્ધ પછી, રોલેટ એક્ટના વિરોધમાં ૬ એપ્રિલ ૧૯૧૯ના રોજ ઉત્માનઝાઈમાં સભા બોલાવવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી. જેલવાસ દરમિયાન તેમણે બાઇબલ, ગીતા અને ગુરુ ગ્રંથ સાહિબ વાંચ્યા, જેના કારણે તેમના મનમાં આંતરધાર્મિક સદ્ભાવ અને માનવતાનો વિચાર વધુ મજબૂત થયો. આ સમયગાળા દરમિયાન તેઓ અહિંસાને માત્ર રાજકીય નીતિ નહીં, પરંતુ આધ્યાત્મિક માર્ગ તરીકે સ્વીકારવા લાગ્યા. તેઓ માનતા હતા કે ઇસ્લામનો સાચો અર્થ અન્યાય સામે અહિંસક સંઘર્ષ અને માનવસેવા છે.

## ખુદાઈ ખિદમતગાર અને ગાંધીજી

૧૯૨૬-૨૯ દરમિયાન બાદશાહખાને ખુદાઈ ખિદમતગાર (ઈશ્વરના સેવકો) આંદોલનની સ્થાપના કરી. લાલ શર્ટ પહેરતા આ સ્વયંસેવકો હથિયાર વગર અહિંસક આંદોલન ચલાવતા. થોડા જ સમયમાં આ આંદોલનમાં એક લાખથી વધુ લોકો જોડાયા. આ કારણે બ્રિટિશ શાસન તેમને ખતરનાક માનવા લાગ્યું.

૧૯૨૯ના લખનૌ કોંગ્રેસ અધિવેશનમાં તેમની મુલાકાત મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરુ સાથે થઈ. ગાંધી સાથે તેમનો સંબંધ સમવિચારી હોવાને લીધે ખૂબ નજીકનો અને આત્મીય બની ગયો. અહિંસા અંગે તેમણે કહ્યું હતું કે, ''અહિંસા કોઈ નવો સંપ્રદાય નથી; ચૌદસો વર્ષ પહેલાં પયગંબર સાહેબે પણ તેનો અમલ કર્યો હતો.''

૧૯૩૦માં મીઠા સત્યાગ્રહ દરમિયાન તેમની ધરપકડ થઈ. પેશાવરના કિસ્સાખ્વાની બજારમાં બ્રિટિશ સેનાએ નિશસ્ત્ર ભીડ પર ગોળીબાર કર્યો, જેમાં સેંકડો લોકો માર્યા ગયા. આ ઘટના અહિંસાની શક્તિનું જીવતું ઉદાહરણ બની રહી. ૧૯૩૧માં કોંગ્રેસે તેમને અધ્યક્ષ બનવાની ઓફર કરી, પરંતુ તેમણે નમ્રતાથી ઇન્કાર કર્યો. તેઓ કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય રહ્યા, જોકે ૧૯૩૯માં યુદ્ધની નીતિ અંગે મતભેદને કારણે રાજીનામું આપ્યું અને પછી નીતિ બદલાતાં ફરી જોડાયા.

## જેલવાસ, ત્યાગ અને સ્વાસ્થ્ય પર અસર (૧૯૩૦-૧૯૪૬)

સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન બાદશાહખાને લાંબા જેલવાસ સહન કર્યા. ૧૯૩૪-૩૫માં મુંબઈ અને સાબરમતી જેલમાં તેમનું વજન સતત ઘટતું રહ્યું. બ્રિટિશ અધિકારીઓને પણ તેમની તબિયત અંગે ચિંતા હતી. ખૂબીની વાત એ હતી કે જ્યાં પણ તેમને ખસેડવામાં આવતા, ત્યાં તેઓ અન્ય લોકો માટે પ્રેરણારૂપ બની રહેતા. આ સમયગાળામાં તેઓ ગરીબો, દલિતો અને સફાઈ કામદારો સાથે ખાસ જોડાયા. સિમલા કોન્ફરન્સ (૧૯૪૬) દરમિયાન તેમણે સફાઈ કામદારોની દુર્દશાની વિગતો ગાંધીજી સુધી પહોંચાડી.

## વિભાજનનો વિરોધ અને બન્નુ ઠરાવ (૧૯૪૭)

બાદશાહખાન ભારત-પાકિસ્તાન વિભાજનના સૌથી કડક વિરોધીઓમાંના એક હતા. કોંગ્રેસે ખુદાઈ ખિદમતગારોની સલાહ લીધા વિના વિભાજન સ્વીકાર્યું ત્યારે તેમણે દુઃખ સાથે કહ્યું : ''તમે અમને વરુઓને હવાલે સોંપી દીધા.'' ૧૯૪૭માં તેમણે બન્નુ ઠરાવ રજૂ કર્યો, જેમાં પઠાણ વિસ્તારોને પાકિસ્તાનમાં જોડવાને બદલે સ્વતંત્ર પઠાણિસ્તાન બનાવવાની માંગ કરી, પરંતુ બ્રિટિશ સરકારે તેને નકારી કાઢી.

## પાકિસ્તાનમાં એકલતા, જેલ અને નિર્વાસન (૧૯૪૮-૧૯૮૮)

આઝાદી પછી તેમણે પાકિસ્તાન પ્રત્યે વફાદારી જાહેર કરી, છતાં ત્યાંની સરકાર દ્વારા ૧૯૪૮ થી ૧૯૫૪ અને ફરી ૧૯૬૦-૭૦ના દાયકામાં વારંવાર જેલ અને દેશનિકાલનો સામનો કરવો પડ્યો. ''વન યુનિટ યોજના''ના વિરોધ બદલ પણ તેમની ધરપકડ થઈ. ગાંધી જન્મ શતાબ્દી દરમિયાન તેઓ ભારત પ્રવાસે આવ્યા અને તેમણે નિરાશાભર્યા શબ્દોમાં કહ્યું : ''તમે ગાંધીને ભૂલી ગયા, જેમ તમે બુદ્ધને ભૂલ્યા.'' આ શબ્દો તેમના અંતરના દુઃખ અને સમયની પરિસ્થિતિ પ્રત્યેની ચિંતા વ્યક્ત કરતા હતા. ૨૦ જાન્યુઆરી, ૧૯૮૮ના રોજ, પેશાવરમાં નજરકેદ દરમિયાન તેમનું અવસાન થયું. તેમની ઇચ્છા મુજબ તેમને અફઘાનિસ્તાનના જલાલાબાદમાં દફનાવવામાં આવ્યા.

ખાન અબ્દુલ ગફ્ફારખાનનું જીવન અહિંસા, સાદગી, ત્યાગ

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## સમાન નાગરિક સંહિતા ઘડવા માટેનો સમય

દેશની સર્વોચ્ચ અદાલતે ફરી એક વખત સમાન નાગરિક સંહિતા ઘડવા માટેનો સમય પાકી ગયેલ હોવાનું કેન્દ્ર સરકારને સૂચન/ટકોર કરેલ છે. આ અગાઉ છેક ૧૯૮૫માં શાહબાનૂ કેસ તેમજ સરલા મુદ્ગલ (૧૯૯૫)માં પણ સરકારને આ સૂચન કરેલ હતું. ત્યારબાદ ૨૦૦૧માં પણ કોઈ કેસમાં સર્વોચ્ચ અદાલતે આ વલણ પ્રગટ કરેલ છે.

કદાચ કેટલાકને જ ખ્યાલ હશે કે સમાન નાગરિક સંહિતાની બાબત બંધારણ સભાએ મૂળભૂત અધિકાર તરીકે મુસદ્દામાં દાખલ કરેલ. પરંતુ બંધારણ સભાએ કરેલ ચર્ચા દરમ્યાન એમ નક્કી થયું કે હાલે દેશ પાસે મૂળભૂત અધિકારોના અમલ માટેનાં સાધનો ટાંચાં હોવાથી હાલ પૂરતા સમય માટે તેને મૂળભૂત અધિકાર તરીકે મુલતવી રાખીએ અને તેને મૂળભૂત અધિકારના પ્રકરણમાંથી ખસેડીને અનુચ્છેદ ૪૪માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે સ્થાન આપેલ છે. અનુચ્છેદ ૪૪ જણાવે છે ''ભારતના સમગ્ર પ્રદેશમાં નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા ઘડવા રાજ્ય પ્રયત્ન કરશે.'' સર્વોચ્ચ અદાલતે પોતાની મર્યાદામાં રહી કહ્યું છે કે આ બાબત સંસદના કાર્યક્ષેત્રની હોવાથી તે ફરમાન કરી શકે નહીં. વળી એક વર્ગની દલીલ એવી છે કે અનુચ્છેદ ૪૪નું સ્થાન માર્ગદર્શક સિદ્ધાંતોમાં હોવાથી તે બંધનકર્તા નથી. બહુ શરૂઆતથી આ રાજકીય મુદ્દો બની ગયો છે. પરંતુ આપણે માત્ર બંધારણના પરિપ્રેક્ષ્યમાં આ મુદ્દાને તપાસીએ.

બંધારણ પરિશિષ્ટ ૭ યાદી ૩ની નોંધ (એન્ટ્રી) પ્રમાણે અંગત કે વૈયક્તિક કાયદાની બાબદો જેમ કે લગ્ન, લગ્નવિચ્છેદ, સગીરો, દત્તકવિધાન, વસિયત, અવસિયત વારસાધિકાર, વગેરેમાં કાયદો ઘડવાની રાજ્યની ફરજ છે. ઉપરાંત, અનુચ્છેદ ૩૭માં જણાવાયું છે કે માર્ગદર્શક સિદ્ધાંતો ભલે બિનન્યાયક્ષમ રહ્યા, પરંતુ આ સિદ્ધાંતો રાષ્ટ્રના સંચાલનમાં મૂળભૂત છે. એટલે કાયદા ઘડતી વખતે આ સિદ્ધાંતો લાગુ કરવાની રાજ્યની ફરજ છે. બંધારણ ઘડતર સમયે સમાન નાગરિક સંહિતા ઘડવા માટેના સંજોગો યોગ્ય ન હતા. પરંતુ સર્વોચ્ચ અદાલતે અગાઉના તેમ જ હમણાં જ જાહેર હિત અરજીના એક કેસમાં કરેલ સૂચન મુજબ આ સંહિતા ઘડવા માટેનો સમય ૪૦ વર્ષ અગાઉ પાકી ગયો છે.

યુનો મહાસભાએ નાગરિક અને રાજકીય અધિકારો પર ઘડેલ ખતપત્ર (૧૯૬૬)ના અનુચ્છેદ ૨૩(૪)માં જણાવ્યા પ્રમાણે ખતપત્રના પક્ષકાર રાજ્યોએ પતિ-પત્નીના લગ્નજીવન દરમ્યાન, લગ્ન અને લગ્ન વિચ્છેદ વિશે સમાન અધિકારો વિશે પગલાં લેવાની ફરજ છે. ભારત આ ખતપત્રના રાજ્ય પક્ષકાર છે. આમ સમાન નાગરિક ધારો ઘડવાની આપણી બંધારણીય ફરજ જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રિય ફરજ પણ બને છે.

સર્વોચ્ચ અદાલત સમક્ષના વર્તમાન કેસમાં શરિયત ધારાની કેટલીક જોગવાઈઓ ગેરબંધારણીય હોવાની રજૂઆત સાથે પડકારવામાં આવી છે. દેશમાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી એમ દરેક કોમના લગ્ન, લગ્નવિષયક, વસિયતી, અવસિયતી વારસાધિકાર બાબતે અલગ અલગ કાયદાઓ પ્રવર્તમાન છે. તેમાં કેટલીક જોગવાઈઓથી ખાસ કરીને મહિલાઓના બંધારણીય કે માનવ અધિકારોના સતત થઈ રહેલા ભંગને રોકવા સમાન નાગરિક સંહિતા ઘડવાનો સમય પાકી ગયો છે.

એક બાબતનો ઉલ્લેખ કરી લઈએ કે હાલમાં કેટલાંક રાજ્યો પોતાના રાજ્ય માટે સમાન નાગરિક સંહિતા ઘડવાની કવાયત કરી રહ્યાં છે. ઉત્તરાંચલ રાજ્યમાં તો આ સંહિતાનો અમલ પણ થઈ ચૂક્યો છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે અનુચ્છેદ ૪૪માં ભારતના સમગ્ર પ્રદેશ માટે સમાન નાગરિક સંહિતા ઘડવાની જોગવાઈ છે. કારણ કે હાલના પ્રવર્તમાન દરેક કોમદીઠ અંગત કાયદાઓ સમગ્ર દેશને લાગુ પડી રહ્યા છે. જો દરેક રાજ્ય અલગ અલગ સમાન નાગરિક સંહિતા ઘડે તો સંભવ છે કે અન્ય રાજ્યની સમાન નાગરિક સંહિતાની જોગવાઈ સાથે તેનો તાલમેલ નહીં થાય. હાલમાં ઉત્તરાંચલ રાજ્યની સમાન નાગરિક સંહિતાની કેટલીક જોગવાઈઓ ગેરબંધારણીય હોવાની રજૂઆત સાથે પડકારવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં આ હેતુ માટે રચાયેલ જસ્ટીસ (નિવૃત્ત) રંજના દેસાઈ સમિતિએ પોતાનો અહેવાલ રાજ્ય સરકારને બે માસ અગાઉ સુપરત કરેલ છે. હજુ સુધી ગુજરાત સરકારે તે જાહેર કરવાનો બાકી છે. સંભવ છે કે ગુજરાત રાજ્યમાં આ સંહિતા ઘડાય ત્યારે તેની કેટલીક જોગવાઈ અન્ય રાજ્યની સંહિતા સાથે ઘર્ષણમાં હોય. તેનાથી અદાલતો પરનો બોજ પણ વધશે.

એટલે ઉત્તમ માર્ગ એ છે કે સંસદે દેશના નાગરિકોના બંધારણીય હક્કોના રક્ષણાર્થે સમગ્ર દેશ માટે સમાન નાગરિક સંહિતા ઘડવી જોઈએ અને અનુચ્છેદ ૪૪માં પણ રાજ્યને આ આદેશ જ અપાયેલ છે.

**– પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ**

**ખાન અબ્દુલ ગફ્ફારખાન...** (પાન ૨૨નું ચાલુ)

અને માનવતાનું જીવંત પ્રતીક હતું. તેઓ માત્ર પઠાણોના નેતા જ નહીં, પરંતુ સમગ્ર માનવજાત માટે શાંતિ અને એકતાનો સંદેશ આપનાર મહાન આત્મા હતા. આજે, જ્યારે ધાર્મિક કટ્ટરવાદ અને વિભાજન ફરી માથું ઊંચકે છે, ત્યારે બાદશાહખાનનું જીવન અને વિચારો આપણને યાદ અપાવે છે કે સાચી શક્તિ હિંસામાં નહીં, પરંતુ અહિંસા અને માનવતામાં છે.

**સંકલન : હિદાયત પરમાર**

ભૂમિપુત્ર
હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં. મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૩૦૦
આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 01-05-2026 R.N.I. No. 1683/57

# ધ્યેય

**ના**રાયણરાવ વર્ષોથી 'અંધશ્રદ્ધા નિર્મૂલન'નું કામ કરતા. એ જ એમનું ધ્યેય હતું - સમાજમાંથી અંધશ્રદ્ધા દૂર કરવી. નિવૃત્ત થયા પછી આ કામ માટે એ ગામેગામ સભાઓ કરતા, પ્રયોગો કરીને લોકોને સમજાવતા, તો વળી ક્યારેક આ વિષયને લગતી ફિલ્મો બતાવતા. બે દિવસ પહેલાં જ એમણે નજીકના ગામમાં ભરેલી સભાને બહુ ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. છાપામાં આવેલા એ સમાચાર વાંચવામાં એ એવા તો મગ્ન બની ગયા હતા કે પત્ની ક્યારે આવીને બાજુમાં બેસી ગઈ એનું એમને ધ્યાન પણ નહોતું. કંઈક વ્યંગમાં પાર્વતીએ પૂછ્યું, ''આ છાપું વાંચવાનું ક્યારે પૂરું થશે?'' ''હં? એ તો કાલની સભાના સમાચાર...''

''મને ખબર છે, પણ એની બાજુમાં બીજા સમાચાર આવ્યા છે એની પર તમારી નજર નથી ગઈ? લગ્નલાયક ઉંમરની થયેલી ત્રણ બહેનપણીઓએ એક જ ઝાડ પર લટકીને આત્મહત્યા કરી લીધી કેમ કે, એમનાં લગ્ન નહોતાં થતાં. આવું બધું વાંચું છું ત્યારે મને અનુની બાબતમાં બહુ ચિંતા થાય છે.''

''અરે, એમાં ચિંતા શું કરવાની? આપણી અનુ તો કેટલી હોશિયાર છે? એનાં લગ્નમાં...''

''શું મુશ્કેલી છે એ તો તમે જાણો જ છો. તમે જ સત્યવાદી બનીને સામેથી છોકરાવાળાને કહેવા જાવ છો કે, એના સાથળમાં સફેદ ડાઘ છે. બસ, વાત ત્યાં જ પૂરી થઈ જાય છે.'' સાડીના છેડાથી આંખ લૂછતાં પાર્વતી બોલી. ''સાચી વાત કહેવી તો જોઈએ જ ને? લગ્ન થયા પછી ખબર પડે ને એના લગ્નજીવનમાં તિરાડ પડે એના કરતાં તો...''

નારાયણરાવ એની વાત નહીં માને એમ સમજીને પાર્વતી બોલતી નહોતી પણ પછી હિંમત કરીને બોલી, ''બાજુવાળી સીતા કાલે આવી હતી એ કહેતી હતી કે, યેલ્લમ્માની બાધા રાખો તો ચામડીનાં દરદ સો ટકા મટી જાય છે.''

''કોણ યેલ્લમ્મા?''

''તમે તો સાવ નાસ્તિક છો. તમને એ ચમત્કારિક દેવી વિશે કંઈ ખબર નથી. અહીંથી પાંચ કિલોમીટર દૂર એનું મંદિર છે. સીતા અનુને દર મંગળવારે ત્યાં લઈ જવા તૈયાર છે. હા, દર વખતે એને ૧૦૧ રૂપિયા અને ગાડીભાડું આપવાનું. યેલ્લમ્માને સિંદૂર ચઢાવવાનું અને ભંડારમાં આપણી શ્રદ્ધા પ્રમાણે ભેટ મૂકવાની.'' પોતાના જ ઘરમાં આવા ધતિંગની વાત સાંભળીને નારાયણરાવને ગુસ્સો તો આવ્યો પણ એમણે હસીને પૂછ્યું, ''આવો ખેલ ક્યાં સુધી કરવાનો?''

''દેવીની મજાક કરો છો તે તમને દોષ લાગશે, પણ બધા કહે છે કે, બે વરસ આ રીતે કરવાથી ભલભલા રોગ દૂર થઈ જાય છે.''

છણકો કરીને જતી પત્નીને નારાયણરાવ જોઈ રહ્યા. એ રાત્રે ટી. વી. પર એક સમાચાર જોતાં જાણે એમના શ્વાસ થંભી ગયા. એક ૩૦ વર્ષની યુવતીએ એ કારણસર આત્મહત્યા કરી લીધી હતી કે, આટલી ઉંમર સુધી એનાં લગ્ન ન થયા હોવાને કારણે એનાં મા-બાપને લોકોનું સાંભળવું પડતું હતું એ એનાથી સહન નહોતું થતું. મરનાર યુવતીનો બાપ રડતાં રડતાં કહી રહ્યો હતો કે, 'અમે કદી સ્વપ્ને પણ નહોતું વિચાર્યું કે, અમારી ભણેલી-ગણેલી, નોકરી કરતી દીકરી આ રીતે જીવ આપી દેશે. એણે તો અમારું જીવવાનું હરામ કરી દીધું.'

નારાયણરાવને એ બાપમાં પોતાનો ચહેરો દેખાવા લાગ્યો. એમણે મનોમન નિર્ણય કર્યો કે, કાલે જ આ વિષયમાં અનુની મરજી જાણીને એને જે કરવું હશે એ કરવા દેશે. એની પર પોતાના વિચારો થોપશે નહીં. સવારે અનુ ચા લઈને આવી ત્યારે એમણે એને પોતાની બાજુમાં બેસાડી.

''બેસ બેટા. તેં ગઈકાલે રાત્રે એક દીકરીએ આપઘાત કરી લીધો એ ન્યૂઝ જોયા હતા?'' અનુએ 'હા'માં ડોકું ધુણાવ્યું. ''તને શું લાગે છે, આને ગાંડપણ ન કહેવાય?''

''પપ્પા, આપણે તો બહુ સહેલાઈથી એને ગાંડપણ કહી દઈએ, પણ એના મનની પીડા, એનું દુઃખ સમજવાની કોશિશ કરીએ તો આપણને સમજાય કે, જીવ કાઢી નાખતા પહેલાં એણે કેટલી મનોયાતના ભોગવી હશે?''

''તો શું એણે પોતાનાં મા-બાપ, સગાં-સ્નેહી કોઈનો વિચાર નહીં કરવાનો?''

''મને લાગે છે કે, એ એક ક્ષણ એવી આવતી હશે કે, વ્યક્તિનો પોતાના વિચારો પર કાબૂ નહીં રહેતો હોય. બાકી જીવ કાઢવો કંઈ સહેલી વાત થોડી છે? કોઈ રસ્તો નહીં દેખાતો હોય ત્યારે જ ને?''

એની વાત સાંભળીને ને એના વિચારો જાણીને નારાયણરાવનો ગભરાટ વધી ગયો. સીધા મુદ્દા પર આવતાં એમણે કહ્યું, ''તારી મા કાલે કોઈ યેલ્લમ્માની વાત કરતી હતી એ વિશે તને ખબર છે?''

''હા, મારી મિત્ર સુરભી પણ કહેતી હતી કે, દેવીની બાધા રાખવાથી કેટલાયના રોગ મટ્યા છે. મને પણ બાધા રાખવાનો વિચાર તો આવ્યો પણ પછી થયું કે, એ બધું તમારા સિદ્ધાંતની વિરુદ્ધ છે. તમે કોઈ કાળે હા નહીં પાડો. ખરું ને પપ્પા?''

''ના, મારા વિચારો અને સિદ્ધાંતો હું તમારી પર લાદવા નથી માગતો. દરેકના જીવનના ધ્યેય અલગ અલગ હોઈ શકે છે. તને અને તારી માને જે યોગ્ય લાગે એ કરજો. મારી સંમતિની રાહ જોવાની જરૂર નથી.'' ચાનો ખાલી કપ હાથમાં લેતાં અનુ હસી પડી.

''મને ખબર છે પપ્પા, કે કાલે ન્યૂઝ સાંભળ્યા ત્યારથી તમે કેટલા બેચેન છો. ચિંતા ન કરશો. તમારી આ દીકરી એવી કાચી-પોચી નથી કે, નજીવા કારણસર જીવ આપી દે! ને પપ્પા, તમે અને મમ્મી બંને રાજી રહો એવા એક સમાચાર મારે આપવા છે એ માટે મમ્મીને બોલાવી લાવું.''

બંનેને સોફા પર બેસાડીને અનુએ કહ્યું, મમ્મી, આપણે બાધા પણ નહીં લેવી પડે અને પપ્પા, તમારા 'અંધશ્રદ્ધા નિર્મૂલન'નો પણ ભંગ નહીં થાય. મારી સાથે ઑફિસમાં કામ કરતો સિદ્ધાર્થ બધી વાત જાણ્યા પછી હસી પડ્યો અને કહેવા લાગ્યો,

''હું તો આખેઆખી તને ચાહું છું. એમાં તારા સફેદ ડાઘ કે કાળા ડાઘ જે કંઈ હશે એ બધું પણ આવી ગયું. હવે મમ્મી-પપ્પાને પૂછીને કહેજે કે, અમારે તમારે ઘરે કન્યા જોવા ક્યારે આવવાનું છે?''

અનુની વાત પૂરી થતાંની સાથે આખા ઘરમાં ખુશીની લહેર દોડી ગઈ.

(શશાંક સીતારામની તમિલ વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org